CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૪ | બુધવાર તા.૩૦-૦૯-૨૦૨૬ | અંક : ૨૩૧ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

# ૩૦૦૦ કરોડના ડ્રગ્સ સાથે ૫ પાકિસ્તાની પકડાયા!

## અરબ સાગરમાં ગુજરાત ATS અને કોસ્ટ ગાર્ડનું મોટું ઓપરેશન, આરોપીઓને મુંબઈ ખસેડાયા, ATS, NCB અને કેન્દ્રીય તપાસ એજન્સી સંયુક્ત પૂછપરછ કરશે

અમદાવાદ,

ગુજરાત ATS અને ICG એ અરબ સાગરમાં રૂ.૩૦૦૦ કરોડના ડ્રગ્સનો સૌથી મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. લક્ષદ્વીપ નજીક ઈરાની બોટમાંથી ૫૨૬ કિલો હેરોઈન-મેથમફેટામાઈન સાથે ૫ પાકિસ્તાનીઓની ધરપકડ કરાઈ. ગુપ્ત બાતમી આધારે 'હોટ પર્સ્યુટ' કરી બોટને આંતરી, ડ્રગ્સ મુંબઈ લવાયું છે. હવે ATS સહિતની એજન્સીઓ પાકિસ્તાનીઓની પૂછપરછ કરશે.

ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ અને ભારતીય તટરક્ષક દળએ અરબ સાગરમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ તસ્કર સિન્ડિકેટ સામે અત્યાર સુધીનું સૌથી મોટું સફળ ઓપરેશન પાર પાડ્યું છે. લક્ષદ્વીપના પશ્ચિમે મધ્ય સમુદ્રમાં એક શંકાસ્પદ ઈરાની બોટને આંતરીને ૫૨૬ કિલો હાઈ ગ્રેડ નશીલા પદાર્થો નો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત રૂપિયા ૩૦૦૦ કરોડથી વધુ આંકવામાં આવી છે. આ સપાટા દરમિયાન બોટ પર સવાર ૫ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરી લેવામાં આવી છે.



ગુજરાત ATS ને ગુપ્ત બાતમી મળી હતી કે, દરિયાઈ માર્ગે કરોડો રૂપિયાનું ડ્રગ્સ ભારત કે આસપાસના વિસ્તારોમાં ઘૂસાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ બાતમીના આધારે કોસ્ટ ગાર્ડે દરિયામાં જહાજો અને હવામાં સર્વેલન્સ વિમાનો દ્વારા સઘન મોનિટરિંગ શરૂ કર્યું હતું. ૨૫ સપ્ટેમ્બરે અરેબિયન સીમાં શંકાસ્પદ ઈરાની બોટ નજરે પડતાં જ કોસ્ટ ગાર્ડના જહાજે તેનો પીછો ('હોટ પર્સ્યુટ') કર્યો હતો. દરિયાની વચ્ચે જ બોટને ઘેરી લેવામાં આવી હતી અને કમાન્ડોએ બોટ પર ચડીને તલાશી લેતાં કોથળાઓમાં છુપાવેલું પ્યોર હેરોઈન અને મેથમફેટામાઈન મળી આવ્યું હતું.

પકડાયેલા પાકિસ્તાની તસ્કરો, ઈરાની બોટ અને ૩૦૦૦ કરોડના ડ્રગ્સના જથ્થાને કોસ્ટ ગાર્ડ દ્વારા સુરક્ષિત રીતે મુંબઈ બંદરે લાવવામાં આવ્યા છે. હવે ત્યાં ગુજરાત ATS, કોસ્ટ ગાર્ડ, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને અન્ય કેન્દ્રીય તપાસ એજન્સીઓ દ્વારા આ પાકિસ્તાની નાગરિકોની કડક પૂછપરછ કરવામાં આવશે.

## તીરંદાજીમાં ચીનને હરાવી મહિલાઓએ જીત્યો ગોલ્ડ

નવીદિલ્હી,

એશિયન ગેમ્સ ૨૦૨૬ ના ૧૧મા દિવસે ભારતીય મહિલા કમ્પાઉન્ડ તીરંદાજી ટીમે અદ્ભુત પ્રદર્શન કરીને સમગ્ર દેશનું માથું ગર્વથી ઊંચું કરી દીધું છે. ફાઈનલના રોમાંચક જંગમાં ચીનની ટીમને હાર આપીને ભારતે ગોલ્ડ મેડલ પર કબ્જો જમાવ્યો છે. આ સાથે જ ચાલુ એશિયન ગેમ્સમાં ભારતની ઝોળીમાં સાતમો સુવર્ણચંદ્રક આવી ગયો છે.

ખિતાબી મુકાબલાની શરૂઆતથી જ ભારતીય મહિલા ખેલાડીઓએ ચીન પર દબાણ બનાવી દીધું હતું. પહેલા જ રાઉન્ડમાં ભારતની ત્રણેય તીરંદાજોએ અચૂક નિશાન સાધીને ૧૦-૧૦ ના પરફેક્ટ શૉટ્સ ફટકાર્યા હતા.ચીને ફાઈનલ રાઉન્ડમાં ૧૦ ના સ્કોરથી શરૂઆત કરી હતી, પરંતુ ત્યારબાદ બે વાર ૯ નો સ્કોર થતાં તેઓ પાછળ




ફેંકાઈ ગયા હતા. ભારતીય ટીમે સતત ત્રણ વાર પરફેક્ટ ૧૦ નો સ્કોર કરીને જીત નક્કી કરી હતી. અંતિમ ક્ષણોમાં પણ સતત ત્રણ વાર પરફેક્ટ ૧૦ નો સ્કોર સાધીને ભારતીય મહિલા ટીમે વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી હતી અને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો હતો.

## ચૂંટણી પંચે ફોર્મ-૬ માંથી SIRની જોગવાઈ હટાવી દીધી,અડધી રાતે કર્યો મોટો ફેરફાર

### નિર્વાચક રજીસ્ટ્રીકરણ નિયમ, ૧૯૬૦' મુજબના સામાન્ય ફોર્મનો જ ઉપયોગ થશે

નવીદિલ્હી,

ચૂંટણી પંચ દ્વારા જે રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે, ત્યાં ECINET પૉર્ટલ પર ફૉર્મ ૬માંથી વધારાનું SIR ઘોષણા પત્ર હટાવી લેવામાં આવ્યું છે. આ પગલાથી નાગરિકો માટે અરજી પ્રક્રિયા સરળ બનશે.

નવી વૉટર આઈડી બનાવવા કે વૉટર લિસ્ટમાં નામ જોડવા માટે ફોર્મ ૬ ભરવામાં આવે છે. તાજેતરમાં ECINET પૉર્ટલ પર આ ફોર્મ સાથે SIRથી જોડાયેલું એક વધારાનું ઘોષણા પત્ર દેખાવા લાગ્યું હતું, જેને લઈને વિવાદ થયો હતો. આ બાબતને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે ૨૬ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવેલી જાહેરાતના ચાર દિવસ બાદ, જે રાજ્યોમાં SIR પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે ત્યાં ECINET પૉર્ટલ પરથી આ વધારાનું ઘોષણા પત્ર હટાવી દીધું છે.

જ્યારે કોઈ વ્યક્તિ પહેલી વાર મતદાતા બને છે ત્યારે તેનું નામ વૉટર લિસ્ટમાં જોડવા માટે ફોર્મ ૬ ભરવું પડે છે, જે એક નિર્ધારિત કાનૂની ફોર્મ છે. બીજી બાજુ, SIR દરમિયાન વૉટર લિસ્ટની ચકાસણી માટે ફોર્મ ૬ સાથે વધારાનું ઘોષણા પત્ર જોડવામાં આવ્યું હતું. આ ઘોષણામાં નવા અરજદારે જૂના વૉટર રેકોર્ડ અંગે માહિતી આપવાની રહેતી હતી.

## કાશ્મીરના બડગામમાં પાકિસ્તાની લશ્કર કમાંડર મૂસા ઠાર

### ભારતીય સુરક્ષાદળોને કોરાગ વિસ્તારમાં આતંકીઓની ગતિવિધિની ગુપ્ત માહિતી મળી હતી

શ્રીનગર:

જમ્મુ-કાશ્મીરના બડગામમાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં એક આતંકી માર્યો ગયો છે. ઠાર મરાયેલા આતંકીની ઓળખ પાકિસ્તાની લશ્કર કમાન્ડર મૂસા તરીકે થઈ છે. સુરક્ષાદળોને આ વિસ્તારમાં આતંકીઓની હાજરીની ગુપ્ત માહિતી મળી હતી, જેના પછી સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ અને CRPFએ સંયુક્ત શોધખોળ અભિયાન શરૂ કર્યું. અથડામણમાં એક આતંકીના માર્યા ગયા પછી પણ ઓપરેશન ચાલુ છે.આ અથડામણ મધ્ય કાશ્મીરના બડગામ જિલ્લાના યુસમર્ગ વિસ્તારમાં થઈ હતી. સુરક્ષાદળોને કોરાગ વિસ્તારમાં આતંકીઓની ગતિવિધિની માહિતી મળી હતી.

સુરક્ષાદળોને યુસમર્ગના કોરાગ વિસ્તારમાં આતંકીઓની હાજરી હોવાની ગુપ્ત માહિતી મળી હતી. ત્યારબાદ ભારતીય સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ અને ઝઈહ્નએ સંયુક્ત શોધખોળ અભિયાન શરૂ કર્યું. આ દરમિયાન જવાનોને કેટલીક શંકાસ્પદ ગતિવિધિઓ જોવા મળી. જ્યારે તેમણે આતંકીઓને પડકાર્યા, ત્યારે સામેથી ગોળીબાર શરૂ થઈ ગયો. જવાબી કાર્યવાહીમાં એક આતંકી માર્યો ગયો. વળી, ગુરવેતકલાં ગામમાં પણ આતંકીઓની હાજરીની પુષ્ટિ થયા પછી સુરક્ષાદળોએ



વિસ્તારની ઘેરાબંધી કરીને શોધખોળ અભિયાન ચાલુ રાખ્યું.

અધિકારીઓએ જણાવ્યું કે મૂસા બડગામના દૂધપથરીના જંગલોમાં થયેલા એન્કાઉન્ટરમાં ઠાર મરાયો હતો. આ વિસ્તાર મધ્ય કાશ્મીરના ઉંચાઈવાળા વિસ્તારમાં આવે છે. સેનાના જણાવ્યા અનુસાર સુરક્ષાદળોએ સંદિગ્ધ ગતિવિધિઓ જોયા બાદ આતંકવાદીઓને પડકાર્યા હતા. આતંકીઓએ ફાયરિંગ કરતા જવાનોએ વળતી કાર્યવાહી કરી જેમા એક આતંકી ઠાર મરાયો હતો. મુઠભેડમાં માર્યો ગયેલો આતંકવાદી પાકિસ્તાની લશ્કર કમાન્ડર મૂસા હતો. બીજી તરફ, સૂત્રોનું એ પણ કહેવું છે કે આ વિસ્તારમાં અન્ય એક ટોચનો બિન-સ્થાનિક લશ્કર કમાન્ડર છુપાયો હોવાની આશંકા છે. મુઠભેડ બાદથી જ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ચારેય તરફથી ઘેરી લીધો છે અને આસપાસના ખૂણે-ખૂણાની તપાસ કરવામાં આવી રહી છે.

## ૧.૫૮ કરોડ અસક્રિય રહેલા પરિવારનું રાશન બંધ થશે



નવીદિલ્હી,

છેલ્લા ૬ મહિનાથી અસક્રિય અથવા ઉપયોગમાં ન હોય તેવા રાશનકાર્ડ ધારકો સામે સરકારે કડક પગલાં લેવાની કવાયત હાથ ધરી છે, જેના કારણે અંદાજે ૧.૫૮ કરોડ પરિવારનું રાશન બંધ થવાની સંભાવના છે. પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (PDS) ના ડેટાબેઝને વધુ પારદર્શક બનાવવા માટે આ વિશેષ કવાયત શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહી હેઠળ લાંબા સમયથી નિષ્ક્રિય રહેલા કાર્ડધારકો તેમજ ડુપ્લિકેટ અને અન્ય સ્થળે સ્થળાંતરિત થઈ ચૂકેલા બિનજરૂરી લાભાર્થીઓને સરકારી યાદીમાંથી દૂર કરવામાં આવશે. તંત્ર દ્વારા વિગતવાર માહિતીની ચકાસણી કર્યા બાદ જ આ અંગે આગળની સત્તાવાર કાર્યવાહી અમલમાં મૂકવામાં આવશે.

## પરિમલ નથવાણીના પુત્ર ધનરાજ નથવાણીને સપા યુપીથી રાજ્યસભા ચૂંટણી મેદાને ઉતારશે

### ભાજપ અને સપા છાવણીમાં દિગ્ગજોના નામોની ચર્ચા, ૧૬ ઓક્ટોબરે થશે ચૂંટણી

નવીદિલ્હી,

સંસદના ઉપલા ગૃહ (રાજ્યસભા) ની આગામી ચૂંટણીઓ પૂર્વે દેશના રાજકારણમાં એક અત્યંત ચોંકાવનારો મોટો વળાંક આવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ટોચના એક્ઝિક્યુટિવ અને કોર્પોરેટ લીડર ધનરાજ નથવાણી ઉત્તર પ્રદેશથી સમાજવાદી પાર્ટીના મેન્ડેટ પર રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવશે, તેવા અહેવાલોથી રાજકીય ગરમાવો આવી ગયો છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ દેશના ૩ રાજ્યોની કુલ ૧૨ રાજ્યસભા બેઠકો માટે આંકડાકીય જંગ ખેલાવાનો છે, જેમાં સૌથી વધુ હાઈપ્રોફાઈલ ઉત્તર પ્રદેશની ૧૦



બેઠકોનો સમાવેશ થાય છે. આ બેઠકો માટે આગામી ૧૬ ઓક્ટોબરે મતદાન યોજાશે. ધનરાજ નથવાણી એ દેશના જાણીતા ઉદ્યોગપતિ અને રાજ્યસભામાં સતત ચોથી ટર્મ ભોગવી રહેલા સાંસદ પરિમલ નથવાણીના પુત્ર છે. વ્યવસાયિક રીતે ધનરાજ નથવાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રુપ પ્રેસિડેન્ટ તેમજ 'રિલાયન્સ ન્યૂ એનર્જી લિમિટેડ'માં ડિરેક્ટર તરીકે મહત્ત્વની જવાબદારી સંભાળી રહ્યા છે.

ઉત્તર પ્રદેશથી ખાલી પડી રહેલી ૧૦ બેઠકોમાંથી વર્તમાન સ્થિતિએ ભારતીય જનતા પાર્ટી પાસે ૮ અને સમાજવાદી પાર્ટી પાસે ૨ બેઠકો છે. રાજ્ય વિધાનસભાના આંકડાકીય બળ મુજબ, રાજ્યસભામાં એક ઉમેદવારને જીતવા માટે પ્રથમ પસંદગીના ૩૭ પ્રથમ પ્રાથમિકતા મતોની જરૂરિયાત હોય છે. શાસક દ્ગઢછ ગઠબંધન અહીં પૂર્ણ બહુમતી સાથે મજબૂત સ્થિતિમાં છે, પરંતુ સમાજવાદી પાર્ટી દ્વારા વધારાના ઉમેદવાર ઉતારીને રાજકીય દાવ ખેલવામાં આવતાં ચૂંટણી એકપક્ષીય રહેવાને બદલે અત્યંત રોમાંચક બની ગઈ છે.

## ફટાફટ ન્યુઝ

### આજથી મોદી સરકારની ચિંતન શિબિરમોં પ્રારંભ

નવી દિલ્હી ખાતે આજથી મોદી સરકારની ચિંતન શિબિર શરૂ થવા જઈ રહ્યું છે, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ ૩૦ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબર એમ બે દિવસ ચાલશે. આ બેઠક અંતર્ગત આજે સાંજે ૪:૩૦ વાગ્યે પ્રધાનમંત્રી અને મંત્રીપરિષદ વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક મંથન કરશે, જ્યારે ૧ ઓક્ટોબરે સવારે ૧૦ વાગ્યે બેઠકનો દોર આગળ વધશે. આ શિબિરમાં સરકાર દ્વારા મંત્રીઓ સમક્ષ આગામી સમયની એક વિસ્તૃત કાર્યયોજના પણ રજૂ કરવામાં આવશે.

### ગૃહમંત્રી અમિત શાહ આજે પંજાબના પ્રવાસે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પંજાબના પ્રવાસે છે, જ્યાં તેઓ 'નશા મુક્ત પંજાબ યાત્રા'ના સમાપન સમારોહમાં ખાસ ઉપસ્થિત રહેશે. આ અભિયાનના અંતિમ ચરણમાં આયોજિત ભવ્ય રેલીને બપોરે ૨:૦૦ વાગ્યે ગૃહમંત્રી સંબોધિત કરશે અને પંજાબને નશા મુક્ત બનાવવાના સંકલ્પને વેગ આપશે. અમિત શાહે ભારતને નશામુક્ત બનાવવાનું બીડું ઝડપ્યું છે.

### આજે ઈન્ડિયા બ્લોકની મહત્વની બેઠક મળશે

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની પહેલથી આજે નવી દિલ્હી ખાતે 'INDIA' બ્લોકની એક મહત્વપૂર્ણ બેઠક મળવા જઈ રહી છે. આ બેઠકમાં મુખ્યત્વે ચૂંટણી પંચની કાર્યશૈલી, સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) અને મતદાર યાદીના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક મંથન કરવામાં આવશે.આ બેઠકમાં રાજકીય આગેવાનો હાજર રહી એજન્ડા પર ચર્ચા કરશે

### ગુજરાતના ૧૭ જિલ્લામાં આજે વરસાદની આગાહી

રાજ્યના હવામાન વિભાગની આગાહી મુજબ ૩૦ સપ્ટેમ્બરે ગુજરાતના ૧૭ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ અને વાવ-થરાદ, દક્ષિણ ગુજરાતમાં સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી તથા સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ અને કચ્છમાં વરસાદની શક્યતા છે.

## અમદાવાદ- વડોદરા એક્સપ્રેસ હાઈવે પર મોતનું તાંડવ, મોડી રાત્રીના અકસ્માતમાં ૭ લોકોના મૃત્યુ

### આણંદ-નડિયાદ વચ્ચે મોડી રાત્રે થયેલા અકસ્માતના પગલે પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

વડોદરા,

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આણંદ-નડિયાદ વચ્ચે મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં ૭ લોકોના મોત થયા હોવાની માહિતી સામે આવી છે. ઘટનાની જાણ થતાં પોલીસ સહિતની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતકો અંગેની વધુ વિગતો મેળવવાની કામગીરી કરેલ છે. અકસ્માત કયા કારણોસર સર્જાયો અને તેમાં કયા વાહનો સંડોવાયેલા હતા તે જાણવા પોલીસ તપાસ કરી રહી છે. સમગ્ર ઘટનાને પગલે વિસ્તારમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે.

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર મોડી રાત્રે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. આણંદ-નડિયાદ વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. અકસ્માતની જાણ થતાં પોલીસ સહિતની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ-



વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આણંદ અને નડિયાદ વચ્ચે મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે તેમાં ૭ લોકોના જીવ ગયા છે. ઘટનાની જાણ થતાં આસપાસના વિસ્તારમાંથી પણ લોકો ઘટનાસ્થળે એકત્ર થયા હતા. અકસ્મતમાં કેટલાં વાહનો સંડોવાયેલા હતા અને ટક્કર કયા કારણોસર થઈ તે અંગેની સંપૂર્ણ વિગતો તપાસ બાદ સામે આવશે. પ્રાથમિક તબક્કે અકસ્માતને પગલે હાઈવે પર સ્થિતિ ગંભીર બની હતી.અકસ્માતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મૃતકો અંગેની ઓળખ અને અન્ય વિગતો મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અકસ્મતમાં અન્ય કોઈ વ્યક્તિને ઈજા પહોંચી છે કે કેમ તે અંગેની વિગતો પણ તપાસ સાથે સ્પષ્ટ થશે. ઘટનાની ગંભીરતાને પગલે પોલીસ અને સંબંધિત તંત્ર સતર્ક બન્યું છે.પોલીસે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. અકસ્માત કેવી રીતે સર્જાયો, કયા વાહન સાથે ટક્કર થઈ અને તેમાં કોઈ બેદરકારી હતી કે નહીં તે સહિતના મુદ્દાઓ તપાસવામાં આવી રહ્યા છે. પોલીસ અકસ્માતની કડી જોડવા માટે ઘટનાસ્થળની સ્થિતિ અને ઉપલબ્ધ પુરાવાઓની તપાસ કરી રહી છે.

CMYK

# ગુજરાતમાં ESIC યોજનાથી ૧.૨૦ કરોડ નાગરિકોને મળશે સુરક્ષા કવચ

## ESIC વિસ્તરણ અંગે શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ ગાંધીનગર ખાતે યોજી પત્રકાર પરિષદ

ગાંધીનગર,
ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) ના વિસ્તરણ સંદર્ભે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી કાંતિભાઈ અમૃતિયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જે મુજબ, સામાજિક સુરક્ષા સંહિતા, ૨૦૨૦ હેઠળ તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી ગુજરાતના ૧૬ આંશિક અમલીકૃત અને ૧૫ બિનઅમલીકૃત મળી કુલ ૩૧ જિલ્લાઓમાં ESIC યોજનાનો પૂર્ણ અમલ કરવામાં આવશે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ESIC ના આ વ્યાપક વિસ્તરણના પરિણામે રાજ્યના અંદાજે ૮ થી ૧૦ લાખ નવા શ્રમિકો અને તેમના પરિવારો સામાજિક સુરક્ષા કવચ હેઠળ આવરી લેવાશે. આ યોજના અંતર્ગત પાત્ર શ્રમિકોને કેશલેસ સારવાર, માંદગી દરમિયાન રોકડ સહાય, પ્રસૂતિ લાભ તેમજ અપંગતા સહાય જેવી વિવિધ આરોગ્યલક્ષી અને સામાજિક સુરક્ષાની સેવાઓ પ્રાપ્ત થશે.

વધુમાં મંત્રી શ્રી કુંવરજીભાઈ



બાવળિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે શ્રમિક કલ્યાણ અને સામાજિક સુરક્ષા ક્ષેત્રે આ મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લીધો છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ નિર્ણય હેઠળ ESIC ના સંપૂર્ણ અમલીકૃત ૧૫ જિલ્લાઓમાં અમરેલી, અરવલ્લી, બનાસકાંઠા, બોટાદ, છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, કચ્છ, મહિસાગર, નર્મદા, પાટણ, તાપી અને વાવ-થરાદનો સમાવેશ થાય છે. જ્યારે આંશિક અમલીકૃત ૧૬ જિલ્લાઓમાં અમદાવાદ, આણંદ, ભરૂચ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ખેડા, મહેસાણા, મોરબી, નવસારી, પંચમહાલ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરત અને સુરેન્દ્રનગરના નિર્ધારિત વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે.

આરોગ્ય સુવિધાઓ અંગે વધુ વિગતો આપતા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, "હાલમાં રાજ્યમાં ૧૦૩ ESIS ડિસ્પેન્સરીઓ અને ૧૧ ESIC/ ESIS હોસ્પિટલો કાર્યરત છે. આ ઉપરાંત શ્રમિકોને પ્રાથમિક સારવાર મળી રહે તે માટે ૨૩૪ CHC અને PHC ને એમ્પેનલ કરવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, સાણંદ ખાતે ૩૫૦ બેડ અને કલોલ-ગાંધીનગર ખાતે ૧૫૦ બેડની ક્ષમતા ધરાવતી ESIC હોસ્પિટલનું નિર્માણ કાર્ય પ્રગતિ હેઠળ છે. જ્યારે હાલોલ -પંચમહાલ અને સાવલી -વડોદરા ખાતે ૧૦૦-૧૦૦ બેડની હોસ્પિટલો માટે જમીન ફાળવણીની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે.

# સુરતમાં ખુશી માતમમાં ફેરવાઈ: લગ્નના બીજા દિવસે પત્ની પિયર ગઈ અને પતિએ ટૂંકાવ્યું જીવન

## લગ્નના બીજા જ દિવસે યુવકે આ પગલું ભરતા પરિવારજનો સ્તબ્ધ

સુરત,
શહેરના ઉનપાટિયા વિસ્તારમાં લગ્નના બીજા જ દિવસે એક યુવકે જીવન ટૂંકાવી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. લગ્ન બાદ પરિવાર અને સગા-સંબંધીઓમાં ખુશીનો માહોલ હતો, તે દરમિયાન જ યુવકના આપઘાતના સમાચાર મળતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે. હજી યુવાને આ અંતિમ પગલું કેમ ભર્યું તે અંગેનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. મળતી માહિતી મુજબ, ઉનપાટિયા વિસ્તારમાં રહેતા મહંમદ ઈસ્માઈલ નામના યુવકે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. ઘટનાની જાણ થતાં પરિવારજનો તેમજ આસપાસના લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. ત્યારબાદ યુવકને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાની કાર્યવાહી કરવામાં આવી હતી, જોકે તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, યુવકના લગ્નને હજુ માત્ર એક જ દિવસ થયો હતો. લગ્નના બીજા જ દિવસે યુવકે આ પગલું ભરતા પરિવારજનો તેમજ સંબંધીઓ પણ આઘાતમાં સરી પડ્યા છે. લગ્નના પ્રસંગની ખુશી અચાનક માતમમાં ફેરવાઈ જતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પ્રાથમિક માહિતી પ્રમાણે, મહંમદ ઈસ્માઈલે કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ સ્પષ્ટ થયું નથી. યુવકના આપઘાત પાછળ કોઈ પારિવારિક, અંગત કે અન્ય કારણ જવાબદાર છે કે કેમ તે અંગે પણ હાલ કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. પોલીસે સમગ્ર મામલાની તપાસ શરૂ કરી છે. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે હાલ અકસ્મિક મોતનો ગુનો નોંધી વધુ તપાસ કરવામાં આવી રહી છે. યુવકના પરિવારજનો, સંબંધીઓ તેમજ નજીકના લોકોની પૂછપરછ કરીને આપઘાત પાછળના સંભવિત કારણ અંગે માહિતી મેળવવામાં આવી રહી છે.

# અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા સામે એએમસીનું કડક વલણ: જાહેર માર્ગો પર લારીઓ ઊભી રાખવા પર પ્રતિબંધ

## ટ્રાફિક માટે બાધારૂપ બનતા અને વાહનવ્યવહારમાં અડચણ ઊભી કરતા ફેરિયાઓ સામે હવે એએમસી તંત્રની લાલ આંખ



અમદાવાદ,
અમદાવાદ શહેરમાં સતત વધતી જતી ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા એક અત્યંત મહત્વનો અને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં ટ્રાફિક માટે બાધારૂપ બનતા અને વાહનવ્યવહારમાં અડચણ ઊભી કરતા ફેરિયાઓ સામે હવે તંત્ર લાલ આંખ કરશે. AMCના નવા આદેશ અનુસાર, હવેથી શહેરના મુખ્ય અને જાહેર માર્ગો પર શાકભાજી કે ફળોની લારીઓ ઊભી રાખી શકાશે નહીં. રસ્તાઓ પર આડેધડ ઊભી રહેતી લારીઓને કારણે નાગરિકોને ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડતો હોવાથી આ પગલું ભરવામાં આવ્યું છે. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણય માત્ર ટ્રાફિક નિયંત્રણ માટે છે, ફેરિયાઓની રોજીરોટી છીનવવાનો તેમનો કોઈ હેતુ નથી. ફેરિયાઓના હક અને રોજગારને ધ્યાને રાખીને છ૨ક્ષ દ્વારા ખાસ વેજિટેબલ માર્કેટ તૈયાર કરવામાં આવ્યા છે. એએમસીના ચોપડે હાલ ૨૫,૪૭૫ શાકભાજી અને ફળોના રેંકડી ધારકો નોંધાયેલા છે. આ તમામ નોંધાયેલા ફેરિયાઓએ તેમને ફાળવવામાં આવેલા નિયત વેજિટેબલ માર્કેટમાં જ રહીને પોતાનો ધંધો-રોજગાર કરવાનો રહેશે.

# પોષણ માહ દરમિયાન હાથ ધરાયેલી ૨.૪૩ કરોડથી વધુ પ્રવૃત્તિઓ સાથે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર

## બાળકના પ્રથમ ૧,૦૦૦ દિવસની સંભાળ, નિયમિત વજન-ઊંચાઈ માપન અને 'પોષણ સંગમ' દ્વારા કુપોષણ સામે સઘન કામગીરી

અમદાવાદ,
ગુજરાત સરકાર દ્વારા "આપણી આંગણવાડી, આપણી જવાબદારી"ની ભાવના સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યભરમાં 'પોષણ માહ-૨૦૨૬'ની વ્યાપક ઉજવણી હાથ ધરવામાં આવી રહી છે. આ ઉજવણીનો રાજ્યવ્યાપી શુભારંભ મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલ દ્વારા કરાવવામાં આવ્યો હતો.

પોષણને એક સફળ જનઆંદોલન બનાવવાના ઉદ્દેશ્યથી વિવિધ સંલગ્ન વિભાગો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, આંગણવાડી કાર્યકરો, આરોગ્યકર્મીઓ, સ્વસહાય જૂથો, માતા-પિતા અને સમગ્ર સમાજની સક્રિય ભાગીદારીથી વિવિધ બહુભાગીદારી આધારિત પ્રવૃત્તિઓ આ અભિયાન હેઠળ હાથ ધરવામાં આવી રહી છે.

ગત તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં ગુજરાતે કુલ ૨.૪૩ કરોડથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ નોંધાવીને સમગ્ર દેશમાં અગ્રીમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેમાં, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૫૬.૧૩ લાખ પ્રવૃત્તિઓ તથા અન્ય સંલગ્ન વિભાગો દ્વારા ૧.૮૭ કરોડ જેટલી પ્રવૃત્તિઓ સંપન્ન કરવામાં આવી છે.

આ પ્રવૃત્તિઓમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, આયુષ પ્રભાગ, ગ્રામ વિકાસ વિભાગ, પંચાયત વિભાગ અને શિક્ષણ વિભાગ સૌથી વધુ યોગદાન આપનારા ટોચના પાંચ વિભાગો રહ્યા છે.

આ ઉપરાંત, જિલ્લાવાર પ્રવૃત્તિઓમાં મહિસાગર, વલસાડ, પાટણ, આણંદ અને મહેસાણા રાજ્યમાં અગ્રણી જિલ્લાઓ બન્યા છે. જ્યારે વલસાડ જિલ્લામાં કલેક્ટરશ્રી દ્વારા વિશાળ પોષણ જાગૃતિ રેલીને પ્રસ્થાન પણ કરાવાયું હતું.

પોષણ માહ દરમિયાન આહારની વિવિધતા અને પ્રોટીનયુક્ત ખોરાકના સેવન અંગે વિશેષ જનજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે, જેમાં સ્થાનિક પૌષ્ટિક ખાદ્યપદાર્થો, મિલેટ્સ (શ્રીઅન્ન), કઠોળ, લીલા શાકભાજી, ફળો, દૂધ અને બદામ-બીજના મહત્વ પર ભાર મુકાઈ રહ્યો છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી જાહેર કરવા મામલે હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલની અપીલ ફગાવી

## આપ નેતા કેજરીવાલને ગુજરાત હાઈકોર્ટનો ઝટકો!!

અમદાવાદ,
આમ આદમી પાર્ટી (આપ) ના સીનીયર નેતા અરવિંદ કેજરીવાલ માટે એક મોટા ઝટકા સમાન સમાચાર આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી જાહેર કરવાના મામલે અરવિંદ કેજરીવાલની અપીલ ફગાવી દીધી છે. કેજરીવાલે સિંગલ જજના ૨૫ હજારના કોસ્ટના આદેશને પડકારતી અપીલ કરી હતી, પરંતુ ડિવિઝન બેન્ચે હવે તેમની અપીલ ફગાવી દીધી છે. આ સાથે સિંગલ જજ દ્વારા કરવામાં આવેલો ?૨૫ હજારનો દંડ યથાવત રહ્યો છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત ૨૦૧૬માં થઈ હતી. કેન્દ્રીય માહિતી આયોગ એટલે કે CIC દ્વારા ગુજરાત યુનિવર્સિટીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શૈક્ષણિક ડિગ્રી અંગેની માહિતી અરવિંદ કેજરીવાલને આપવા નિર્દેશ કરવામાં આવ્યો હતો. આ નિર્દેશ સામે ગુજરાત યુનિવર્સિટી ગુજરાત હાઈકોર્ટ પહોંચી હતી અને અરવિંદ કેજરીવાલને કેસમાં પક્ષકાર બનાવવામાં આવ્યા હતા.

માર્ચ ૨૦૨૩માં ગુજરાત હાઈકોર્ટના સિંગલ જજે CICના આદેશને રદ કરી દીધો હતો. કોર્ટે RTI એક્ટની કલમ 8(1)(e) અને 8(1)(j)નો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે મોટા જાહેર હિતનું કારણ ન હોય તો વડાપ્રધાનની શૈક્ષણિક ડિગ્રી સંબંધિત માહિતી જાહેર કરવાની ફરજ ઊભી થતી નથી. આ સાથે કેજરીવાલ પર ૨૫ હજારનો દંડ પણ લાદવામાં આવ્યો હતો.

# સુરેન્દ્રનગરના ઢીંકવાળી ગામના તળાવમાં ન્હાવા પડેલા બે યુવકોના કરુણ મોત

## સ્થાનિક તરવૈયાઓએ ભારે જહેમત બાદ બંનેના મૃતદેહોને બહાર કાઢ્યા

સુરેન્દ્રનગર,
સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ઢીંકવાળી ગામના તળાવમાં એક અત્યંત દર્દનાક દુર્ઘટના સામે આવી છે, જ્યાં ન્હાવા પડેલા બે યુવકોના ડૂબી જવાથી કરુણ મોત નિપજ્યા છે. ત્રણ મિત્રો તળાવમાં ન્હાવા માટે પડ્યા હતા, તે દરમિયાન બે યુવકો અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સ્થાનિક તરવૈયાઓએ ભારે જહેમત બાદ બંનેના મૃતદેહોને બહાર કાઢ્યા હતા.



મૃતકોમાં કરાડી ગામના ૨૪ વર્ષીય પ્રતાપભાઈ ખાચર અને ઢીંકવાળી ગામના ૨૦ વર્ષીય મેહુલભાઈ જાતવડાનો સમાવેશ થાય છે. આ હૃદયદ્રાવક ઘટનાથી સમગ્ર પંથકમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે. જોકે, પરિવારે આ ઘટનાને અકસ્માત ગણાવીને કોઈ શંકા ન હોવાનું જણાવતા ધજાળા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાની મળતી માહિતી મુજબ, ત્રણ મિત્રો સાથે મળીને ઢીંકવાળી ગામના તળાવમાં ન્હાવા માટે પડ્યા હતા. ન્હાતી વખતે અચાનક બે યુવકો પગ લપસી જતાં અથવા અંદાજ ન રહેતાં તળાવના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને સ્થાનિક તરવૈયાઓ તાત્કાલિક તળાવ ખાતે દોડી આવ્યા હતા. તરવૈયાઓએ ભારે જહેમત ઉઠાવીને કલાકોની મથામણ બાદ બંને યુવકોના મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા.

# મુંબઈની હોટલમાં વડોદરાની યુવતી પર સામૂહિક દુષ્કર્મનો પ્રયાસ: વાપીમાં સારવાર દરમિયાન ઘટનાનો ભાંડો ફૂટ્યો !

## વાપીની ડુંગરા પોલીસે પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને બે યુવકોની ધરપકડ કરી: ત્રણ ફરાર

વડોદરા,
વડોદરાની એક યુવતી સાથે મુંબઈની એક હોટલમાં સુરત અને વડોદરાના ૫ વિધર્મી યુવકો દ્વારા નશાનું સેવન કરાવીને સામૂહિક દુષ્કર્મનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મુંબઈથી ઘરે પરત ફરતી વખતે વાપી નજીક યુવતીની તબિયત અચાનક લથડતાં તેને સારવાર માટે વાપીની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ડોક્ટરોને યુવતીની ગંભીર હાલત પર આશંકા જતાં તેમણે તુરંત પોલીસને જાણ કરી હતી, જેના કારણે આ સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો.

આ મામલે વાપીની ડુંગરા પોલીસે પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને સફાન ઝફર શેખ અને ફરીદ વાહિદ કોઠીયાવાલા નામના બે યુવકોની ધરપકડ કરી છે, જ્યારે ફૈઝાન, વસીમ અને સલમાન નામના ત્રણ આરોપીઓ હાલ ફરાર હોય પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મુંબઈમાં બનેલી આ ઘટના બાદ યુવતી જ્યારે ઘરે પરત ફરી રહી હતી, ત્યારે વાપી નજીક પહોંચતા જ તેની તબિયત અચાનક લથડી હતી. સ્થિતિ ગંભીર જણાતાં તેને તાત્કાલિક સારવાર માટે વાપીની એક સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તબીબોને યુવતીની શારીરિક હાલત અને સ્થિતિ જોઈને કોઈ અણબનાવ બન્યો હોવાની આશંકા ગઈ હતી, જેથી તેમણે તુરંત પોલીસને આ અંગે જાણ કરી હતી.

# સુરતમાં રૂ.૫૦૦ની ૧૬૫ નંગ બનાવટી નોટો સાથે પુણાગામનો યુવક ઝડપાયો

## ગોડાદરા પોલીસે રૂ.૧.૩૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો

સુરત,
સુરત શહેરમાં નકલી ચલણી નોટો બજારમાં વટાવીને આર્થિક લાભ મેળવવાના પ્રયાસનો ગોડાદરા પોલીસે પર્દાફાશ કર્યો છે. દેવધ ચાર રસ્તા નાકા પોઈન્ટ પરથી પોલીસે પુણાગામ વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષીય યુવકને રૂ.૫૦૦ના દરની ૧૬૫ બનાવટી ચલણી નોટો સાથે ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી કુલ રૂ.૮૨,૫૦૦ની નકલી ચલણી નોટો ઉપરાંત મોબાઈલ ફોન, આધારકાર્ડ, પાનકાર્ડ સહિત રૂ.૧.૩૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીએ સોશિયલ મીડિયા મારફતે નકલી ચલણી નોટો સપ્લાય કરતા લોકોનો સંપર્ક કર્યો હોવાનું સામે આવ્યું છે. વધુ તપાસ દરમિયાન આ નેટવર્કના તાર આસામ સુધી જોડાયેલા હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. સમગ્ર મામલે ગોડાદરા પોલીસ BNSની કલમ ૧૮૦, ૫૪, ૬૧(૨) અને ૩(૫) હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. ગોડાદરા પોલીસ સ્ટેશનના ટીમને માનવ ઈન્ટેલિજન્સના આધારે નકલી ચલણી નોટો અંગે ચોક્કસ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે દેવધ ચાર રસ્તા નાકા પોઈન્ટ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ હિલચાલ ધરાવતા એક યુવકને અટકાવી તેની તપાસ કરવામાં આવી હતી. પોલીસે તેની પાસેથી રૂ.૫૦૦ના દરની એક પછી એક કુલ ૧૬૫ બનાવટી ચલણી નોટો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ગણતરી કરતા નકલી નોટોની કુલ કિંમત રૂ.૮૨,૫૦૦ થઈ હતી. પોલીસે નોટો કબજે કરીને યુવકની વધુ પૂછપરછ શરૂ કરી હતી. પકડાયેલા આરોપીની ઓળખ રમેશ ઉર્ફે જીગા જસરાજજી ઉર્ફે ઝાલમ લોહાર તરીકે થઈ છે. ૨૫ વર્ષીય રમેશ મૂળ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના કુંભલગઢ તાલુકાના દૂધાલિયા ગામનો વતની હોવાનું સામે આવ્યું છે.

# ખંભાતમાં પોલીસ પર પથ્થરમારો: ૫૪ નામજોગ સહિત ૮૪ સામે ગુનો, કોમ્બિંગમાં ૨૩ લોકોની અટકાયત

## પાધરીયા વિસ્તારમાં નાસતા ફરતા આરોપીને પકડવા ગયેલી પોલીસ ટીમ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો

ખંભાત,
ખંભાતના પાધરીયા વિસ્તારમાં નાસતા ફરતા આરોપીને પકડવા ગયેલી પોલીસ ટીમ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં બે પોલીસ જવાનોને સામાન્ય ઈજા થઈ હતી. સમગ્ર મામલે ખંભાત સિટી પોલીસે ૫૪ નામજોગ અને ૩૦ અજાણ્યા મળી કૂલ ૮૪ લોકો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ઘટના બાદ વિસ્તારમાં હાથ ધરાયેલા કોમ્બિંગ દરમિયાન ૨૩ જેટલા આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા મુજબ, અગાઉ રાહુલ ભટ્ટ નામના વ્યક્તિ પર થયેલા જીવલેણ હુમલાના ગુનામાં સંડોવાયેલા અક્ષય ઉર્ફે લલ્લો નગીનભાઈ ચુનારા વિરુદ્ધ પાસા અને તડીપારના હુકમો કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ આરોપી નાસતો ફરતો હતો. દરમિયાન ૨૮ સપ્ટેમ્બરની રાત્રે અક્ષય ઉર્ફે લલ્લો પોતાના ઘરે હાજર હોવાની બાતમી લોકલ ક્રાઈમ બ્રાન્ચ, આણંદ અને ખંભાત સિટી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસ ટીમ ખંભાતના પાધરીયા વિસ્તારમાં તેને ઝડપી પાડવા પહોંચી હતી.

પોલીસ ફરિયાદ મુજબ, આરોપીને પકડવાની કાર્યવાહી દરમિયાન સ્થિતિ વણસી હતી. અક્ષય ઉર્ફે લલ્લો ચુનારા, તેના સાગરીતો તેમજ આસપાસના કેટલાક લોકોએ પોલીસ ટીમ પર પથ્થરમારો કર્યો હોવાનો આરોપ છે. આ ઘટનામાં બે પોલીસ કર્મચારીઓને સામાન્ય ઈજા પહોંચી હતી.

પોલીસ પર હુમલાની ઘટના બાદ ખંભાત સિટી પોલીસ સ્ટેશનમાં રાયોટિંગ અને જાહેર સેવક પર હુમલા સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. અક્ષય ઉર્ફે લલ્લો ચુનારા સહિત ૫૪ નામજોગ તેમજ ૩૦ અજાણ્યા વ્યક્તિઓને આરોપી તરીકે દર્શાવી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.ખંભાતના પાધરીયા વિસ્તારમાં નાસતા ફરતા આરોપીને પકડવા ગયેલી પોલીસ ટીમ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો

આ સમગ્ર મામલે ખંભાતના ઈન્ચાર્જ ડીવાયએસપી હરદેવસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ઘટના બાદ પોલીસે પાધરીયા વિસ્તારમાં સઘન કોમ્બિંગ હાથ ધર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન ૨૩ જેટલા આરોપીઓની અટકાયત કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. અન્ય આરોપીઓની ભૂમિકા અને સમગ્ર ઘટનાક્રમ અંગે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# અમદાવાદમાં પાન પાર્લરની આડમાં હાઈબ્રિડ ગાંજાના વેચાણનો પર્દાફાશ, ચાર આરોપીઓની ધરપકડ

## તપાસ દરમિયાન વાહનમાંથી ૩૧ ગ્રામ ૬૧૦ મિલિગ્રામ હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો

અમદાવાદ,
અમદાવાદના સરખેજમાં પાન પાર્લરની આડમાં હાઈબ્રિડ ગાંજાના વેચાણનું નેટવર્કનો પોલીસે પર્દાફાશ કર્યો..સરખેજ પોલીસે ૩૧ ગ્રામથી વધુ હાઈબ્રિડ ગાંજા સાથે ચાર આરોપીને ઝડપી પાડ્યા છે. સિંધુભવનના રિચી રિચ પાન પાર્લરની આડમાં હાઈબ્રિડ ગાંજાનું વેચાણ થતું હોવાનો તપાસમાં ખુલાસો થયો. પોલીસે પાન પાર્લરના માલિકની સંડોવણીને લઈને તપાસ શરૂ કરી.

પોલીસ કસ્ટડીમાં જોવા



મળતા આરોપીઓ ચંદ્રવીરસિંહ પવાર,ભદ્રવીરસિંહ ચૌહાણ, કુણાલ પટેલ અને રાજેશકુમાર દેવાંશીની હાઈબ્રિડ ગાંજાની હેરાફેરી કેસમાં સરખેજ પોલીસે ધરપકડ કરી છે.સરખેજ પોલીસની ટીમ રાત્રિના સમયે સિંધુભવન રોડ પર વાહન ચેકિંગ કરી રહી હતી..આ દરમિયાન તાજ હોટલ ચાર રસ્તા પાસે શંકાસ્પદ બાઈક અને ઈલેક્ટ્રિક વાહનને રોકી તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન વાહનમાંથી ૩૧ ગ્રામ ૬૧૦ મિલિગ્રામ હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો..પોલીસે ગાંજાનો જથ્થો કબજે કરી ચંદ્રવીરસિંહ પવાર અને ભદ્રવીરસિંહ ચૌહાણની અટકાયત કરીને પૂછપરછ કરતા કૃણાલ પટેલ અને રીચી રિચ પાન પાર્લર ના મેનેજર રાજેશ દેવાંશી નું નામ ખુલતા પોલીસે તેમની પણ ધરપકડ કરી છે..

# અન્ડર-૧૭ લૉન ટેનિસ સ્પર્ધામાં જામનગરના હિત કંડોરીયાએ રાજ્ય કક્ષાએ મેળવ્યું પ્રથમ સ્થાન

## હિત કંડોરીયાની સિદ્ધિ બદલ કલેકટરએ સન્માન કરી અભિનંદન પાઠવ્યા : બીમાર હોવા છતાં ખેલ મહાકુંભ વિજેતા, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધપાત્ર સિદ્ધિઓ





જામનગર : જામનગરના ટેનિસ ખેલાડી હિત ભીમશીભાઈ કંડોરીયાએ પોતાની પ્રતિભા અને અથાગ મહેનતના બળે SGFI અંતર્ગત અમદાવાદ ખાતે યોજાયેલી લૉન ટેનિસ સ્પર્ધા અન્ડર-૧૭માં રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવી જામનગરનું ગૌરવ વધાર્યું છે.

હિત હાલ એસ.ડી.ગોરિયા સ્કૂલમાં અભ્યાસ કરે છે. નાની ઉંમરથી જ ટેનિસ ક્ષેત્રે તાલીમ મેળવી રહેલા હિતે સ્થાનિક કક્ષાથી શરૂ કરેલી પોતાની રમતગમતની સફરને રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડી છે. માત્ર ૩ વર્ષની ઉંમરથી જ જામનગર મહાનગરપાલિકાના ટેનિસ કોર્ટ ખાતે કોચ કેતન જોશી પાસેથી ટેનિસની તાલીમ લેવાનું શરૂ કર્યું હતું. બાળપણથી જ ટેનિસ પ્રત્યેનો લગાવ અને સતત મહેનતના પરિણામે તેણે વિવિધ કક્ષાની સ્પર્ધાઓમાં પોતાની પ્રતિભા સાબિત કરી છે. હાલમાં તે પંજાબ-ચંડીગઢ ખાતે રહીને ટેનિસની વધુ તાલીમ મેળવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યો છે.

હિત કંડોરીયાએ રાજ્ય સરકાર દ્વારા યુવા રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે યોજાતા ખેલ મહાકુંભમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજેતા બનવાની સિદ્ધિ મેળવી છે. ખાસ કરીને, ખેલ મહાકુંભની સ્પર્ધા દરમિયાન બીમાર હોવા છતાં હિતે રમતગમતની ભાવના અને દૃઢ મનોબળ સાથે શાનદાર પ્રદર્શન કરી વિજય મેળવ્યો હતો. સરકાર દ્વારા એક વર્ષ સુધી દર મહિને રૂ.૪,૦૦૦ની સહાય પણ આપવામાં આવી હતી. આ પ્રકારની સહાયથી પ્રતિભાશાળી ખેલાડીઓને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહન અને જરૂરી સહયોગ મળી રહે છે.

રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભ તથા શાળાકીય રમતગમત ક્ષેત્રે જીય્હૈં જેવી સ્પર્ધાઓ મારફતે બાળકો અને યુવાનોમાં રહેલી રમતગમતની પ્રતિભાને ઓળખવા તથા તેને આગળ વધારવા માટે વિવિધ તકો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સ્થાનિક અને જિલ્લા કક્ષાથી આગળ વધીને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પ્રતિભાશાળી ખેલાડીઓને પોતાની ક્ષમતા પ્રદર્શિત કરવાની તક મળે છે. આવા પ્લેટફોર્મના માધ્યમથી અનેક યુવા ખેલાડીઓ રમતગમત ક્ષેત્રે પોતાની આગવી ઓળખ બનાવી રહ્યા છે. હિત કંડોરીયાએ માત્ર રાજ્ય કક્ષાએ જ નહીં પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. તેણે AITA (All India Tennis Association) દ્વારા આયોજિત નેશનલ ટેનિસ ટુર્નામેન્ટમાં વિજેતા બની પોતાની રમતગમત પ્રતિભાનો પરિચય આપ્યો છે. આ ઉપરાંત તેણે ATF Asian Tournamentમાં પણ ભાગ લઈ સારું પ્રદર્શન કર્યું છે.

હિત અત્યાર સુધીમાં ૬ જેટલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂક્યો છે. ઉપરાંત ITF વર્લ્ડ જુનિયર ટેનિસ ટુર્નામેન્ટની અન્ડર-૧૮ કેટેગરીમાં પણ હિતે પોતાની પ્રતિભા દર્શાવી છે અને બે વખત સેમિફાઈનલ સુધી પહોંચવાની સિદ્ધિ મેળવી છે. નાની ઉંમરે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં સતત સારો દેખાવ કરી હિતે જામનગરની રમતગમત પ્રતિભાને આગવી ઓળખ અપાવી છે.

SGFIમાં રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવવાની તાજેતરની સિદ્ધિ હિત કંડોરીયાની રમતગમત કારકિર્દીમાં વધુ એક મહત્વપૂર્ણ મોરચો ઉમેરે છે. ત્રણ વર્ષની ઉંમરથી જામનગરના ટેનિસ કોર્ટ પરથી શરૂ થયેલી તેની સફર આજે રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ સુધી પહોંચી છે.

આ સિદ્ધિ મેળવી તેણે જામનગર અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તેની સફળતા યુવા ખેલાડીઓને સતત મહેનત, શિસ્ત અને રમત પ્રત્યેની નિષ્ઠા સાથે આગળ વધવા માટે પ્રેરણા પૂરી પાડે છે. સરકારની રમતગમતલક્ષી યોજનાઓ, ખેલ મહાકુંભ અને SGFI જેવી સ્પર્ધાઓ યુવા પ્રતિભાઓને પોતાની ક્ષમતા સાબિત કરવા માટેનું મજબૂત મંચ પૂરું પાડી રહી છે.

જામનગર જિલ્લા કલેક્ટર પી. બી. પંડ્યાએ હિત કંડોરીયાને SGF ટેનિસ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવવા બદલ સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે હિતની આ સિદ્ધિને જામનગરના રમતગમત ક્ષેત્ર માટે ગૌરવપૂર્ણ ગણાવી, ભવિષ્યમાં પણ તે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી જામનગર અને ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવી છે. આ તકે નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી, જિલ્લા રમત વિકાસ અધિકારી બી.જે.રાવલિયા, શાળાના આચાર્ય વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને શુભકામનાઓ પાઠવી હતી.

## જામનગરમાં જમવાના બિલ મુદ્દે બે મિત્રો ઉપર ચાર શખ્સનો હુમલો

જામનગર : જામનગરના ખંભાળિયા નાકા પાસે મીરાદાતાર દરગાહ નજીક ઈંડા કરીની રેકડીએ જમવાના બિલ બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ચાર શખ્સોએ બે મિત્રોને માર માર્યાની ફરિયાદ સિટી 'એ' ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે.

શહેરના દી-પ્લોટ વિસ્તારમાં રહેતા અને બારી-દરવાજાનો વેપાર કરતા ચીરાગભાઈ વિજયભાઈ કટારમલ (ઉ.વ.૨૪) તા.૨૭ સપ્ટેમ્બરના રોજ રાત્રે પોણા ત્રણેક વાગ્યે મિત્ર લેખરાજ કાલવાણી અને હર્ષ ચાંદ્રા સાથે મીરાદાતાર દરગાહ પાસે ઈંડા કરીની રેકડીએ જમવા ગયા હતા. દરમિયાન નાઝીર ઉર્ફે નાઝલો નુરમામદ ધોધા તથા તેની સાથેના ઈરફાન કાસમ ખીરા, સાહીદ સલીમભાઈ મથુપોત્રા અને મોહમદહુશેન ઉમરભાઈ ધોધા પણ ત્યાં જમવા આવ્યા હતા.

આ દરમિયાન ફરિયાદીનો મિત્ર દીપક જમનાદાસ જેઠવાણી અને જીગ્નેશ ખીચડા પણ ત્યાં આવ્યા હતા. રાત્રે આશરે ત્રણ વાગ્યે નાઝીરે દીપકને 'મને જોઈને કેમ મોઢું ફેરવે છે?' કહી પોતાના બિલના પૈસા ચૂકવવા જણાવ્યું હતું. દીપકે બિલ ભરવાની ના પાડતાં નાઝીરે તેને ગાળો આપી ઝાપટા મારવાનું શરૂ કર્યું હતું.

આ સમયે ઈરફાને પ્લાસ્ટિકનું ટેબલ ઉપાડી ફરિયાદી ચીરાગભાઈના ડાબા હાથમાં ટેબલનો ઘા માર્યો હતો. સહીદે પણ ટેબલ ઉપાડી દીપકના વાસાના ભાગે ઘા માર્યો હતો. જ્યારે મોહમદહુશેને પોતાની પાસે રહેલી ચાવી વડે ફરિયાદીના વાસાના ભાગે આડેધડ ઘા મારી મૂઢ ઈજાઓ પહોંચાડી હતી.

આ ઉપરાંત નાઝીરે ફરિયાદી અને તેના મિત્ર દીપકને 'હવે પછી અહીં ફરકતા નહીં, નહીં તો જાનથી પતાવી દઈશ' તેવી ધમકી આપી હતી. બનાવ સમયે સાથે રહેલા લેખરાજ અને હર્ષે બંનેને છોડાવ્યા હતા. ત્યારબાદ ફરિયાદી અને દીપક સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ગયા હતા, જ્યાં બંનેને બહારના દર્દી તરીકે સારવાર આપી રજા કરવામાં આવી હતી.

આ બનાવ અંગે ચીરાગભાઈ કટારમલે નાઝીર સહિત ચારેય શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી. એક્ટની કલમ ૧૩૫(૧) હેઠળ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લાલપુરના કાનાશિકારી પાસે ચક્કર આવતાં પડી ગયેલા આધેડનું મૃત્યુ

જામનગર : જામનગરના ગોકુલનગર-મયુરનગર વિસ્તારમાં રહેતા એક આધેડ લાલપુર તાલુકાના કાના શિકારી ગામે કામ પર ગયા હતા ત્યારે તેઓને અચાનક ચક્કર આવતા પડી ગયા બાદ તેઓનું મૃત્યુ નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના ગોકુલનગર-મયુરનગર શેરી નં.૫માં રહેતા દશરથસિંહ નારૂભા વાળા નામના ૫૯ વર્ષીય આધેડ તા.૨૮ ના રોજ લાલપુર તાલુકાના કાના શિકારી સીમ, સોલાર ગેટ પાસે ગેટપર પંચમારી તરફ બહાર નીકળ્યા હતા. તે દરમિયાન તેમને અચાનક ચક્કર આવતા તેઓ પડી ગયા હતા. જેથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે નરેન્દ્રસિંહ વાળાએ મેઘપર પોલીસને જાણ કરતા હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગર જિલ્લામાં વર્લી-મટકાના જુગારમાં પાંચ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લામાં પોલીસે વર્લી-મટકાના જુગાર અંગે પાંચ સ્થળે જુદા-જુદા દરોડામાં પાંચ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ સહિતનું સાહિત્ય કબ્જે કરવામાં આવ્યું છે.

લાલપુર એસ.ટી. બસ સ્ટેશન પાસે જાહેર રોડ પરથી પોલીસે સાજણ કમાભાઈ ફફલ, ઉંમર ૪૭, રહે. ગોહીલવાસ ધરાનગરને વર્લી-મટકાના આંકડા લખતા ઝડપી લીધો હતો. તેની પાસેથી રૂ. ૧૨૦ રોકડા, આંકડા લખેલી ચિઠ્ઠી અને બોલપેન મળી કુલ રૂ. ૧૨૦નો મુદ્દામાલ કબજે થયો હતો.

જામજોધપુરના ખરાવાડ વિસ્તારમાં તકદીર પાન પાસે જાહેરમાં વર્લી-મટકાના આંકડા લખી જુગાર રમતા રવીભાઈ મનસુખભાઈ સોલંકીને પોલીસે ઝડપી લીધો હતો. તેની પાસેથી રૂ. ૧૨૦ રોકડા, આંકડા લખેલો કાગળ અને બોલપેન મળી કુલ રૂ. ૧૨૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

કાલાવડ ગ્રામ્ય પોલીસે નીકાવા ગામના સામાકાંઠે જાહેરમાં વર્લી-મટકાના આંકડા લખી જુગાર રમતા સકીલભાઈ ઉર્ફે ટીનો નુરશાભાઈ શાહમદારને ઝડપી લીધો હતો. તેની પાસેથી રૂ. ૪૨૫ રોકડા, વર્લી-મટકાની ચિઠ્ઠી અને બોલપેન મળી કુલ રૂ. ૪૨૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ ઉપરાંત પંચકોશી 'એ' પોલીસે ધુવાવ હાઉસિંગ બોર્ડના ગરબીચોક પાસેથી રીઝવાનભાઈ ગુલામકાદરભાઈ શેખ, રહે. હાપા એલગન સોસાયટીને વર્લી-મટકાના આંકડા લખતા ઝડપી લઈ તેની પાસેથી રૂ. ૨૧૦ રોકડા તથા મટકાનું સાહિત્ય કબજે કર્યું હતું. તેમજ હાપા ચાંદની ચોક ટાવર પાસે પોલીસે વાસુદેવ ચંદુભાઈ સરવૈયાને વર્લી-મટકાના આંકડા લખતા ઝડપી લીધો હતો. તેની પાસેથી રૂ. ૨૨૦ રોકડા તથા વર્લી-મટકાનું સાહિત્ય મળી કુલ રૂ. ૨૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## જામનગરમાં ન્યૂસન્સ કરનારા પાંચ વેપારીઓ સામે દંડકીય કાર્યવાહી, ૪૮ને નોટિસ

જામનગર : જામનગર મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ તથા એસ્ટેટ શાખા દ્વારા શહેરના વિવિધ કોમર્શિયલ વિસ્તારોમાં નાઈટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન કોમર્શિયલ વિસ્તારોમાં પોતાના ધંધાના સ્થળે ડસ્ટબિન નહી રાખી અને જાહેરમાં કચરો ફેંકી ન્યૂસન્સ કરનારા તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન વાહનમાં પોતાના એકમનો કચરો નહી આપનારા આસામીઓ પાસેથી કુલ રૂ. ૬૮,૭૫૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. ઉપરાંત નિયમોનું પાલન નહી કરનારા ૪૮ ધંધાર્થીઓને નોટિસ આપવામાં આવી હતી.





તસવીર: સુનિલ ચુડાસમા

## ખંભાળિયા તાલુકાના ભરાણા ગામના યુવાને ઝેરી પ્રવાહી પી કરી આત્મહત્યા

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના ભરાણા ગામના યુવાને અગમ્ય કારણોસર પોતાની વાડીએ કોઈ પ્રવાહી પી લેતા તેનો ઝેરી અસર થતા મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના પિતા દ્વારા વાડીનાર મરીન પોલીસ દફતરે જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ જીણવટભરી તપાસ આરંભી છે. બીજીતરફ પરિવાર ઉપર આ બનાવથી આભ તુટી પડ્યું છે.

મળતી માહિતી અનુસાર ખંભાળિયા તાબેના ભરાણા ગામમાં રહેતા ભદ્રરાજસિંહ ઉર્ફે બ્રિજરાજસિંહ મંગળસિંહ જાડેજા નામના ૩૦ વર્ષના યુવાને કોઈ કારણસર પોતાની મેળે વાડીએ જઈ ઝેરી પ્રવાહી ગટગટાવી આત્મહત્યા કરી લેતા પરિવારમાં ભારે ગમગીની પ્રસરી ગઈ છે બીજીબાજુ આ બનાવની મૃતકના પિતા દ્વારા વાડીનાર મરીન પોલીસ દફતરે જાણ કરવામાં આવતા હે. કો. એમ. એચ. કરંગીયા સહિતના પોલીસ સ્ટાફે સ્થળપર દોડી જઈ તપાસનો દૌર શરૂ કર્યો છે.

## જામનગરમાં ફેક્ટરીમાંથી રૂ.૭.૫૨ લાખની ચોરી કરનાર બે સિક્યુરિટી ગાર્ડ ઝડપાયા

જામનગર : જામનગરમાં સિલ્વર પ્રેટેન નામની ફેક્ટરીમાં કામ કરતા સિક્યોરિટી ગાર્ડ ઈલેક્ટ્રિક મોટર સહિત રૂ.૭.૫૨ લાખની કિંમતના માલસામાનની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેને બેડેશ્વર પોલીસ ચોકીની ટીમે ઝડપી પાડ્યા છે.

જામનગરમાં સિલ્વર પ્રેટેન પ્રા.લિ. ફેક્ટરીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા......તા.૭ જાન્યુઆરીના રોજ બંનેએ ફેક્ટરીમાં રહેલી ૧૨ ઈલેક્ટ્રિક મોટર, અંદાજે ૫૦૦ કિલો ટ્રાન્સફોર્મરના કોપરના વાયર તથા આશરે ૪૫ કિલો લોખંડનો સ્ક્રેપ મળી કુલ રૂ.૭,૫૨,૦૦૦ની કિંમતનો માલ ચોરી કર્યો હતો.



આ નાસતા ફરતા બંને આરોપીઓને બેડેશ્વર ચોકીના પોલીસ હેડ કોન્સ્ટેબલ ભાયાભાઈ જી. ચંદ્રાવાડિયા તથા હરદીપસિંહ એમ. જાડેજાને મળેલી બાતમીના આધારે પોલીસે રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લાના ભાદરા તાલુકાના શેરડા ગામના નિતેશકુમાર બદ્રીપ્રસાદ મેઘવાર (ઉ.વ.૨૩) તથા દિનેશ રામસિંગ મેહરા (ઉ.વ.૨૧)ને ઝડપી પાડ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં સાપ્તાહિક અખબારના તંત્રીને માર મારી પતાવી દેવાની ધમકી

### મામાની વિરુદ્ધમાં લખીશ કે બોલીશ તો પતાવી દઈશ કહી બે ઝાપટ માર્યાનો આક્ષેપ

જામનગર : જામનગરમાં પાણીના પ્રશ્ને લોકો ભેગા થયા હતા ત્યારે પ્રજાના સુર સાપ્તાહિક અખબારના તંત્રીને બે ઝાપટ મારી, તેમના મામા અલ્તાફ ખફી વિરુદ્ધમાં લખવા કે બોલવા બદલ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ સીટી 'એ' ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે.

શહેરના કિશાનચોક, માલદેવભુવન સામે દરજીની ડેલી ખાતે રહેતા રમેશભાઈ કાનજીભાઈ કટારમલ (ઉ.વ. ૬૭)એ જણાવ્યું છે કે તેઓ પરિવાર સાથે રહે છે અને પ્રજાના સુર અખબારના માલિક તથા તંત્રી તરીકે કામ કરે છે. તા. ૨૭ સપ્ટેમ્બરના રોજ મારવાડીવાસ વિસ્તારમાં પાણી આવતું ન હોવાથી અગાઉ સ્થાનિક લોકોએ તેમની પાસે ફરિયાદ કરી હતી. આ અંગે તેમણે જામનગર મહાનગરપાલિકાના વોટર વર્ક્સના કાર્યપાલક ઈજનેરને જાણ કરી હતી.

ત્યારબાદ વાલમેન નિમેષભાઈ નંદા તથા કોન્ટ્રાક્ટર મારવાડીવાસ ખાતે આવ્યા હતા અને રમેશભાઈને પણ ત્યાં બોલાવ્યા હતા. મારવાડીવાસ અને જાગૃતી કોલોની વચ્ચેના કેટલાક ઘરોમાં પાણી મળતું ન હોવાના પ્રશ્ને લોકો ભેગા થઈ ચર્ચા કરી હતી. બીજા દિવસે પાણીનો વારો હોવાથી તે સમયે પાણી ચાલુ કરવા અંગે વાતચીત થઈ હતી અને વાલમેન તથા કોન્ટ્રાક્ટર ત્યાંથી નીકળી ગયા હતા.

ત્યારબાદ સતારભાઈ ઉમરભાઈ સુમરા, રહે. જાગૃતિ કોલોની, મારવાડીવાસ વચ્ચે, રણજીતસાગર રોડ, જામનગર, સિલ્વર રંગની નંબર પ્લેટ વગરની એક્સેસ મોટરસાયકલ લઈને ત્યાં આવ્યા હતા. મોટરસાયકલ પરથી ઉતરી તેમણે રમેશભાઈને બે ઝાપટ મારી હતી. ત્યારબાદ તેમના મામા અલ્તાફ ખફી વિરુદ્ધમાં કેમ લખે છે અને કેમ બોલે છે તેમ કહી, હવે પછી અલ્તાફ ખફી વિરુદ્ધમાં લખશે કે બોલશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

રમેશભાઈએ મોબાઈલ ફોન કાઢીને બનાવનું વીડિયો રેકોર્ડિંગ શરૂ કર્યું હતું. તે સમયે તેમની સાથે તેમની દીકરીનો દીકરો તનીપ તથા મારવાડીવાસની કેટલીક મહિલાઓ પણ હાજર હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. લોકો એકઠા થતાં સતારભાઈ પોતાની મોટરસાયકલ લઈને ત્યાંથી જતા રહ્યા હતા. આ બનાવ અંગે રમેશભાઈ કટારમલે સીટી 'એ' ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરી છે.

## રામેશ્વર ખીડિયાર મંદિર દ્વારા સર્વ જ્ઞાતિય સમુહલગ્નોત્સવ આયોજન

જામનગર : જામનગરના રામેશ્વરનગરના છેડે વિનાયક રોડ પર સ્થિત આઈશ્રી ખોડિયાર માતાજી મંદિર દ્વારા આ વર્ષે પણ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન તા. ૧૩-૧૨-૨૦૨૬ ના રવિવારે કરવામાં આવ્યું છે. શ્રી બાબુ આઈમા પ્રેરીત આ સમૂહ લગ્નમાં ૭ યુવક-યુવતીઓ પ્રભૂતામાં પગલાં માંડશે. આ સમૂહ લગ્નમાં ભાગ લેનાર યુવક-યુવતીઓ એક જ જ્ઞાતિના હોવા જોઈએ. આ અંગેના ફોર્મ વહેલા તે પહેલાના ધોરણે તા. ૩૦-૯-૨૦૨૬ થી તા. ૧૫-૧૧-૨૦૨૬ સુધીમાં ભરી શકાશે. વધુ વિગત માટે પ્રવિણભાઈ ગઢવી (મો. ૯૮૨૫૭ ૧૫૯૨૦) નો સંપર્ક કરવો.

## ગોરીંજા નજીક મોટરકારની હડફેટે બાઈક સવાર બે યુવાન ઈજાગ્રસ્ત

ખંભાળિયા : દ્વારકા તાબેના ગોરીંજા ગામના હાઈવે રોડ પર ગામના જ મોટરસાયકલ સવાર બે યુવાનને અકસ્માત નડ્યો હતો જેમાં તેઓને મોટરકારના ચાલકે ઠોકર મારી પછાડી દેતા શરીરે નાની - મોટી ઈજાઓ પહોંચી હોઈ આ બનાવમાં ઈજાગ્રસ્ત યુવાન દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે મોટરકાર ચાલક સામે ગુન્હો દાખલ કરી આગળની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા તાલુકાના ગોરીંજા ગામમાં રહેતો સાચલભા લગ્ધીરભા સુમાણી અને રાણાભા રાજમલભા કેર નામના બન્ને યુવાન ગત તા. ૨૭ ના રોજ જી. જે. ૩૭ . એન. ૮૭૬૮ નંબરના મોટરસાયકલમાં દ્વારકા-પોરબંદર હાઈવે પર આવેલ પોતાના ગામ પાસેથી પસાર થતા હોય દરમિયાન ત્યાંથી પૂરઝડપે નીકળેલા જી. જે. ૩૭. એ. બી. ૫૫૭૫ નંબરની મોટરકારના ચાલકે મોટરસાયકલને ઠોકર મારી અકસ્માત સર્જતા બન્ને યુવાન ઘાયલ થયા હતા જે બનાવની મોટરકાર ચાલક સામે સાચલભા સુમાણી દ્વારા સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ દ્વારકાધીશને શિષ ઝુકાવ્યું




દ્વારકા : ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી ગઈકાલે દ્વારકા ખાતે આવ્યા હતા અને તેઓએ ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝૂકાવી દર્શન કર્યા હતાં. શંકરભાઈ ચૌધરીએ ભગવાન દ્વારકાધીશને વિધિપૂર્વક પૂજન, અર્ચના કરી ગુજરાતના નાગરિકોની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટેની હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી. દ્વારકાધીશ મંદિર ખાતે પ્રાંત અધિકારી ગઢવીએ અધ્યક્ષને ઉપરણું, મોમેન્ટો આપી સ્વાગત કર્યું હતું.

## જામનગર જિલ્લાની ૩૬ ગૌશાળા-પાંજરાપોળ માટે રૂ.૨.૨૬ કરોડથી વધુની આર્થિક સહાય મંજૂર

### પ્રથમ ત્રિમાસિક ગાળા માટે જિલ્લાના ૮,૩૦૯ પશુઓના નિભાવ અર્થે મંજૂર કરાઈ સહાય

જામનગર : જામનગર જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' (વર્ષ ૨૦૨૬-૨૭) અન્વયે જિલ્લા કક્ષાની સમિતિની પ્રથમ ત્રિમાસિક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પાત્રતા ધરાવતી ગૌશાળાઓ અને પાંજરાપોળો દ્વારા કરવામાં આવેલી અરજીઓને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટર દ્વારા સહાય મંજૂર કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ હપ્તા તરીકે એપ્રિલ-૨૦૨૬ થી જૂન-૨૦૨૬ સુધીના કુલ ૯૦ દિવસ માટે પશુ નિભાવ સહાય મેળવવા 'આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦' પર કુલ ૩૬ સંસ્થાઓ દ્વારા ઓનલાઈન અરજીઓ કરવામાં આવી હતી. જે તમામ અરજીઓની ચકાસણી હાથ ધરીને દૈનિક ૧૦૦૦થી ઓછી પશુઓની સંખ્યા ધરાવતી આ તમામ ૩૬ સંસ્થાઓની અરજીઓને જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

જિલ્લામાંથી મંજૂર થયેલી ૩૬ સંસ્થાઓના કુલ ૮,૩૦૯ પશુઓ માટે પ્રતિદિન પશુ દીઠ રૂ.૩૦ લેખે પ્રથમ તબક્કાની કુલ રૂ.૨,૨૬,૮૩,૫૭૦ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે. આ મંજૂર થયેલી અરજીઓ હવે આગળની નાણાકીય ચુકવણા પ્રક્રિયા અર્થે 'ગુજરાત રાજ્ય ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર' ખાતે મોકલી આપવામાં આવશે. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ અગત્યની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના જિલ્લા કક્ષાના પ્રતિનિધિઓ તેમજ સમિતિના વિવિધ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરના ગોકુલનગરમાં તીનપત્તીનો જુગાર રમતી પાંચ મહિલા સહિત સાત ઝડપાયા

જામનગર : જામનગરના ગોકુલનગર મયુરનગર શેરી નં.૩માં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે સીટી-સી ડિવિઝન પોલીસના સર્વેલન્સ સ્કોડે દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર રમતી પાંચ મહિલા સહિત સાત શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા.

શહેન ગોકુલનગર વિસ્તારમાં મયુરનગર શેરી નં. ૩માં સ્ત્રી-પુરુષ જાહેરમાં જુગાર રમે છે તેવી બાતમી પરથી પોલીસે દરોડો પડ્યો હતો. જ્યાં જુગાર રમી રહેલ ઈલાબા મહિપતસિંહ જાડેજા, કાંતાબેન ચીનાભાઈ કુનતીયા, દિનુબેન ઉર્ફે ટીનાબેન વાઘેલા, ગીતાબેન દિનેશભાઈ રીબડીયા, રસીલાબેન કિશોરભાઈ મકવાણા, દિગવીજયસિંહ ભુપતસિંહ જાડેજા અને હરદીપસિંહ ચંદુભા ચુડાસમા ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રૂ. ૨૧,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

બંને પુરુષોને અટક કરવામાં આવ્યા હતા, જ્યારે પાંચેય મહિલાઓને નોટિસ આપી મુક્ત કરવામાં આવી હતી.


### ગુજરાત સરકાર
### નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
### જાહેર નિવિદા નં. ૫ સને ૨૦૨૬—૨૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ યોજના પેટા વિભાગ નં.૬/૧, જિલ્લા સેવા સદન—૪, પહેલો માળ, જામનગર—રાજકોટ હાઈવે, જામનગર—૩૬૧૦૦૧ (ફોન નં. ૦૨૮૮—૨૫૭૦૪૨૭) દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી નીચેના કામો સામે નિર્દિષ્ટ તારીખમાં અરજીઓ માંગવામાં આવે છે. જેમાં ટેન્ડર આપવાની છેલ્લી તા.૦૧—૧૦—૨૦૨૬ ને ૧૬.૦૦ કલાક સુધી, ટેન્ડર પરત આપવાની છેલ્લી તા.૦૯—૧૦—૨૦૨૬ ને ૧૬.૦૦ કલાક સુધી અને ટેન્ડર ખોલવાની તા.૦૯—૧૦—૨૦૨૬ ના રોજ ૧૭.૦૦ કલાક (શકય હશે તો) રહેશે.

| અ નં | કામનું નામ | (૧) અંદાજીત કિંમત (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી (૪) વર્ગ |
|---|---|---|
| ૧ | **રૂપારેલ વોટર રીસોર્સીઝ પ્રોજેકટ.** પ્રોવાઈડીંગ, ફેબ્રીકેટીંગ એન્ડ ઈરેકટીંગ ન્યુ ચેકર્ડ પ્લેટ એન્ડ રબર સીલ ઓફ એલ.બી.એચ.આર. ઓફ રૂપારેલ વોટર રીસોર્સીઝ પ્રોજેકટ(તા.જામનગર, ડીસ્ટી. જામનગર). | (૧) રૂા.૪,૪૨,૫૪૩—૨૦ (૨) રૂા.૫,૦૦૦—૦૦ (૩) રૂા.૬૦૦/— (૪) ઈ—૨ અને ઉપર |

વધુ વિગત માટે ઉકત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.
નં.માહિતી/જામ/ ૪૮૫ /૨૦૨૬

### ભાણવડ નગરપાલિકા
### *ઈ-ટેંડરીંગ નિવિદા*
ભાણવડ નગરપાલિકા દ્વારા રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસેથી નીચેના કામના ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે.

| ક્રમ | કામની વિગત | અંદાજિત રકમ (લાખમાં) | ઈ.એમ.ડી. ની રકમ | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧ | ભાણવડ નગરપાલિકામાં ડોર ટુ ડોર કલેક્શન કરવાનું કામ | ૫૮.૧૦ | ૫૮,૧૦૦/- | ૧,૫૦૦/- |

ઉપરોક્ત કામોના ભાવો ઓનલાઈન ટેન્ડરથી મંગાવવામાં આવેલ છે. ટેન્ડર તા.૦૧/૧૦/૨૦૨૬ થી ઓનલાઈન જોઈ શકાશે. ઓનલાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તા.૧૨/૧૦/૨૦૨૬ છે. અને ફિઝીકલ ડોક્યુમેન્ટ સબમીટ કરવાની છેલ્લી તા.૧૫/૧૦/૨૦૨૬ છે. ઓનલાઇન ટેન્ડર શક્ય હશે તો તા.૧૬/૧૦/૨૦૨૬ ને સાંજેના ૪.૦૦ કલાકે ખોલવામાં આવશે. સદરહુ કામના ટેન્ડર ડોકયુમેન્ટને લગતી વધુ માહિતી માટે https://www.tender.nprocure.com પર લૉગ ઓન કરવું અથવા ભાણવડ નગરપાલિકાના બાંધકામ શાખાનો સંપર્ક કરવો. ટેન્ડર મંજૂર તથા ના-મંજૂર કરવાનો હક ભાણવડ નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર, ભાણવડ નગરપાલિકા — પ્રમુખશ્રી, ભાણવડ નગરપાલિકા
માહિતી-જામ.-વ.જા.ખ./૪૯૩/૨૦૨૬


સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ડ્રોન હુમલાઓ સામે રક્ષણ : સરહદ પર સ્ટીલ મેશ સુરક્ષા કવચ સ્થાપિત

આધુનિક યુદ્ધના મેદાનમાં માનવરહિત હવાઈ સિસ્ટમ્સ એ સૈન્ય સંચાલનનું સ્વરૂપ જ બદલી નાખ્યું છે. નાના, સસ્તા અને સહેલાઈથી ઉપલબ્ધ ડ્રોન હવે પરંપરાગત સૈન્ય માળખા માટે ગંભીર પડકારરૂપ બન્યા છે. ભારતીય સેના આ પડકારને ગંભીરતાથી લઈ રહી છે અને સરહદી વિસ્તારોમાં તેમજ સંવેદનશીલ લશ્કરી સ્થાપનોની સુરક્ષા માટે બહુસ્તરીય વ્યૂહરચના અપનાવી રહી છે. આ દિશામાં સૌથી નોંધપાત્ર પગલું એ છે કે સેના હવે ક્ષેત્રીય વિસ્તારોમાં સ્થિત મહત્વપૂર્ણ સ્થાપનો અને સંવેદનશીલ લશ્કરી માળખા પર મલ્ટી-લેયર એન્ટી-ડ્રોન સ્ટીલ મેશ સ્ક્રીન સ્થાપિત કરવાની તૈયારી કરી રહી છે.આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ડ્રોન અને નાના યુએએસ હુમલાઓ સામે મહત્વપૂર્ણ સ્થાપનોને વધારાની સુરક્ષા પ્રદાન કરવાનો છે. ધ ન્યૂ ઇન્ડિયન એક્સપ્રેસના અહેવાલ અનુસાર, આ એન્ટી-ડ્રોન મેશ સ્ક્રીન શરૂઆતમાં પશ્ચિમ ક્ષેત્રના ઘણા સ્થળોએ સ્થાપિત કરવામાં આવશે. યોજના હેઠળ ખાસ કરીને કમાન્ડ સેન્ટરો, દારૂગોળા સ્ટોર્સ અને અન્ય મહત્વપૂર્ણ માળખાઓને સુરક્ષિત કરવામાં આવશે. આ સ્ક્રીનો સેનાની હાલની એન્ટી-ડ્રોન સિસ્ટમ્સ સાથે જોડાણમાં કામ કરશે, જેમાં એન્ટી-ડ્રોન ગન, લેસર અને જામરનો સમાવેશ થાય છે.૨૫ સપ્ટેમ્બરના રોજ સેના દ્વારા જારી કરાયેલ ઇર્હ્ર અનુસાર, દરેક સ્ટીલ મેશ સ્ક્રીન આશરે ૩૭ મીટર લાંબી અને ૨૦ મીટર પહોળી હશે. તેમાં વિવિધ પ્રકારના સ્ટીલ મેશના ત્રણ સ્તરો હશે, જેમાં દરેક સ્તર વચ્ચે એક નિશ્ચિત અંતર રાખવામાં આવશે. આ ડિઝાઇનનો મુખ્ય હેતુ આવનારા ડ્રોન અથવા નાના યુએએસને સીધા લક્ષ્ય સુધી પહોંચતા અટકાવવાનો, તેમની ગતિ અને ઊર્જા ઘટાડવાનો તથા તેમને ફસાવવાનો છે. આ માળખું સક્રિય એન્ટી-ડ્રોન સિસ્ટમ્સ સાથે જોડાણમાં કાર્ય કરશે, જેથી સંપૂર્ણ સુરક્ષા કવચ તૈયાર થઈ શકે.

આ સ્ટીલ મેશ સ્ક્રીનની એક અનોખી વિશેષતા એ છે કે તેને બાહ્ય સ્તરે બિન-પ્રતિબિંબિત કોટિંગ અને મલ્ટી-સ્પેક્ટ્રલ છદ્માવરણ પેઇન્ટથી કોટેડ કરવામાં આવશે. આનો મુખ્ય હેતુ સ્ક્રીનને આસપાસના ભૂપ્રદેશમાં ભેળવી દેવાનો છે. આ પગલું હવાઈ અને જમીન દેખરેખ દરમિયાન સ્ક્રીનના દ્રશ્ય અને થર્મલ હસ્તાક્ષરને ઘટાડવામાં મદદરૂપ થશે, જેથી દુશ્મન ડ્રોન કે નિરીક્ષણ સાધનો માટે તેને ઓળખવી મુશ્કેલ બનશે.નાના અને નીચા ઉડતા ડ્રોન સૈન્ય માટે સૌથી મોટો પડકાર ઊભો કરે છે. તેમને શોધવા અને અટકાવવાનું મોટા યુએએસ કરતા વધુ મુશ્કેલ હોઈ શકે છે. આ કારણોસર, સ્ટીલ મેશ સ્ક્રીનનો ઉપયોગ વધારાના સુરક્ષા સ્તર તરીકે કરવામાં આવશે, જે સક્રિય એન્ટી-ડ્રોન સિસ્ટમ સાથે મળીને કામ કરશે. આ સંકલિત અભિગમ દુશ્મન ડ્રોનને શોધવાથી લઈને નાશ કરવા સુધીની સંપૂર્ણ સુરક્ષા સાંકળ પ્રદાન કરશે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, ૨૦૨૫-૨૬માં ભારત-પાકિસ્તાન સરહદ પર ૮૬૩ ડ્રોન ઘૂસણખોરીની ઘટનાઓ નોંધાઈ હતી. તેમાંથી ૮૫૪ ઘટનાઓ પંજાબ અને રાજસ્થાનમાં બની હતી. આ ઘટનાઓ દરમિયાન, ૨૩૭ ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા. આમાંથી પાંચ ડ્રોનમાં દારૂગોળો, ૭૨માં માદક દ્રવ્યો અને ૧૬૧માં કોઈ પેલોડ ન હોવાનું જાણવા મળ્યું હતું. સંરક્ષણ મંત્રાલયના ૨૦૨૫-૨૬ના વાર્ષિક અહેવાલમાં જણાવાયું છે કે દુશ્મન આંતરરાષ્ટ્રીય સરહદ પર, ખાસ કરીને પંજાબમાં, જાસૂસી અને શસ્ત્રો, દારૂગોળો તથા માદક દ્રવ્યોની દાણચોરી માટે ડ્રોનનો ઉપયોગ કરવાના પ્રયાસો વધારી રહ્યો છે.

## નાની પણ મહત્વની વાતો

(૧) ઘરના અરીસા તેમજ કાચને ચમકીલો કરવાના નુસખા : મીઠાના હુંફાળા પાણીમાં કપડું પલાળી તેનાથી અરીસો લુછવાથી ચમકી ઊઠશે.

સરકાને એક સ્પ્રે બોટલમાં ભરી જ્યારે પણ જરૂર લાગેત્યારે કાચ પર સ્પ્રે કરી કોરા સ્વસ્છ કપડાથી લૂછવું.

બેકિંદ સોડાને પાણીમાં ભેળવી આ મિશ્રણમાં સ્પંજ અથવા તો મુલાયમ કપડું બોળી કાચ સાફ કરવાથી તેના પરના ડાઘ ધાબા દૂર થતાં જ ચમકી ઊઠશે.

(૨) ઉપયોગી કેળાની છાલ : કેળું ખાધા પછી સામાન્ય રીતે કેળાની છાલ ફેંકી દેવામાં આવતી હોય છે. પરંતુ કેળાની છાલમાં સમાયેલા ગુણ ખાતર તરીકે કામ આવે છે. કેળાની છાલના ઝીણાં ટુકડા કરી તેને ખાતરમાં ભેળવી દેવું. થોડા દિવસો પછી આ ખાતરને છોડવામાં નાખવાથી ફાયદો થાય છે.

કેળાની છાલને ગરમ પાણીમાં ઉકાળી રાખી દેવી. બેઅઠવાડિયા પછી આ છાલ પાણીમાં મિક્સ થઈ ગઈ હશે. આપાનીને છોડવામાં નાખવાથી ફાયદો થાય છે.

(૩)વર્ષાઋતુની સામાન્ય બીમારીઓથી બચાવતા ખાદ્યપદાર્થો : ચોમાસા દરમિયાન ઊધરસ, શરદીની તકલીફ સામાન્ય થઈ જાય છે. વાતાવરણમાં વધુ પડતા ભેજના પ્રમાણ, પાણીમાં બેકટેરિયા અને વાયરસ થતા હોવાથી પેટની તકલીફો થતી હોય છે.

તુલસી : તુલસને આર્યુવેદમાં ઔષધીઓની રાણી કહેવામાં આવે છે. તેમાં એન્ટી વાયરલ, એન્ટી બેકટેરિયલ અને એન્ટી ઈન્ફેમેટરી ગુણ હોય છે.

તુલસીના તાજા પનાનને ચાવીને ખાવાથી અથવા તો ચા ઉપરાંત પાણીમાં ઉકાળીન પીવાથી ફાયદો થાય છે.

આદુ : આદુ એક કુદરતી દર્દનાશક ખાદ્યપદાર્થ છે. તેના સેવનથી શરીરમાં સોજો ઓછો થાય છે. તેમજ ઈન્યૂન સેલ્સને સક્રિય કરવામાં મદદ કરે છે.

વાનગીમાં આદુ ઉમેરવાથી ફાયદો થાય છે. તેમજ ચા અથવા પાણીમાં આદુ ભેળવી પીવાથી ઈમ્યુનિટી વધે છે.

મરી : મરીમાં પાઈપરિન નામનો કમ્પાઉન્ડ સમાયેલો છે. જે એન્ટી બેકટેરિયલ હોવાની સાથેસાથે એન્ટી ઓક્સીડન્ટસ પણ પ્રચુર માત્રામાં સમયેલા હોય છે. મરીને મસાલા તરીકે, સુપમાં તેમજ સલાડમાં ભભરાવીને ખાવું.

મીઠો લીમડો : મીઠા લીમડો વાનગીમાં ફક્ત સ્વાદ જ વધારત ોનથી પરંતુ તે એન્ટી ઓક્સીડન્ટ, વિટામિન્સ અને મિનરલ્સનો ભંડાર છે. તેમાં સમાયેલા કેરોટીનોયડસ ઈમ્યુનિટીને બૂસ્ટ કરવાનું કામ કરે છે. મીઠા લીમડાને વાનગીમાં સામેલ કરવાથી સ્વાદ વધવાની સાથે પોષણ પણ આપે છે.

લીંબુ : લીંબુમાં વિટામિન સી પ્રચુર માત્રામાં સમાયેલું હોય છે. તેના સેવનથી વ્હાઈટ બ્લડ સેલ્સની સંખ્યા વધે છે. જે સંક્રમણ સામે લડવા માટે અનિવાર્ય છે.

લીંબુને વાનગી તેમજ ચા, સલાડ અને હુંફાળા પાણીમાં ભેળવીને નિયમિત સેવન કરવાથી ફાયદો થાય છે.

## રંગબેરંગી રમકડાં : કોઈ માટે સ્વપ્ન તો કોઈ માટે જવાબદારી



ક્લિક કોર્નર

- ચિરાગસિંહ પરમાર

રાત્રિના અંધકારમાં રસ્તાની એક બાજુએ બેઠેલી આ મહિલાની લારીમાં માત્ર રમકડાં જ નથી દેખાતા; તેની સાથે સપનાંઓ અને અનિવાર્ય જવાબદારીઓની એક અદૃશ્ય ગાથા પણ લટકતી દેખાય છે. આ રમકડાં કોઈ માસૂમ શિશુના ચહેરા પર હાસ્યની લહેર જગાવવાનું માધ્યમ બને છે, તો તેને વેચતી આ માતૃશક્તિ માટે એ જ રમકડાં આવતીકાલના જીવનનિર્વાહનો આધારસ્તંભ છે. કોઈના બાળપણના સ્વપ્નોને રંગ આપતાં આ ખિલોનાં, કોઈ માતાના જીવનસંઘર્ષને પણ રંગીન બનાવવાની આશા લઈને નીકળ્યાં છે. બાળપણમાં સપનાંઓ કલ્પનાના રંગોથી સિંચાતાં હોય છે; પરંતુ સમયની સાથે જીવનની કેડી પર આગળ વધતાં, એ જ સપનાંઓ પર જવાબદારીઓનો ભાર ધીમે ધીમે તોળાતો જાય છે. કોઈનું સ્વપ્ન એક સુદૃઢ ઘરનું હોય છે, કોઈનું સંતાનોના ઉજ્જવળ શૈક્ષણિક ભવિષ્યનું... અને કદાચ આ સ્ત્રીનું સ્વપ્ન તો એટલું જ છે—આજનો પરિશ્રમ આવતીકાલની સવારને થોડી વધુ નિશ્ચિંત, થોડી વધુ આશાસ્પદ બનાવી શકે. જીવનની વાસ્તવિકતા કદાચ આ જ છે— સપનાંઓને હૃદયમાં જીવંત રાખવાં અને જવાબદારીઓને શ્રદ્ધા, સંઘર્ષ અને સમર્પણ સાથે નિભાવતાં રહેવું. કારણ કે કોઈ માટે આ રંગબેરંગી રમકડાં માત્ર રમકડાં છે, તો કોઈ માટે એ જ રમકડાં જીવનનાં સપનાંને જીવંત રાખતી રોજીરોટી છે.

# પિતૃપક્ષ : સ્મૃતિ, કૃતજ્ઞાતા અને સંબંધોનું પુનઃજોડાણ

વિશેષ

આધુનિક પેઢી પિતૃપક્ષને બાહ્ય રૂઢિચુસ્તતામાંથી મુક્ત કરીને તેને આ ઊંડા મનોવૈજ્ઞાનિક, સામાજિક અને પારિવારિક પરિપ્રેક્ષ્યમાં જોશે, ત્યારે આ પર્વ માત્ર ૧૬ દિવસની કર્મકાંડીય ઔપચારિકતા નહી રહે; પરંતુ જનરેશન ગેપ, ઈમોશનલ ટ્રોમા અને ડિટેચમેન્ટના ગિલ્ટમાંથી બહાર આવીને ગ્રેટિટ્યૂડને અનુભવવાનો ઉત્સવ બની જશે.

આજના અત્યાધુનિક, અલ્ગોરિધમ આધારિત અને ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આ યુગમાં માનવજીવન અગાઉ ક્યારેય નહોતું તેટલું ઝડપી બની ગયું છે. એક ક્લિક પર વૈશ્વિક માહિતી મેળવી લેતી અને સ્ક્રીન પર સેંકડો ડિજિટલ મિત્રો ધરાવતી આજની નવી પેઢી કદાચ ભૌતિક રીતે સમગ્ર વિશ્વ સાથે જોડાયેલી છે, પણ ભાવનાત્મક રીતે પોતાના મૂળિયાંથી ક્યાંક વિખૂટી પડી રહી છે. આ વાત અત્યારે એટલે યાદ કરવી પડી કે, હાલમાં પિતૃપક્ષ અથવા તો એમ કહીએ કે શ્રાદ્ધ પક્ષ શરૂ થઈ ગયો છે. નવી પેઢીના ઘણા છોકરાઓના મનમાં સહજ પ્રશ્ન ઊઠે છેઃ આ ડિજિટલ જમાનામાં કાગડાને ખીર ખવડાવવાનો કે પાણીની અંજલિ આપવાનો શો અર્થ? આ માત્ર એક જૂનવાણી કર્મકાંડ કે અંધશ્રદ્ધા નથી?

આ પ્રશ્ન સ્વાભાવિક છે, કારણ કે આપણે નવી પેઢીને શ્રાદ્ધ પાછળ છુપાયેલું જીવનદર્શન સમજાવવાને બદલે માત્ર બાહ્ય ક્રિયાકાંડો સોંપી દીધા છે. હકીકતમાં, ભારતીય શાસ્ત્રોમાં પિતૃપક્ષ એ માત્ર મૃત આત્માઓની વિધિ નથી; તે સંસ્કૃતિ, પર્યાવરણ, મનોવિજ્ઞાન અને આધુનિક રિલેશનશિપને સાંકળતો એક અત્યંત વૈજ્ઞાનિક અને સંવેદનશીલ સેતુ છે. સનાતન ભારતીય ચિંતનમાં વ્યક્તિના અસ્તિત્વને ત્રણ પાયાના ઋણ સાથે જોડીને જોવામાં આવ્યું છેઃ દેવ ઋણ, ઋષિ ઋણ અને પિતૃ ઋણ. તૈત્તિરીય ઉપનિષદ આદેશ આપે છેઃ

''દેવપિતૃકાર્યાભ્યાં ન પ્રમદિતવ્યમ્''

તેનો અર્થ છે, દૈવી શક્તિઓ અને પિતૃઓ પ્રત્યેના કર્તવ્યમાં ક્યારેય પ્રમાદ કે બેદરકારી ન દાખવવી. શ્રાદ્ધ શબ્દનો મૂળ ધાતુ જ શ્રદ્ધા છે. મહાભારતના અનુશાસન પર્વમાં ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને શ્રાદ્ધનું રહસ્ય સમજાવતા કહે છે કે પિતૃપૂજા એ કુળની સમૃદ્ધિ, એકતા અને ચેતનાને ઊર્ધ્વગામી બનાવવાનું માધ્યમ છે. મહાભારતની દાનવીર કર્ણની કથા પણ આ સંદર્ભમાં અત્યંત મામક છે. કર્ણે આજીવન સોનું, રત્નો અને ભૂમિનું દાન કર્યું, પરંતુ પોતાના પૂર્વજોના સ્મરણમાં અન્ન-જળનું દાન ન કર્યું. પરિણામે દેહત્યાગ પછી સ્વર્ગમાં તેને વૈભવ મળ્યો પણ ભૂખ સંતોષવા અન્ન ન મળ્યું. આ પ્રતીકાત્મક કથા આપણને શીખવે છે કે વ્યક્તિ ગમે તેટલી ધન-સંપત્તિ કે યશ કમાઈ લે, પણ જો તે પોતાના ભૂતકાળ અને પૂર્વજોના અસ્તિત્વ પ્રત્યે કૃતજ્ઞા ન હોય તો તેની ભૌતિક સિદ્ધિઓ અધૂરી અને આત્મિક રીતે અતૃપ્ત રહે છે.

તર્પણનો સીધો અર્થ થાય છે તૃપ્ત કરવું. દર્ભ, કાળા તલ અને શુદ્ધ જળ વડે અપાતી અંજલિ એ સંકેત છે કે આપણું જીવન જેમણે ઘડયું છે, તેમના ઋણને આપણે ક્યારેય ભૂલ્યા નથી. પિતૃપક્ષની વિધિઓમાં જે સામાજિક અને સાંસ્કૃતિક ઉદારતા સમાયેલી છે, તે વિશ્વની ભાગ્યે જ કોઈ અન્ય પરંપરામાં જોવા મળે છે. શ્રાદ્ધ માત્ર પોતાના સગાં-સંબંધીઓ પૂરતું સીમિત નથી. વિધિના અંતે બોલાતો આ સંકલ્પ મંત્ર ખરેખર સમજવા જેવો છે :

''યેષાં ન માતા ન પિતા ન બંધુર્નાન્યગોત્રિણઃ।
તે સર્વે તૃપ્તિમાયાન્તુ મયોત્સૃષ્ટૈઃ કુશોદકૈઃ।।''

તેનો અર્થ છે કે, જેમની કોઈ માતા નથી, પિતા નથી, કોઈ બંધુ-બાંધવ નથી કે જેમના કુળમાં તર્પણ કરનાર કોઈ બચ્યું નથી, તેવા તમામ નિરાધાર અને અનાથ જીવો મારા દ્વારા અર્પણ કરાયેલા આ જળથી તૃપ્ત થાઓ. આ મંત્ર સાબિત કરે છે કે પિતૃપક્ષએ સંકુચિત કુટુંબભાવના નહી, પણ યુનિવર્સલ કમ્પેસનનો ઉત્સવ છે. યુદ્ધમાં ખપી ગયેલા સૈનિકો, અજાણી આપત્તિમાં મૃત્યુ પામેલા અજાણ્યા લોકો કે નિરાધાર માનવો, આ તમામને આદર આપવાની આ અનોખી વૈશ્વિક પ્રાર્થના છે.

તેવી જ રીતે, પિતૃપક્ષમાં પંચબલિનો નિયમ છે. તેમાં ગાય, કૂતરો, કાગડો, દેવતા અને કીડીઓને ભોજન અપાય છે. પ્રકૃતિવિજ્ઞાનની દ્રષ્ટિએ કાગડો એવું પક્ષી છે જે વડ અને પીપળા જેવા વિશાળ વૃક્ષોના ફળ ખાઈને તેના બીજનો સર્વત્ર ફેલાવો કરે છે. કીડી, શ્વાન અને ગાય જેવા જીવો પર્યાવરણ અને માનવજીવનના ઈકોલોજિકલ બેલેન્સ માટે જરૂરી છે. પિતૃપક્ષ આપણને યાદ અપાવે છે કે માનવજાત પ્રકૃતિ અને અન્ય જીવોના સહઅસ્તિત્વ વિના એકલી જીવી શકતી નથી.

આ બધું તો દાન, પૂણ્ય, ધર્મ કે પછી ધામક પરંપરાની વાતો થઈ પણ હકિકતે શ્રાદ્ધ પક્ષ આધુનિક રિલેશનશિપની લાગણીઓને પણ યોગ્ય રીતે જ અભિવ્યક્ત કરે છે. આજના સમયમાં પારિવારિક સંબંધો ખૂબ જ નાજુક બની રહ્યા છે. જનરેશન ગેપ, પર્સનલ સ્પેસ અને અહંકારના ટકરાવ તે પગલે સંબંધોમાં તિરાડો પડી રહી છે.

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું ભવિષ્ય

## આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું ભવિષ્ય અને બિલ ગેટ્સની ગંભીર ચેતવણીઃ શું એઆઈ માનવજાત માટે વિનાશક સાબિત થશે?

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

માનવ ઈતિહાસના પૃષ્ઠો પલટીને જોઈએ તો જણાશે કે જ્યારે પણ કોઈ નવી અને ક્રાંતિકારી ટેકનોલોજીનો જન્મ થયો છે, ત્યારે તેણે સમાજની ચાલ અને વિચારસરણીને સંપૂર્ણપણે બદલી નાખી છે. અગ્નિની શોધથી લઈને ઔદ્યોગિક ક્રાંતિ અને કમ્પ્યુટર યુગ સુધી, દરેક નવી તકનીકે માનવજીવનને સરળ બનાવવાની સાથે અમુક પડકારો પણ ઊભા કર્યા છે. વર્તમાન ૨૧મી સદીમાં જે ટેકનોલોજીએ આખા વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે અને તમામ ક્ષેત્રોમાં ખળભળાટ મચાવ્યો છે, તે છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તા. આજનો આધુનિક યુગ એઆઈના અદ્ભુત અને અકલ્પનીય વિકાસનો સાક્ષી બની રહ્યો છે. દૈનિક સરળ કામકાજથી લઈને જટિલ વૈજ્ઞાનિક સંશોધનો, તબીબી નિદાન, અવકાશ વિજ્ઞાન, નાણાકીય વ્યવહારો અને મોટા ઉદ્યોગોના સંચાલન સુધીના દરેક ક્ષેત્રમાં એઆઈએ પોતાની મજબૂત પકડ બનાવી લીધી છે. માણસ જે કામ કરતા કલાકો કે દિવસો લગાડતો હતો તે કામ એઆઈ ક્ષણવારમાં પૂર્ણ કરી આપે છે. પરંતુ આ સુવિધાજનક અને આકર્ષક ચહેરાની પાછળ એક એવો ભયાનક અંધકારો ચહેરો છુપાયેલો છે જે માનવ સંસ્કૃતિના અસ્તિત્વ સામે જ પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કરી રહ્યો છે.

છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે આવનારા સંભવિત જોખમો વિશે અત્યંત તીવ્ર અને ગંભીર ચર્ચા ચાલી રહી છે. વિશ્વના અગ્રણી ટેકનોલોજી નિષ્ણાતો, મોટી આઈટી કંપનીઓના સીઈઓ, વૈજ્ઞાનિકો અને વિશ્વના શક્તિશાળી દેશોના પ્રમુખો આ વિષય પર બે સ્પષ્ટ ભાગમાં વહેંચાઈ ગયા છે. એક તરફ એવા લોકો છે જેઓ માને છે કે જો એઆઈનો વિકાસ આ જ ગતિએ કોઈ પણ જાતના નિયંત્રણ વગર ચાલુ રહેશે તો તે માનવજાતના વિનાશનું કારણ બનશે. બીજી તરફ એવા વિચારકો પણ છે જેઓ એઆઈને કેવળ એક સામાન્ય ડિજિટલ સાધન ગણાવી રહ્યા છે અને તેનાથી કોઈ પણ પ્રકારનું જોખમ હોવાનો સ્પષ્ટ ઈનકાર કરી રહ્યા છે. આ પ્રકારના પરસ્પર વિરોધી વિચારો વચ્ચે વિશ્વભરના લોકો ભારે દ્વિધા અને આશ્ચર્ય અનુભવી રહ્યા છે.

આ સમગ્ર વૈશ્વિક મંથન અને વૈચારિક મતભેદો વચ્ચે હવે માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક, જાણીતા ઉદ્યોગપતિ અને દાનવીર બિલ ગેટ્સે પ્રવેશ કર્યો છે. તેમણે તાજેતરમાં આપેલા એક મહત્વપૂર્ણ નિવેદને સમગ્ર વિશ્વનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવી જ ચર્ચા છેડી દીધી છે. બિલ ગેટ્સ જેવા ટેકનોલોજી ક્ષેત્રના ભીષ્મ પિતામહ જ્યારે કોઈ ચેતવણી આપે ત્યારે આખું વિશ્વ તેને ખૂબ જ ગંભીરતાથી લે છે. બિલ ગેટ્સનું સ્પષ્ટ માનવું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ એટલી હદે પાવરફુલ અને અસીમ ક્ષમતા ધરાવતી ટેકનોલોજી બની ચૂકી છે કે જો તેના પર સમયસર યોગ્ય ધ્યાન આપવામાં નહીં આવે અથવા તેના પર કડક નિયંત્રણો અને કાયદાકીય મર્યાદાઓ લાદવામાં નહીં આવે, તો તે ભવિષ્યમાં એવી અણધારી, ભયાનક અને અનિયંત્રિત ઘટનાઓને જન્મ આપી શકે છે જેના પરિણામે વિશ્વભરમાં લગભગ એક અબજ જેટલા લોકો પોતાના જીવ ગુમાવી શકે છે. આ ચેતવણી કોઈ સામાન્ય કલ્પના કે ડર માત્ર નથી પરંતુ ટેકનોલોજીની અકલ્પનીય શક્તિ અને તેના સંભવિત ગેરઉપયોગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વ્યક્ત કરવામાં આવેલી એક અત્યંત ચિંતાજનક વાસ્તવિકતા છે.

બિલ ગેટ્સે તાજેતરમાં પ્રસિદ્ધ અમેરિકન ટીવી નેટવર્ક એનબીસીના લોકપ્રિય કાર્યક્રમ મીટ ધ પ્રેસને આપેલા વિશેષ ઈન્ટરવ્યુ દરમિયાન આ વિચારણીય અને ચોંકાવનારા વિચારો વ્યક્ત કર્યા હતા. આ ઈન્ટરવ્યુમાં તેમણે ખુલ્લા મનથી સ્વીકાર્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવું અતિશય શક્તિશાળી સાધન હજુ સુધી કોઈ ખરાબ માનસિકતા ધરાવતા લોકો, આતંકવાદી સંગઠનો કે અસામાજિક તત્વોના હાથમાં સંપૂર્ણપણે ગયું નથી. પરંતુ જો સમયસર વૈશ્વિક કાયદાકીય સુરક્ષાકવચ તૈયાર કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં સ્થિતિ સંપૂર્ણપણે હાથમાંથી નીકળી શકે છે. તેમણે અત્યંત સખત શબ્દોમાં કહ્યું હતું કે આજના સમયમાં કોઈ પણ એઆઈ ડેવલપર કંપની એવું વિચારવાની ભૂલ ન કરી શકે કે માત્ર તેમનું આંતરિક નિયંત્રણ કે કંપનીનું સિક્યોરિટી પ્રોટોકોલ જ આખા વિશ્વને એઆઈના જોખમોથી બચાવવા માટે પૂરતું છે. માત્ર ખાનગી કંપનીઓની ઈચ્છા અને મરજી પર આટલી ભયાનક અને વ્યાપક અસર ધરાવતી ટેકનોલોજીનું સુરક્ષા વ્યવસ્થાપન છોડી શકાય નહી.

ઘણી વખત જ્યારે ટેકનોલોજીના જોખમો અને તેનાથી બચવાના ઉપાયો અંગે ચર્ચા થાય છે ત્યારે કેટલાક નિષ્ણાતો અને કમ્પ્યુટર વિજ્ઞાનીઓ કિલ સ્વિચ જેવા વિકલ્પોની રજૂઆત કરતા હોય છે. સરળ ભાષામાં કહીએ તો કિલ સ્વિચ એટલે એવી સિસ્ટમ કે જે જરૂર પડે ત્યારે અથવા ટેકનોલોજી હાથ બહાર જતી રહે ત્યારે એક બટન દબાવીને આખી એઆઈ સિસ્ટમ કે કમ્પ્યુટર નેટવર્કને તાત્કાલિક બંધ કરી દે. બિલ ગેટ્સે પોતાના ઈન્ટરવ્યુમાં આ કિલ સ્વિચની વિભાવના પર અત્યંત આકરા પ્રહારો કર્યા હતા અને તેને એક મોટી ગેરસમજ ગણાવી હતી. તેમણે સમજાવ્યું હતું કે કિલ સ્વિચથી બધું સુરક્ષિત થઈ જશે એવું માનવું એ વાતની સાબિતી આપે છે કે કેટલાક લોકોને આ જટિલ અને અદ્યતન ટેકનોલોજીની વાસ્તવિકતા વિશે કેટલી ઓછી અને સપાટી પરની સમજ છે. હાલના તબક્કે એઆઈ કદાચ એવા અત્યંત ભયાનક સ્તર પર નથી પહોંચ્યું કે જ્યાં તે પોતાની જાતે જ તમામ કમ્પ્યુટર્સ કે ઈન્ટરનેટ નેટવર્ક પર સંપૂર્ણ આત્ય જમાવી લે અને બંધ થવાથી પોતાની જાતને બચાવી શકે, પરંતુ ભવિષ્યમાં જ્યારે એઆઈ વધુ સ્માર્ટ બનશે ત્યારે માત્ર એક સ્વિચ બંધ કરીને સુરક્ષિત થઈ શકાશે તેવું માનવું એ અત્યંત ભ્રામક અને ખતરનાક વિચાર છે.

આ જ કારણસર બિલ ગેટ્સે અમેરિકાના રાજકીય નેતાઓને, નીતિ-નિર્માતાઓને, કાયદાકીય તજજ્ઞોને અને વૈશ્વિક સ્તરે કાયદો અમલી બનાવતી વિવિધ એજન્સીઓને અત્યંત ભારપૂર્વક અને આગ્રહભરી અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે આ સરકારી અને વૈધાનિક સંસ્થાઓએ એઆઈના સંશોધન, વિકાસ અને તેના વ્યાપારી ઉપયોગ માટે તાત્કાલિક ધોરણે સ્પષ્ટ, કડક અને વ્યાપક નિયમો બનાવવા જોઈએ. જો આપણે માનવજાતને બચાવવી હોય તો સુરક્ષા ઉપાયો અને સતત દેખરેખ કઈ રીતે રાખવી તે અંગે એક વિશાળ વૈશ્વિક મંચ પર ચર્ચા-વિચારણા થવી અનિવાર્ય છે. આ ચર્ચામાં માત્ર આઈટી ક્ષેત્રના ધનકુબેરો કે ટેકનોલોજી કંપનીઓના વડાઓ જ નહીં પરંતુ તમામ દેશોની સરકારો, કાયદાકીય નિષ્ણાતો, સામાજિક કાર્યકરો અને નાગરિક સમાજના પ્રતિનિધિઓએ સક્રિયપણે ભાગ લેવો પડશે અને એકસમાન નીતિ-નિયમો ઘડવા પડશે જેનું પાલન દરેક કંપની માટે ફરજિયાત હોય.





આ તબક્કે સામાન્ય રીતે એવો તર્ક રજૂ કરવામાં આવતો હોય છે કે જો એઆઈ અને ટેકનોલોજી કંપનીઓ પર વધુ પડતા સરકારી નિયંત્રણો કે કાયદાકીય પાબંદીઓ લાદવામાં આવશે તો તેનાથી સંશોધનની ગતિ ધીમી પડી જશે અને નવીનતા લાવવાનો ઉત્સાહ મરી પરવારશે. માઈક્રોસોફ્ટના સહ-સ્થાપકે આ શંકા અને તર્કનું અત્યંત તાર્કિક અને વ્યવહારુ સમાધાન આપ્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે નિયમનકારી કાયદાઓ ઘડવા, નિયમોનું પાલન કરવું અને સુરક્ષા તપાસ ગોઠવવી એ દરેક બિઝનેસનો એક સાધારણ ઓવરહેડ ખર્ચ એટલે કે વ્યાપારનો સામાન્ય સંચાલન ખર્ચ ગણાવો જોઈએ. કાયદાકીય પાલનના કારણે એઆઈ કંપનીઓનું આંતરિક કામકાજ ચોક્કસપણે થોડું વધશે અને તેમના પર જવાબદારીઓનો બોજ આવશે, પરંતુ તેનાથી તેમના વ્યવસાયિક વિકાસની ઝડપ કે નવીનતા લાવવાની ક્ષમતા પર કોઈ આડઅસરો ઊભી થશે નહી. સુરક્ષાના પાયા પર થયેલો વિકાસ જ લાંબા ગાળે માનવજાત અને ટેકનોલોજી ઉદ્યોગ બંને માટે કલ્યાણકારી સાબિત થઈ શકે છે.ઉલ્લેખનીય છે કે બિલ ગેટ્સ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના જોખમો વિશે પોતાના વિચારો રજૂ કરવા એ કોઈ નવી કે પહેલી ઘટના નથી. આ ઈન્ટરવ્યુ પહેલા પણ તેમણે પોતાના વિશ્વપ્રસિદ્ધ બ્લોગ ગેટ્સનોટ્સ પર લગભગ છ હજાર શબ્દોનો એક અત્યંત સઘન, વિશ્લેષણાત્મક અને લાંબો લેખ પ્રકાશિત કર્યો હતો. આ લેખમાં તેમણે એઆઈથી વૈશ્વિક સ્તરે ઉત્પન્ન થઈ શકતા ગંભીર, સામાજિક, આર્થિક અને લશ્કરી જોખમોની વિગતવાર ચર્ચા કરી હતી. તેમણે દર્શાવ્યું હતું કે કેવી રીતે એઆઈનો ગેરઉપયોગ સાયબર હુમલાઓ, જૈવિક શસ્ત્રોના નિર્માણ અને ખોટી માહિતીના પ્રસાર દ્વારા આખી દુનિયાની શાંતિ હરામ કરી શકે છે. હવે પોતાના તાજેતરના ઈન્ટરવ્યુ દ્વારા તેમણે એ જ ગંભીર ચિંતાઓને ફરી એકવાર વિશ્વ સમક્ષ મૂકીને જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કર્યો છે.બિલ ગેટ્સનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે આખી દુનિયા ટેકનોલોજીના ભવિષ્યને લઈને સ્પષ્ટપણે બે તીવ્ર વિચારોમાં વિભાજિત થઈ ગઈ છે. એક તરફ ઓપનએઆઈના વડા સેમ ઓલ્ટમેન અને એન્થ્રોપિકના સ્થાપક ડારિયો અમોદેઈ જેવા ટેકનોલોજીના પ્રણેતાઓ ખુદ એવું માની રહ્યા છે કે એઆઈના ગ્રોથની અંધાધૂંધ સ્પીડને થોડી ધીમી કરવાની જરૂર છે જેથી સુરક્ષાના ધોરણો ચકાસી શકાય. જ્યારે બીજી તરફ નવિડિયાના સીઈઓ જેનસન હોન્ગ અને અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જેવા પ્રભાવશાળી નેતાઓ જાહેર રીતે એવું કહી રહ્યા છે કે એઆઈથી કોઈ જ મોટું જોખમ નથી અને તેનો વિકાસ અવિરતપણે આગળ વધવો જોઈએ.

# ભૂતપૂર્વ ક્રિકેટર એડ જોયસનને આયર્લેન્ડ પુરુષ ટીમના ઉચ્ચ પ્રદર્શન બેટિંગ કોચ તરીકે નિયુક્ત



નવીદિલ્હી,

આયર્લેન્ડ ક્રિકેટે ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર એડ જોયસને તેની પુરુષ ટીમની બેટિંગને વધુ સારી બનાવવાની જવાબદારી સોંપી છે. આયર્લેન્ડ મહિલા ટીમના ભૂતપૂર્વ મુખ્ય કોચ જોયસને હવે ઉચ્ચ પ્રદર્શન બેટિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ આયર્લેન્ડ પુરુષ સિનિયર ટીમ સાથે કામ કરશે તેમજ યુવા પ્રતિભાને ઉછેરશે. તેઓ તાત્કાલિક અસરથી તેમની નવી ભૂમિકા સંભાળશે.

એડ જોયસનો આઈરિશ ક્રિકેટ સાથે લાંબો અને સફળ સંબંધ છે. તેમણે તેમના આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં આયર્લેન્ડ માટે ૧૫૧ મેચ રમી, જેમાં ૧૦ સદી અને ૨૯ અડધી સદીનો સમાવેશ થાય છે. જોયસે ૧૯ મેચમાં ઇંગ્લેન્ડનું પ્રતિનિધિત્વ પણ કર્યું. ૨૦૧૯ માં, ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધાના લગભગ એક વર્ષ પછી, જોયસને આયર્લેન્ડ મહિલા ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. તેમના કાર્યકાળ દરમિયાન, મહિલા ટીમમાં પ્રદર્શન અને ખેલાડીઓના વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી. ફેબ્રુઆરી ૨૦૨૫ માં મુખ્ય કોચ તરીકે પદ છોડ્યા પછી, તેમણે હવે પુરુષ ક્રિકેટ ટીમ સાથે નવી જવાબદારીઓ સંભાળી છે.

# ઐશ્વર્યા રાય બચ્ચને પેરિસ ફેશન વીકમાં રેમ્પ વોક કરતાની સાથે જ બધાનું ધ્યાન ખેંચ્યું

મુંબઈ,

ઐશ્વર્યા રાય બચ્ચને રેમ્પ વોક કરતાની સાથે જ બધાનું ધ્યાન ખેંચાઈ ગયું. એફિલ ટાવરની પૃષ્ઠભૂમિ સામે આયોજિત ભવ્ય કાર્યક્રમમાં અભિનેત્રીએ પોતાની શાહી શૈલીથી બધાને મોહિત કરી દીધા. આ બ્યુટી બ્રાન્ડની લાંબા સમયથી એમ્બેસેડર રહેલી આ અભિનેત્રી, યારા શૂમેકર દ્વારા ડિઝાઇન કરાયેલા ભવ્ય વેલ્વેટ ડ્રેસમાં ચમકી ગઈ. તેણીએ તેના બોલ્ડ હેર કલરથી તેના લુકમાં એક અનોખો સ્પર્શ ઉમેર્યો. ઐશ્વર્યા રાયના લુકને સોશિયલ મીડિયા પર ખૂબ જ પ્રશંસા મળી રહી છે, અને





ચાહકો તેને પસંદ કરી રહ્યા છે. તેમાં કોઈ શંકા નથી કે ઐશ્વર્યા હંમેશા તેના દોષરહિત ફેશન પસંદગીઓથી ચાહકોના દિલ જીતી લે છે.

ઐશ્વર્યા રાયે લોરિયલ પેરિસ લે ડેફિલે ૨૦૨૬ માટે રેમ્પ વોક કર્યું. તેણીએ યારા શૂમેકરના ફોલ/વિન્ટર ૨૦૨૬-૨૭ કલેક્શનમાંથી આઉટફિટ પહેર્યો હતો. આ લુક મોહિત રાય, તરંગ અગ્રવાલ અને ચિંતન શાહ દ્વારા સ્ટાઈલ કરવામાં આવ્યો હતો. સ્ટાઈલ યારા શૂમેકર આઉટફિટના ટેક્સચર અને એમ્બેશમેન્ટ પર કેન્દ્રિત હતી. આઉટફિટનો આધાર બ્લેક ફીટેડ વેલ્વેટ હતો જેમાં એક અનોખો ટેક્સચર અને ૩ડ ફ્રિન્જ એમ્બ્રોઇડરી હતી. લુકમાં ક્રિસ્ટલ-એમ્બેશ્ડ કેપ ઉમેરવામાં આવ્યો હતો, જે એક હાઈલાઈટ્સમાંનો એક હતો. ઐશ્વર્યાએ ક્રાઉન-સ્ટાઈલ હેડપીસ સાથે આઉટફિટ જોડી હતી. તેના બર્ગન્ડી વાળ પણ એક હાઈલાઈટ હતા.

બચ્ચન પરિવારની પુત્રવધૂ ઐશ્વર્યા સાથે ઘણા આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ અને લોરિયલ પેરિસ એમ્બેસેડર જોડાયા હતા, જેમાં સિમોન એશ્લે, સેલિન ડીયોન, ઈવા લોંગોરિયા અને કેન્ડલ જેનરનો સમાવેશ થાય છે. ઈવેન્ટના ફોટા અને વીડિયોમાં સ્ટાર્સ રેમ્પ પર મજા કરતા જોવા મળ્યા. શો દરમિયાન આ ગ્રુપે અચાનક ડાન્સ પણ કર્યો. શોનો એક ક્ષણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં ઐશ્વર્યા સેલિન ડીયોનને ગળે લગાવતી અને ચુંબન કરતી જોવા મળી રહી છે. ફેશન ઈવેન્ટ દરમિયાન બંનેએ હાથ પકડીને ડાન્સ પણ કર્યો હતો.

# બે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ નાથન એલિસ અને જોએલ ડેવિસને ઈજા થતા આફ્રિકા સામેની શ્રેણીમાંથી બહાર



નવીદિલ્હી,

ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર નાથન એલિસ ઈજાને કારણે દક્ષિણ આફ્રિકા સામેની ત્રીજી અને અંતિમ વનડેમાંથી બહાર થઈ ગયો છે. જોહાનિસબર્ગમાં બીજી વનડે દરમિયાન અવેજી તરીકે ફિલ્ડિંગ કરતી વખતે ડાબા હાથના સ્પિનર જોએલ ડેવિસને પણ હેમસ્ટ્રિંગની ઈજા થઈ હતી અને તે હવે પ્રવાસમાંથી બહાર છે. ઓસ્ટ્રેલિયન બોર્ડે તેમના રિપ્લેસમેન્ટની જાહેરાત કરી નથી. નાથન એલિસની ઈજા ઓસ્ટ્રેલિયા માટે મોટો ફટકો છે, કારણ કે તે ઝિમ્બાબ્વે અને દક્ષિણ આફ્રિકા પ્રવાસ પર ટીમનો શ્રેષ્ઠ બોલર હતો.

બીજી વનડેમાં ફક્ત ચાર ઓવર ફેંક્યા બાદ, એલિસને સાઇડ સ્ટ્રેનનો સામનો કરવો પડ્યો, જેના કારણે તે પોતાનો ઓવર પૂરો કરવા માટે મેદાનમાં પાછો ફરી શક્યો નહીં. તે હવે વધુ મૂલ્યાંકન અને પુનર્વસન માટે દેશમાં પાછો ફરશે જેથી ખાતરી કરી શકાય કે તે ૧૩ નવેમ્બરથી શરૂ થતી ઇંગ્લેન્ડ સામેની ઘરેલુ વનડે શ્રેણી માટે સંપૂર્ણપણે ફિટ છે. દક્ષિણ આફ્રિકા સામેની બીજી વનડેમાં ઓસ્ટ્રેલિયાનો કારમી હાર થયો હતો. તે મેચમાં દક્ષિણ આફ્રિકા માટે ટેમ્બા બાવુમા અને ડેવિડ મિલરે સદી ફટકારી હતી.

નાથન એલિસની બહાર થયા બાદ, ઓસ્ટ્રેલિયા પાસે ૩૦ સપ્ટેમ્બરે પોચેફસ્ટ્રૂમમાં રમાનારી અંતિમ વનડે માટે પસંદગી કરવા માટે ફક્ત ચાર ફિટ ફાસ્ટ બોલરો છે. પ્રથમ બે મેચ ગુમાવ્યા બાદ, પેટ કમિન્સ આ મેચ માટે ટીમમાં પાછા આવી શકે છે, જ્યારે મિશેલ સ્ટાર્ક પણ બીજી મેચ માટે આરામ આપ્યા બાદ રમી શકે છે. પ્રથમ બે મેચ રમનાર જોશ હેઝલવુડને પણ આરામ આપવામાં આવી શકે છે. આનાથી ઝેવિયર બાર્ટલેટ પ્લેઇંગ ઇલેવનમાં પોતાનું સ્થાન જાળવી શકશે. આ દરમિયાન, ઓસ્ટ્રેલિયન પસંદગીકારોએ હાલમાં ભારતના પ્રવાસે રહેલી ઓસ્ટ્રેલિયા છ ટીમમાં પણ કેટલાક ફેરફારો કર્યા છે. બ્રેન્ડન ડોગેટ, ફર્ગસ ઓ'નીલ અને કેમ્પબેલ કેલાવે શેફિલ્ડ શીલ્ડ સીઝનની શરૂઆત માટે ભારતથી સ્વદેશ પરત ફરશે.

# નીરુ ધાંડાએ એશિયન ગેમ્સમાં ઈતિહાસ રચ્યો, ભારતે પોતાનો પાંચમો ગોલ્ડ મેડલ જીત્યો



નવીદિલ્હી,

ભારતને ૨૦૨૬ એશિયન ગેમ્સમાંથી ખૂબ જ સારા સમાચાર મળ્યા છે. મંગળવાર, ૨૯ સપ્ટેમ્બરના રોજ, ભારતે પોતાનો પહેલો સિલ્વર મેડલ જીત્યો, અને પછી, થોડા કલાકો પછી, તેનો પાંચમો ગોલ્ડ મેડલ. ભારતીય મહિલા શૂટર નીરુ ધાંડાએ વ્યક્તિગત ટ્રેપ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. તે એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા શૂટર બની છે.

નીરુ ધાંડાએ આઠ શૂટર ફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. તેણીએ કતારની ખેલાડી સાથે મળીને ૧૧૮ પોઈન્ટ બનાવ્યા, જે એશિયન ગેમ્સનો નવો રેકોર્ડ છે. ભારતની આશિમા અહલાવત ૧૬મા અને મનીષા કીર ૨૩મા સ્થાને રહી અને બહાર થઈ ગઈ. જોકે, નીરુએ પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખ્યું અને દેશ માટે ગોલ્ડ મેડલ જીત્યા પછી જ આરામ કર્યો.

નીરુ ધાંડાએ અગાઉ જાપાનના આઈચી-નાગોયામાં ચાલી રહેલી એશિયન ગેમ્સમાં મહિલા ટ્રેપ ટીમ ઈવેન્ટમાં ભારતને સિલ્વર મેડલ અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ફાઈનલમાં, નીરુએ ફરી એકવાર શાનદાર પ્રદર્શન કર્યું, ૨૮નો સ્કોર કર્યો. ચીનની સુન યુનોંગે માત્ર ૨૬ પોઈન્ટ મેળવીને સિલ્વર મેડલ મેળવ્યો, જ્યારે ૨૧નો સ્કોર કરનાર હજર અબ્દુલમલિકે બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો.

હરિયાણાની ૨૬ વર્ષીય નીરુ ઢાંડાએ પણ ટ્રેપ ઈવેન્ટમાં વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. જુલાઈમાં, તેણીએ ઈટાલીમાં શોટગન વર્લ્ડ કપ ૨૦૨૬માં ૨૮ પોઈન્ટનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. આનાથી તેણે ૨૪ પોઈન્ટનો પાછલો એશિયન રેકોર્ડ પણ તોડી નાખ્યો હતો.

# એશિયન ગેમ્સ સેમિ ફાઈનલમાં ટીમ ઈન્ડિયા કોનો સામનો કરશે, ગોલ્ડ મેડલ હવે ફક્ત બે પગલાં દૂર



નવીદિલ્હી,

ભારત એશિયન ગેમ્સ ૨૦૨૬ ની સેમિફાઇનલમાં શ્રીલંકાનો સામનો કરશે. હકીકતમાં, શ્રીલંકા અને નેપાળ વચ્ચેની ક્વાર્ટર ફાઇનલ મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. પરિણામે, શ્રીલંકાએ તેના સારા રેન્કિંગને કારણે સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું. હવે, ભારત અને શ્રીલંકા વચ્ચેની આ મેચમાં જીતનાર ટીમ ગોલ્ડ મેડલ (ફાઇનલ) માટે રમશે, જ્યારે હારનાર ટીમ બ્રોન્ઝ મેડલ માટે રમશે. હવે, ટીમ ઇન્ડિયા આ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતવાથી માત્ર બે ડગલાં દૂર છે.

ભારતીય ટીમનો અફઘાનિસ્તાન સામેનો ક્વાર્ટર ફાઇનલ મેચ પણ સોમવારે (૨૮ સપ્ટેમ્બર) વરસાદને કારણે રદ કરવામાં આવ્યો હતો. જોકે, તેમના શ્રેષ્ઠ રેન્કિંગને કારણે, ભારતે સેમિફાઇનલમાં સીધો સ્થાન મેળવ્યો હતો. આ જ નિયમ હેઠળ, પાકિસ્તાન અને શ્રીલંકા પણ સેમિફાઇનલમાં આગળ વધી ગયા છે. જો બાંગ્લાદેશ અને મલેશિયા વચ્ચેની ચોથી ક્વાર્ટર ફાઇનલ પણ રદ થાય છે, તો બાંગ્લાદેશ પણ તેમના શ્રેષ્ઠ રેન્કિંગના આધારે સેમિફાઇનલમાં આગળ વધશે. આ કિસ્સામાં, બીજી સેમિફાઇનલ પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રમાશે.

શ્રીલંકા-નેપાળ મેચ રદ થવાથી, એ સ્પષ્ટ થઈ ગયું છે કે એશિયન ગેમ્સ ૨૦૨૬ ની સેમિફાઇનલ મેચ ભારત અને શ્રીલંકા વચ્ચે રમાશે. આ મેચના સમયપત્રકની વાત કરીએ તો, તે ગુરુવાર, ૧ ઓક્ટોબરના રોજ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે. દરમિયાન, જાપાનમાં, સ્થાનિક સમય મુજબ બપોરે ૧:૩૦ વાગ્યે મેચ શરૂ થશે. ટીમ ઈન્ડિયાએ આ એશિયન ગેમ્સમાં હજુ સુધી એક પણ મેચ રમી નથી.

ભારતીય મહિલા ટીમ એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી ચૂકી છે. આ ટુર્નામેન્ટની ફાઇનલમાં ટીમ ઈન્ડિયાનો સામનો શ્રીલંકા સામે થયો હતો. ભારતીય મહિલા ટીમે શ્રીલંકાને ૧૪૭ રનથી હરાવીને ફાઇનલ મેચ જીતી અને ગોલ્ડ મેડલ પણ જીત્યો. તે પહેલાં, તેઓએ સેમિફાઇનલમાં બાંગ્લાદેશને હરાવ્યું હતું. ભારતીય પુરુષ ટીમ હવે સેમિફાઇનલ અને ફાઇનલમાં સારું પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીતવાનું લક્ષ્ય રાખશે.

# વિરાટ કોહલી વિશ્વના પાંચ શ્રેષ્ઠ બેટ્સમેનની રમત પર ફિદા : બેટ્સમેનની સિદ્ધી વર્ણવી

નવીદિલ્હી,

વેસ્ટ ઈન્ડીઝ સામેની પહેલી વનડેમાં ધમાકેદાર સદી ફટકારનાર વિરાટ કોહલીએ બીજી વનડે પહેલા પાંચ બેટ્સમેન પસંદ કર્યા છે જેમને તે કવર ડ્રાઈવ, કટ શોટ, સ્ટ્રેટ ડ્રાઈવ, સ્વીપ શોટ અને સિક્સર ફટકારવામાં નંબર વન માને છે. સ્ટાર સ્પોર્ટ્સ સાથે વાત કરતા, કોહલીએ તેના પાંચ મનપસંદ બેટ્સમેન પસંદ કર્યા. કોહલીએ સચિન તેંડુલકરને નંબર ૧ સ્ટ્રેટ ડ્રાઈવ બેટ્સમેન તરીકે નામ આપ્યું છે. વિરાટે સ્વીકાર્યું કે વિશ્વ ક્રિકેટમાં સચિન કરતાં વધુ સારી રીતે સ્ટ્રેટ ડ્રાઈવ ફટકારી શકતો નથી. ત્યારબાદ, કિંગ કોહલીએ શ્રીલંકાના કુમાર






સંગાકારાને નંબર ૧ કવર ડ્રાઈવ બેટ્સમેન તરીકે નામ આપ્યું. કોહલીએ સ્વીકાર્યું કે વિશ્વ ક્રિકેટમાં સંગાકારાની જેમ કવર ડ્રાઈવ ફટકારી શકતો નથી, અને તે ખાસ કરીને શ્રીલંકાના બેટ્સમેનની કવર ડ્રાઈવની પ્રશંસા કરે છે.

કિંગ કોહલીએ તેના ફ્લિક શોટ માટે રાહુલ દ્રવિડનું નામ પણ લીધું. દરમિયાન, કોહલીએ તેના કટ શોટ માટે સેહવાગનું નામ આપ્યું. કોહલી વીરેન્દ્ર સેહવાગના કટ શોટની પણ પ્રશંસા કરે છે. વધુમાં, કોહલી મેથ્યુ હેડનને એવો બેટ્સમેન માને છે જે સ્વીપ શોટ અપવાદરૂપે સારી રીતે રમે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તુ | આ | ર | વા | બા | લી | મા | ધ | ત | બં | પ્ર | ર |
| કા | ક્રો | મો | ન | બં | ર | ગ | દ | ક | ત | ળ | ગ |
| ખ | લ | લા | ર | સા | જી | સા | ક્ષ | આ | એ | વિ | ભા |
| શિ | ધ | કુ | લ | પ્ર | હા | ચા | ખ | વિ | ક | મ | દ |
| ક | સા | સ | હા | ર | બં | ધ | ચા | દ | મો | મા | સ |
| ગ | અ | ર | ર | સ | સ | ર | રા | ર | ભો | ર | રી |
| શિ | દ | સ | ર | કા | ણા | ળ | બં | કા | વા | ભો | આ |
| બા | ક્ષ | ક | કા | અ | પ્ર | કા | કા | ળો | આ | લા | ર |
| અ | ળ | ક | ઈ | ન | દા | ગ | દ | ધ | ચા | ણ | ભો |
| ન | ડી | રો | ધ | એ | વિ | મ | ર | ન | કા | બૂ | અં |
| શિ | ક્ષ | ણ | ળો | દ | જ્ઞા | શિ | અ: | ર | વા | ક | આ |
| ધ | ત | ગ | મા | ર | ન | બં | બ | ડો | લ | પ્ર | દ |

શબ્દ શોધો

મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# બિલ ન ચૂકવવાને કારણે તનિષા મુખર્જીના પૂર્વજોના લોનાવાલામાં આવેલ ઘરની વીજળી કાપી નખાઈ

મુંબઈ,

અભિનેત્રી તનિષા મુખર્જી ફરી એકવાર સમાચારમાં છે, પરંતુ આ વખતે તેનું કારણ તેની કોઈ ફિલ્મ કે ટીવી શો નથી, પરંતુ લોનાવલામાં તેના પૂર્વજોના ઘરને વીજળી પુરવઠા સાથે સંબંધિત મુદ્દો છે. કાજોલની બહેન, તનિષાએ મંગળવારે સોશિયલ મીડિયા પર પોતાની નારાજગી વ્યક્ત કરી હતી, મહારાષ્ટ્ર રાજ્ય વીજળી બોર્ડની કામગીરી પર સવાલ ઉઠાવ્યા હતા. અભિનેત્રીએ આરોપ લગાવ્યો હતો કે તેના ઘરનું વીજળી કનેક્શન કાપી નાખવામાં આવ્યું હતું અને તેને ભારે બિલ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. તનિષા મુખર્જીએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં, લોનાવાલામાં



વીજળી વિભાગના અધિકારીઓના વર્તન પર પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેણીએ આરોપ લગાવ્યો હતો કે વીજળી વિભાગ કથિત રીતે વધુ પડતા બિલ જારી કરી રહ્યો છે અને ચૂકવણી કરવા માટે દબાણ કરી રહ્યો છે. અભિનેત્રીએ દાવો કર્યો હતો કે તેના ઘરનો વીજળી શનિવારે સાંજે કાપી નાખવામાં આવ્યો હતો, જોકે, તેના મતે, બિલિંગની નિયત તારીખ હજુ આવી નથી. તેણીએ આ કાર્યવાહીને અન્યાયી ગણાવી હતી અને અધિકારીઓની જવાબદારી પર સવાલ ઉઠાવ્યા હતા. પોતાની પોસ્ટમાં, તનિષાએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય સંબંધિત વ્યક્તિઓને ટેગ કરીને લોનાવલામાં વીજળીની સ્થિતિ અંગે હસ્તક્ષેપ કરવાની માંગ કરી. તેમણે એમ પણ કહ્યું કે ગ્રાહકો માટે પૂરતું નિયમન હોવું જોઈએ અને કોઈ મનમાની ન કરવી જોઈએ.

અભિનેત્રીની પોસ્ટ બાદ, સોશિયલ મીડિયા યુઝર્સે પણ આ મુદ્દા પર પ્રતિક્રિયા આપી. એક યુઝરે પ્રશ્ન કર્યો કે જો તેણીનું વીજળી બિલ બાકી હોય તો તે ચૂકવણી કરવા માટે અંતિમ તારીખ સુધી કેમ રાહ જોઈ રહી છે. જવાબમાં, તનિષાએ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું. તેણીએ કહ્યું કે તેણી દાવો કરી રહી નથી કે તેણી ચૂકવણી કરવાની અંતિમ તારીખ સુધી રાહ જોઈ રહી છે, પરંતુ, તેણીનો પ્રશ્ન કથિત વીજળી આઉટેજ અને બિલ ચૂકવવાના દબાણ વિશે હતો જે તેણી માનતી ન હતી કે ચકાસાયેલ છે.

અન્ય એક યુઝરે ટિપ્પણી કરી, કહ્યું કે તેણીને પણ આવી જ સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. તનિષાએ લોકોને સંબંધિત અધિકારીઓને ટેગ કરવા વિનંતી કરી. અભિનેત્રીએ કહ્યું કે પ્રણાલીગત પરિવર્તન માટે અવાજ ઉઠાવવો જરૂરી છે, અને કોઈપણ એકમ દ્વારા ગ્રાહકો પર એકાધિકાર અથવા દબાણ યોગ્ય નથી.

તનિશાનું લોનાવાલા સ્થિત ઘર ફક્ત તેમના પરિવાર માટે એક મિલકત નથી, પરંતુ ઘણી પેઢીઓની યાદો સાથે પણ જોડાયેલું છે. થોડા સમય પહેલા, અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર તેમના દાદી, પ્રખ્યાત અભિનેત્રી શોભના સમર્થના પૂર્વજોના ઘરનો પ્રવાસ શેર કર્યો હતો. મિલકતનું નવીનીકરણ કરતી વખતે, તેમણે તેની જૂની ઓળખ જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે. આ હેરિટેજ હોમસ્ટેનું નામ ફ્રાંગીપાની હાઉસ રાખવામાં આવ્યું છે. તનિશાએ સમજાવ્યું કે ઘરની લગભગ દરેક દિવાલ અને ખૂણામાં તેમની દાદી સાથે જોડાયેલી એક વાર્તા રહેલી છે. ઘરનું નવીનીકરણ કરતી વખતે, તેમણે ખાસ ધ્યાન રાખ્યું કે તેને વધુ પડતું આધુનિક ન બનાવો કે વિકસિત ન કરો. તેમણે કહ્યું કે તેઓ તેમની દાદીએ વાવેલા વૃક્ષોને કાપવા પણ માંગતા ન હતા. આ તે ઘર છે જ્યાં તેમણે અને તેમની માતાએ તેમનું બાળપણ વિતાવ્યું હતું.

# નવાનગર હાઈસ્કૂલ ખાતે ચિત્ર તથા વકતૃત્વ સ્પર્ધાઓ યોજાઈ





જામનગર : શહેરની નવાનગર હાઈસ્કૂલ ખાતે શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત ચિત્ર તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જામનગર શહેર અને તાલુકાની ૬૦૦થી વધુ શાળાઓના આશરે ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ 'વિકસિત ભારત', 'શિક્ષિત ભારત', 'પર્યાવરણ' અને 'ગ્રામીણ સંસ્કૃતિ' જેવા વિષયો પર આકર્ષક ચિત્રો બનાવ્યા હતા. આ સાથે જ 'વિકસિત ભારત' વિષય પર યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં ૬૫ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને કૌશલ્યની સરાહના કરી હતી.

પ્રાસંગિક ઉદબોધન આપતાં શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, આ સ્પર્ધાઓ માત્ર એક હરીફાઈ નથી, પરંતુ તમારા સ્વપ્નનું ભારત કેવું હોવું જોઈએ તે કલ્પનાને સાકાર કરવાનો મંચ છે. આજની યુવા પેઢી કૌશલ્ય, વિઝન અને ઉત્સાહ સાથે આવનારા ભવિષ્યનું નિર્માણ કરશે. તેમણે ઉમેર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં યુવાનોને સશક્ત બનાવવા માટે આશરે ૧૭ કરોડ જેટલી રોજગારીનું નિર્માણ કરવામાં આવ્યું છે. મહિલા સુરક્ષા, સશક્તિકરણ અને સમાન તકો દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવવામાં આવી છે. માતૃશક્તિના વિકાસના આધારે જ દેશનો સર્વાંગી વિકાસ શક્ય બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં મંત્રીએ ઉપસ્થિત સૌને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિકસિત ભારતની યાત્રામાં સહભાગી થવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જનસેવાના ૨૫ વર્ષમાં ભારતે વિકાસની અભૂતપૂર્વ ઊંચાઈઓ સર કરી છે. તેમણે સૌ નાગરિકો અને વિદ્યાર્થીઓને 'વિકસિત ભારત-૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શાસક પક્ષના નેતા અમર મોદી, દંડક પ્રવિણાબેન રૂપડીયા, જિલ્લા શિક્ષણાધિકારી વિપુલ મહેતા સહિત વિવિધ પદાધિકારીઓ, અધિકારીઓ, શિક્ષકો અને બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરમાં બે દિવસમાં સેવા સેતુનો ૧૦ હજારથી વધુ લોકોએ લીધો લાભ

જામનગર : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવન તથા જનસેવા અને રાષ્ટ્રસેવાને સમર્પિત ૨૫ વર્ષની યાત્રાની ઉજવણીના ભાગરૂપે જામનગર મહાનગરપાલિકા દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત બે દિવસ દરમિયાન શહેરના ચાર સ્થળોએ સેવા સેતુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૧૦ હજારથી વધુ લોકોએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો.

મહાનગરપાલિકા દ્વારા શહેરના ૧૯ વોર્ડને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યા હતા. શુક્રવારે તા.૨૫ના રોજ ખંભાળિયા રોડ પરના સિવિક સેન્ટર ખાતે વોર્ડ નં.૫થી ૮ માટે તથા લાલપુર રોડ પર આવેલા સરદાર પટેલ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે વોર્ડ નં.૧૩થી ૧૬ માટે સેવા સેતુ યોજાયો હતો. બંને સ્થળોએ કુલ ૫,૫૮૭ લોકોએ સેવાઓનો લાભ લીધો હતો. જ્યારે શનિવારે ટાઉનહોલ ખાતે વોર્ડ નં.૯થી ૧૨ માટે તથા ગાંધીનગર રોડ પર વિશ્વકર્મા વાડી ખાતે વોર્ડ નં.૧થી ૪ માટે સેવા સેતુ યોજાયો હતો. આ બંને સ્થળોએ પણ અંદાજે પાંચ હજાર લોકોએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો.

સેવા સેતુમાં આધારકાર્ડ, મિલકતકાર્ડ, મિલકતવેરા, વ્યવસાયવેરા, જન્મ-મરણ તથા લગ્ન નોંધણીના દાખલા સહિત મહાનગરપાલિકાને લગતી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઉપરાંત સમાજ કલ્યાણ વિભાગના દાખલા, વિધવા સહાય, રેશનકાર્ડ, આવકના દાખલા, વૃદ્ધ પેન્શન યોજના, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર તેમજ પીજીવીસીએલના વીજ જોડાણને લગતી કામગીરી પણ એક જ સ્થળે કરી આપવામાં આવી હતી. સેવા સેતુના ઉદ્ઘાટન પ્રસંગે મંત્રી રીવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મેયર મોનિકાબેન વ્યાસ, મહાનગરપાલિકા કમિશનર દીપેશ કેડિયા સહિતના આગેવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરમાં "સેવાના રંગ, રાષ્ટ્રના સંગ" અંતર્ગત રંગોળી કોલાજ વર્ક સ્પર્ધાનું આયોજન

જામનગર : ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં નાગરિકો તેમજ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, ટીમવર્ક, સ્થાનિક સંસ્કૃતિ અને સામૂહિક ભાગીદારીને પ્રોત્સાહિત કરવાના શુભ આશયથી ''સેવાના રંગ, રાષ્ટ્રના સંગ'' અંતર્ગત રંગોળી કોલાજ વર્ક સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે વ્યક્તિગત રંગોળી તેમજ ગ્રૂપ રંગોળી કોલાજ વર્ક સ્પર્ધાઓ યોજાશે.

આ સ્પર્ધા માટે (૧) વિકસિત ભારત, (૨) મેક ઇન ઈન્ડિયા, (૩) આત્મનિર્ભર ભારત, (૪) સપ્તધારા વિઝન, (૫) વિકસિત ભારતનું સ્વપ્ન, (૬) સેવા સંકલ્પ અભિયાન, (૭) જન કલ્યાણકારી યોજનાઓ અને (૮) રાષ્ટ્રીય પ્રતિક જેવા વિવિધ વિષયો નક્કી કરવામાં આવ્યા છે. સ્પર્ધકોએ આ પૈકી કોઈ પણ એક થીમ પસંદ કરી પૂઠા, થર્મોકોલ, લાકડાની શીટ કે પાટિયા પર ગુંદર અથવા ફેવિકોલની મદદથી માત્ર કુદરતી સામગ્રી જેવી કે ફૂલ, માટી, રેતી, ચોખા, બીજ, પાંદડા અને પ્રાકૃતિક રંગોનો જ ઉપયોગ કરીને કોલાજ વર્ક વાળી રંગોળી તૈયાર કરવાની રહેશે. જેમાં વ્યક્તિગત સ્પર્ધકે ૧.૫ ફૂટ ટ ૧.૫ ફૂટ તથા ગ્રૂપ સ્પર્ધામાં ૪ ફૂટ ટ ૪ ફૂટની સાઈઝમાં રંગોળી બનાવવાની રહેશે.

આ સ્પર્ધામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, કલાકારો, પ્રોફેશનલ આર્ટિસ્ટ તેમજ રસ ધરાવતા તમામ સભ્યો અને જાહેર જનતા ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છુક દરેક સ્પર્ધકે આપેલ ઓનલાઈન રજિસ્ટ્રેશન લિંક https://froms.gle/HXMp86UFKyX6igSn7 પર ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન કર્યા બાદ પોતાની કૃતિ તૈયાર કરીને તા.૬/૧૦ ના રોજ સવારે ૧૦ કલાકે ટાઉનહોલ સેલર, જામનગર ખાતે સ્થળ પર પહોંચવાનું રહેશે.

સ્પર્ધા અંગેની વધુ વિગતો અને માહિતી મેળવવા માટે 'જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જિલ્લા સેવા સદન-૪, રૂમ નં.૪૨, પ્રથમ માળ, જામનગર' ખાતે રૂબરૂ અથવા ટેલિફોન નંબર ૦૨૮૮-૨૫૭૧૨૦૯ પર સંપર્ક કરવા જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા યાદીમાં જણાવાયું છે.

## UPI ટ્રાન્ઝેક્શન પર MDR ચાર્જના વિરોધમાં અસહકાર આંદોલનમાં સલાયા વેપારી એસો. જોડાશે



સલાયા : કેન્દ્ર સરકાર દ્વારા UPI ટ્રાન્ઝેક્શન પર MDR (Merchant Discount Rate) ચાર્જ લાગુ કરવાની જોગવાઈના વિરોધમાં વિવિધ ગામોના વેપારી મંડળો અને વેપારી સંગઠનો દ્વારા તા. ૨ ઓક્ટોબર, ગાંધી જયંતિના દિવસે ગાંધી ચિંધ્યા માર્ગે અસહકાર આંદોલન કરવાની જાહેરાત કરવામાં આવી છે.

આ આંદોલનના અનુસંધાને સલાયા વેપારી એસોસિયેશન દ્વારા પણ આ અસહકાર આંદોલનમાં જોડાવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તા. ૨ ઓક્ટોબરના રોજ સલાયાના વેપારીઓ એક દિવસ માટે UPI દ્વારા પેમેન્ટ લેવાનો તેમજ પેમેન્ટ કરવાનો ઉપયોગ નહીં કરી, સ્હઇ ચાર્જ સામે પ્રતિકાત્મક અસહકાર નોંધાવશે. સલાયા વેપારી એસોસિયેશનના પ્રમુખ ભરતભાઈ લાલ દ્વારા જણાવાયું છે કે MDR ચાર્જ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી, વેપારીઓ પર આ પ્રકારનો ચાર્જ ન લગાડવા માટે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવશે.અને સલાયાના તમામ વેપારી ભાઈઓને તા. ૨ ઓક્ટોબર, ગાંધી જયંતિના દિવસે UPIનો ઉપયોગ ન કરી આ અસહકાર આંદોલનમાં સહભાગી થવા સલાયા વેપારી એસોસિયેશન દ્વારા અપીલ કરવામાં આવી છે.

### ધ્રોલ પોલીસ સ્ટેશનની મુલાકાત બાદ

## ઐતિહાસિક ભૂચરમોરી શહીદ સ્મારકે રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાયે ઝુકાવ્યું શીશ



ધ્રોલ (સંજય ડાંગર) : રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય દ્વારા તાજેતરમાં ધ્રોલ પોલીસ સ્ટેશનની મુલાકાત લેવામાં આવી હતી. પોલીસ મથકની કામગીરીની સમીક્ષા બાદ તેઓ સૌરાષ્ટ્રના ગૌરવશાળી અને પવિત્ર ઐતિહાસિક તીર્થ એવા ભૂચરમોરી ખાતે પહોંચ્યા હતા, જ્યાં તેમણે અમર શહીદોની શહાદતને ભાવપૂર્વક શીશ ઝુકાવી વંદન કર્યા હતા.

ધ્રોલ પોલીસ સ્ટેશનની મુલાકાત દરમિયાન DIG નિર્લિપ્ત રાયે ઉપસ્થિત અધિકારીઓ સમક્ષ જણાવ્યું હતું કે, તેઓ ઐતિહાસિક તેમજ આધ્યાત્મિક ધરોહરો પ્રત્યે વિશેષ રુચિ અને શ્રદ્ધા ધરાવે છે. તેમણે આસપાસના વિસ્તારમાં આવેલા આવા પ્રેરણાદાયી સ્થળ વિશે પૃચ્છા કરતાં સ્થાનિક અધિકારીઓએ 'સૌરાષ્ટ્રના પાણીપત' તરીકે ઓળખાતી ઐતિહાસિક ભૂચરમોરીની ભૂમિનો ઉલ્લેખ કર્યો હતો માતૃભૂમિ, શરણાગત વાત્સલ્ય અને ક્ષાત્રધર્મની રક્ષા ખાતર હજારો વીરોએ જ્યાં સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું, તે પવિત્ર ભૂચરમોરી ખાતે પહોંચી હૈં શ્રી નિર્લિપ્ત રાયે શહીદોના પાળિયા સમક્ષ નતમસ્તક થઈ અંજલિ અર્પી હતી. ત્યારબાદ સ્મારક પરિસરમાં આવેલા મંદિરમાં દર્શન-અર્ચન કરી ધન્યતા અનુભવી હતી તેમજ વીરોની અપ્રતિમ શૌર્યગાથા પ્રત્યે ઊંડો આદર વ્યક્ત કર્યો હતો. આ મુલાકાત પ્રસંગે જામનગર ઈન્ચાર્જ એસ.પી. પ્રતિભા, ડીવાયએસપી પિયુષ વાંદા, ધ્રોલ પીઆઈ પી.એન. ખાચર સહિતના પોલીસ અધિકારીઓ તેમજ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગર ભાજપ દ્વારા શહિદ ભગતસિંહની જન્મજયંતીએ પ્રતિમાને ફુલહાર





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ભારતની આઝાદી માટે જીવનનું બલિદાન આપી ફાંસીના માંચડે હસ્તે મોઢે ચડનાર શહીદવીર ભગતસિંહની જન્મ જયંતી નિમિત્તે હવાઈચોકમાં શહીદ ભગતસિંહની પ્રતિમાને ફૂલહાર કરી અગ્રણીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી, જેમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મેયર મોનિકાબેન વ્યાસ, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, ડે. મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શાસક જુથના નેતા અમરભાઈ મોદી, સ્થાનિક નગર સેવક અમર કનખરા, ધવલ નાખવા, પ્રવિણાબેન રૂપડિયા, શહેર ભાજપ મહામંત્રી, પૂર્વ શિક્ષણ સમિતિ ચેરમેન મનિષ કનખરા તથા અન્ય હોદ્દેદારો, કાર્યકર્તાઓ જોડાયા હતાં. ફૂલહાર કર્યા પછી તમામ ઉપસ્થિત મહાનુભાવોએ નાગરિકોને ચોકલેટનું વિતરણ કરી શહીદ ભગતસિંહની જન્મ જયંતિની શુભેચ્છા પાઠવી હતી.

## વરવાળા ખાતે "મા દીકરી" સંમેલન યોજાયું



મીઠાપુર : પી.એ. શ્રી વરવાળા પ્રાથમિક શાળા ખાતે મા-દીકરી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દીકરીઓ સાથે માતાઓએ પણ સ્ટેજ પર વિવિધ પર્ફોર્મન્સ રજૂ કરી દીકરીઓને પ્રોત્સાહન અને પ્રેરણા આપી હતી. મા-દીકરી વચ્ચેના પ્રેમ, સ્નેહ અને વિશ્વાસના અનોખા સંબંધને ઉજાગર કરતું આ સંમેલન ખાસ બની રહ્યું હતું.

પી.એ. શ્રી વરવાળા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા મા-દીકરી સંમેલનનો મુખ્ય હેતુ મા અને દીકરી વચ્ચેના પ્રેમ, સ્નેહ, વિશ્વાસ અને સમજણને વધુ મજબૂત કરવાનો હતો. દીકરી પોતાની માતા પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરી શકે અને માતા પણ દીકરીની સિદ્ધિઓથી માહિતગાર થઈ શકે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજના આધુનિક અને માહિતી-ટેક્નોલોજીના યુગમાં માતાઓ પણ દીકરીઓ સાથે કદમથી કદમ મિલાવી આગળ વધી શકે અને તેમની પ્રગતિમાં સહભાગી બની શકે તેવા ઉદ્દેશ સાથે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

ખાસ વાત તો એ રહી કે દીકરીઓની સાથે તેમની માતાઓએ પણ સ્ટેજ પર વિવિધ પર્ફોર્મન્સ રજૂ કરી દીકરીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ સંમેલનમાં વરવાળા ગામની બે એવી દીકરીઓને પણ પ્રેરણારૂપ તરીકે રજૂ કરવામાં આવી હતી કે જેમણે પોતાના જીવનમાં મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને સમાજની અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ બની છે. મા-દીકરી વચ્ચેના પ્રેમ, વિશ્વાસ અને સમજણને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે યોજાયેલું આ સમગ્ર સંમેલન પી.એમ શ્રી વરવાળા પ્રાથમિક શાળાના આચાર્ય રીમ્પલબેનના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું.

## જામજોધપુરના યુવાને અકળ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામજોધપુર શહેરમાં રહેતા એક યુવાને કોઈ અકળ કારણોસર પોતાના રહેણાંક મકાનમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી ગઈ છે. આ મૃતકના ભાઈ દ્વારા સ્થાનિક પોલીસ દફતરે જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ આપઘાત પાછળનું કારણ શું છે ? તે જાણવા સહિતની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી પ્રમાણે જામજોધપુરમાં ટેલીફોન એક્સચેન્જ પાસે રહેતા અભિમન્યુ મહાદેવભાઈ યાદવ નામના ૨૧ વર્ષના યુવાને ગઈકાલે પોતાના રહેણાંક મકાનમાં કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ જીવ દઈ દીધો હતો જે બનાવ અંગે મૃતકના ભાઈ પંકજભાઈ મહાદેવભાઈ યાદવ દ્વારા જામજોધપુર પોલીસને જાણ કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ આર. કે. કંડોરીયાએ સ્થળપર દોડી જઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો બીજીતરફ આ બનાવથી મૃતકના સ્વજનો, મિત્ર - મંડળમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## વિન્ડીઝ સામેના વન-ડે મેચમાં બોર્ડના ઓબ્ઝર્વર તરીકે જામનગરના નરેન્દ્રસિંહ જાડેજાની વરણી

### રણજી ટ્રોફીના પૂર્વ સિનીયર ક્રિકેટર નરેન્દ્રસિંહ જાડેજા હાલ બી.સી.સી.આઈ.ની એપેક્ષ કમિટીના સભ્ય છે



જામનગર : રણજી ટ્રોફીના પૂર્વ સિનીયર ક્રિકેટર જામનગરના નરેન્દ્રસિંહ જાડેજાને આગામી તા.૩ ઓકટોબરના રોજ ચંડીગઢ ખાતે રમાનારી ભારત-વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની વન-ડે મેચના બી.સી.સી.આઈ.ના ઓબ્ઝર્વર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

જામનગરમાં કોલેજકાળ સુધીની શૈક્ષણિક કારકિર્દી દરમીયાન નરેન્દ્રસિંહ જાડેજા રણજી ટ્રોફી મેચમાં ક્રિકેટર તરીકે હતા એ પછી સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. દ્વારા તેઓ અનેક સ્થળો પર ક્રિકેટ ક્ષેત્રે વિવિધ જવાબદારીઓ સંભાળી રહ્યા છે. તાજેતરમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બી.સી.સી.આઇ.)ની એપેક્ષ કમિટીના સભ્ય તરીકે નિયુક્ત્ત થયેલા છે. આ રીતે ભારતીય ક્રિકેટ જગતમાં તેઓ જામનગરનું નામ રોશન કર્યું છે.

## કાલાવડમાં મહિલા સ્વાસ્થ્ય અને સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



જામનગર : જિલ્લા મહિલા અને બાળ અધિકારી, જામનગરની કચેરી દ્વારા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત કાલાવડ તાલુકાની મુકતાબેન કન્યા વિદ્યાલય ખાતે મહિલા સ્વાસ્થ્ય અને સ્વચ્છતા વિષયક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

'બેટી બચાવો, બેટી પઢાવો'ના સંકલ્પને સુદ્રઢ બનાવવાના હેતુસર યોજાયેલા આ કાર્યક્રમમાં શાળાની વિદ્યાર્થિનીઓ માટે ખાસ હિમોગ્લોબિન તપાસ કેમ્પ રાખવામાં આવ્યો હતો, જેમાં તબીબી અધિકારી દ્વારા કિશોરીઓને માસિક ચક્ર અંગે જરૂરી આરોગ્યલક્ષી માહિતી આપવામાં આવી હતી તેમજ ૬ૐઈઉ-૬સ્ઞ દ્વારા માસિક સ્વચ્છતા અને તેના યોગ્ય વ્યવસ્થાપન અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત તમામ મહાનુભાવોનું 'બેટી બચાવો, બેટી પઢાવો'ના લોગોવાળા મગ અર્પણ કરીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શિક્ષણ મંડળ મંત્રી હસમુખભાઈ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે નવજાત દીકરીઓને 'દીકરી વધામણા કીટ', શાળામાં પુનઃપ્રવેશ કરનાર દીકરીઓને 'એજ્યુકેશન કીટ' તથા ઉપસ્થિત વિદ્યાર્થિનીઓને 'હાઈજીન કીટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ આયોજનમાં આરોગ્ય વિભાગના ્ૐ, ૅં, ૈંઝ૬જીના ઝ૬ૅશ્રી, શાળાના આચાર્ય, શિક્ષકગણ, પૂર્ણા કન્સલ્ટન્ટ, મુખ્ય સેવિકાઓ, આંગણવાડી કાર્યકર બહેનો તેમજ ૬ૐઈઉ, ઁજીઝ, ૅમ્જીઝ, ફસ્દ્ધ સ્ટાફ સહ ભાગીદાર બન્યા હતા અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થિનીઓએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ કાર્યક્રમમાં આગેવાન નિરવભાઈ ભટ્ટ, શિક્ષણ મંડળ પ્રમુખ જે.ટી. પટેલ, મહામંત્રી કિશોરભાઈ નિમાવત, મિતભાઈ ફળદુ, જિલ્લા ઉપપ્રમુખ અભિષેકભાઈ, નગરપાલિકા સદસ્યઓ મંજુલાબેન લીબાણી, સુજાતાબેન સિંગલ, મણીબેન મકવાણા, સાનિયાબેન મહેતા, સુરેશભાઈ સોલંકી, અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ તનુભાઈ ચૌહાણ, અનુસૂચિત જાતિ મંત્રી મનોજભાઈ પરમાર, શિક્ષણ મંડળ મંત્રી હસમુખભાઈ, હસમુખભાઈ વોરા તથા મહિલા મોરચાના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

## મહારાષ્ટ્રની જેમ ગુજરાત સરકારે પણ દુષ્કાળ જાહેર કરવો જોઈએ : હેમંત ખવા



જામનગર : આમ આદમી પાર્ટીના જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા મહારાષ્ટ્રના ખેડૂતોના હિતમાં અછતગ્રસ્ત જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. ત્યાં માત્ર ૧૮ ટકાથી લઈને ૪૦ ટકા જેટલી જ વરસાદની ઘટ છે, જ્યારે ગુજરાતમાં હાલમાં ૫૦ ટકાથી પણ વધુ વરસાદની ઘટ છે, છતાં પણ ગુજરાતની ભાજપ સરકાર દ્વારા આ અંગે એક પણ યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી. ખેડૂત સંગઠનો દ્વારા સતત અછતગ્રસ્ત જાહેર કરવા અને ખેડૂતોને રાહત આપવાની માંગ કરવામાં આવી રહી છે. વિધાનસભાના ફ્લોર ઉપર પણ એક જવાબદાર વિપક્ષ તરીકે સુકાયેલો પાક લઈને, ઘોર નિંદ્રામાં સૂતેલી સરકારને જગાડવાના પ્રયત્નના ભાગરૂપે, ત્યાં પણ દેખાવો કર્યા અને વહેલામાં વહેલી તકે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવી માંગ કરી હતી.

આમઆદમી પાર્ટીના ધારાસભ્ય હેમંત ખવાએ વધુમાં જણાવ્યુ હતુ કે પરંતુ આ સરકારના મંત્રીઓ દ્વારા એવા ઉડાઉ જવાબો આપવામાં આવ્યા કે હજી પણ વરસાદ પડવાની શક્યતાઓ છે. પરંતુ ૪૫ દિવસ સુધી વાવેતરમાં એક પણ ટીપું વરસાદ ન પડવાના કારણે પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે, ત્યારે ગુજરાત સરકાર પણ આ અંગે વહેલામાં વહેલી તકે યોગ્ય નિર્ણય લે. જો આગામી સમયની અંદર દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં નહીં આવે તો ખેડૂતોને સાથે રાખીને ઘોર નિંદ્રામાં સૂતેલી સરકારને જગાડવાના તમામ પ્રયત્નો કરવામાં આવશે. અને લડત શરૂ કરવામાં આવશે.

# ભારત હિંદ મહાસાગર ક્ષેત્રમાં પ્રથમ પ્રતિભાવકર્તા અને પસંદગીના સુરક્ષા ભાગીદાર તરીકે ઊભું છે: રાજનાથ સિંહ

## દક્ષિણ ચીન સાગર, ભૂમધ્ય સાગર, એટલાન્ટિક મહાસાગરમાં ભારતીય યુદ્ધ જહાજોની ઉપસ્થિતિ ભારતની બ્લૂ-વોટર ફોર્સ ક્ષમતાનું પ્રદર્શન કરે છે

નવી દિલ્હી,

"ભારત હિંદ મહાસાગર ક્ષેત્રમાં પ્રથમ પ્રતિભાવકર્તા, પસંદગીના સુસંરક્ષણ ભાગીદાર અને વિશ્વાસ તથા વિશ્વસનીયતાના પ્રતીક તરીકે મજબૂતીથી ઉભું છે અને સમગ્ર વિશ્વ આ ક્ષેત્રમાં આપણી વ્યૂહાત્મક સ્થિતિ અને આપણી વ્યૂહાત્મક જવાબદારી બંનેની વૃદ્ધિનું સાક્ષી બની રહ્યું છે. આજે, ભીડભાડ, છેતરપિંડી અને ગ્રે-ઝોન પ્રવૃત્તિઓ જેવા મુદ્દાઓએ આપણા દરિયાઈ ક્ષેત્રને પહેલા કરતાં વધુ જટિલ બનાવી દીધું છે. તેથી, આપણે આપણી દેખરેખ અને પ્રતિભાવ પ્રણાલીઓને નવા સ્તરે લઈ જવી જોઈએ," સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નૌસેના ભવન, નવી દિલ્હી ખાતે ભારતીય નૌકાદળની દ્વિવાર્ષિક કમાન્ડર્સ કોન્ફરન્સ ૨૦૨૬ની બીજી આવૃત્તિને સંબોધિત કરતી વખતે જણાવ્યું હતું. સંરક્ષણ મંત્રીએ દાવો કર્યો હતો કે ભારતીય યુદ્ધ જહાજોની ઉપસ્થિતિ દક્ષિણ ચીન સાગર, ભૂમધ્ય સાગર અને એટલાન્ટિક મહાસાગર સુધી વિસ્તરેલી છે, જે આપણી બ્લૂ-વોટર ફોર્સ ક્ષમતાનું પ્રદર્શન કરે છે. તેમણે ઉમેર્યું હતું કે વ્યૂહાત્મક ઊંડાણ અને પ્રાદેશિક શક્તિ પ્રક્ષેપણ સુનિશ્ચિત કરવામાં ભારતીય નૌકાદળની ભૂમિકા મહત્વપૂર્ણ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નૌકાદળના આધુનિકીકરણ પ્રત્યે સરકારની પ્રતિકૂળતા અને પ્રતિબદ્ધતાને રેખાંકિત કરતા રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, "ભારતીય નૌકાદળ 'વિકસિત ભારત ૨૦૪૭' ના વિઝનમાં એક વ્યૂહાત્મક આધાર તરીકે કામ કરે છે. માત્ર દરિયાઈ સીમાઓનું રક્ષણ કરવા ઉપરાંત, આપણું નૌકાદળ આર્થિક રક્ષણ, પ્રાદેશિક સ્થિરતા અને શક્તિ પ્રક્ષેપણને મજબૂત બનાવે છે." તેમણે ભારતીય નૌકાદળને ભવિષ્ય માટે તૈયાર, યુદ્ધ માટે તૈયાર અને વૈશ્વિક સ્તરે સન્માનિત દળમાં પરિવર્તિત થતી વખતે તેની અવિરત ગતિ જાળવી રાખવા આહ્વાન કર્યું હતું.

પશ્ચિમ એશિયાના સંકટમાં ભારતીય નૌકાદળની ભૂમિકાની પ્રશંસા કરતા રાજનાથ સિંહે રેખાંકિત કર્યું હતું કે 'ઓપરેશન ઊર્જા સુસંરક્ષણ' હેઠળ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી ભારતીય ધ્વજ ધરાવતા વેપારી જહાજો - ખાસ કરીને એલપીજી ટેક્કરોનો સુરક્ષિત માર્ગ સુનિશ્ચિત કરવો એ એક ઉત્કૃષ્ટ સિદ્ધિ છે.



# PNB કૌભાંડ કેસમાં UAEથી દેશનિકાલ બાદ CBIએ નીરવ મોદીના સહયોગી સંદીપ મિસ્ત્રીની ધરપકડ કરી

નવીદિલ્હી,

અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ પંજાબ નેશનલ બેંક (PNB) સાથે થયેલી ૨ અબજ ડોલરની છેતરપિંડીની તપાસના સંદર્ભમાં, ફરાર હીરાના વેપારી નીરવ મોદીના નજીકના સહયોગી સંદીપ ભરત મિસ્ત્રીની UAEમાંથી દેશનિકાલ (deportation) બાદ ધરપકડ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સંદીપ ભરત મિસ્ત્રી આ છેતરપિંડીમાં સામેલ હોવાને કારણે CBI અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા વોન્ટેડ હતા; આ છેતરપિંડીમાં આંતરરાષ્ટ્રીય વેપારના કાલ્પનિક વ્યવહારોનો સમાવેશ થતો હતો.

PNB છેતરપિંડીમાં તેની ભૂમિકા વિશે વિગતવાર માહિતી આપતા એક અધિકારીએ કહ્યું, "મિસ્ત્રીએ વિવિધ સંસ્થાઓ વચ્ચે મુખ્ય કડી તરીકે કામ કર્યું હતું. તે તેમના રોજિંદા કામકાજ પર દેખરેખ રાખતો હતો અને પુરાવા છુપાવવા માટે ગુપ્ત અને આપમેળે સંદેશા ભૂંસી નાખતા (self-delᵃing) કોમ્યુનિકેશન પ્લેટફોર્મ્સ દ્વારા સૂચનાઓ આપતો હતો."

અધિકારીએ વધુમાં જણાવ્યું કે, "તેણે હીરા, સોના અને મોતીના ઘરેણાંના કાલ્પનિક વેપારને વાસ્તવિક દર્શાવવા માટે બનાવટી આયાત-નિકાસ દસ્તાવેજો તૈયાર કરવામાં પણ મદદ કરી હતી. આ ઉપરાંત, તેણે અન્ય આરોપીઓ સાથે મળીને વિદેશી કંપનીઓના 'ડમી ડિરેક્ટરો' (નામમાત્રના સંચાલકો) પર દબાણ કર્યું હતું. તેણે તેમને ધરપકડની ધમકી આપી, અન્ય સ્થળોએ ખસેડી, તેમના ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરીને અને તેમને કંપનીઓના સાચા માલિક તરીકે દર્શાવતા દસ્તાવેજો પર સહી કરવા મજબૂર કર્યા હતા." અન્ય એક અધિકારીએ જણાવ્યું કે, "મિસ્ત્રીએ છઈમાં આવેલી ડમી કંપનીઓના બેંક ખાતાઓમાંથી ભંડોળની હેરાફેરી કરવામાં પણ ભાગ લીધો હતો."

CBI અને ED બંનેએ આ છેતરપિંડીના કેસમાં તેની સામે ચાર્જશીટ દાખલ કરી છે અને આ વર્ષે જુલાઈમાં તેની વિરુદ્ધ ઈન્ટરપોલ રેડ નોટિસ પણ જારી કરવામાં આવી હતી.

# દિલ્હી એરપોર્ટ પર કસ્ટમ્સ અધિકારીઓએ ૧.૦૩ કરોડના ડ્રોન અને તેના ભાગો જપ્ત કર્યા

નવી દિલ્હી,

ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર કસ્ટમ્સ અધિકારીઓએ હોંગકોંગથી વિયેતનામ થઈને દિલ્હી આવેલા ત્રણ ભારતીય મુસાફરોના સામાનમાંથી રૂ. ૧.૦૩ કરોડની કિંમતના ડ્રોન અને ડ્રોનના ભાગો જપ્ત કર્યા છે.

એરપોર્ટ પર કઈ વસ્તુઓ જપ્ત કરવામાં આવી?

કસ્ટમ્સ વિભાગના જણાવ્યા અનુસાર, ૨૫ સપ્ટેમ્બરના રોજ ટર્મિનલ-૩ પર હાથ ધરવામાં આવેલી તપાસમાં મોટી માત્રામાં વસ્તુઓ મળી આવી હતી, જેમાં ૧૦ 'ઓટેલ રોબોટિક્સ સ્હ્ઠ-૧' (Autel RobOics MDX-1) ડ્રોન, ૧૧ રિમોટ કંટ્રોલર, ૧૦ AC/DC એડેપ્ટર, 10 USB ચાર્જર, ૨૦ ડેટા કેબલ, ૬૦ પ્રોપેલર અને કેમેરા-સજ્જ ૧૦ ગિમ્બલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, એક iPhone 18 Pro Max (512GB) પણ જપ્ત કરવામાં આવ્યો હતો.

કસ્ટમ્સ અધિકારીઓએ જણાવ્યું હતું કે એક ચાર્ટર્ડ એન્જિનિયરે આ ડ્રોનને થર્મલ ઈમેજિંગ અને લેસર રેન્જ-ફાઈન્ડર ક્ષમતાઓથી સજ્જ પ્રોફેશનલ અને ડિફેન્સ-ગ્રેડ છ્ફ (માનવરહિત હવાઈ વાહન) તરીકે ઓળખાવ્યા હતા.

અહીં એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે આ દરેક ડ્રોન માટે 'ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન' (DGCA)નું રજીસ્ટ્રેશન ફરજિયાત છે.

જપ્ત કરાયેલ માલસામાનની કુલ બજાર કિંમત રૂ. ૧,૦૩,૫૫,૯૦૦ હોવાનો અંદાજ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ડ્રોન, તેના ભાગો અને મોબાઈલ ફોનને કસ્ટમ્સ એક્ટની કલમ ૧૧૦(૧) હેઠળ જપ્ત કરવામાં આવ્યા છે.

# નોટબંધીથી અર્થતંત્રનો નાશ, વોટ પ્રતિબંધથી લોકશાહીનો નાશ, કોંગ્રેસ કાર્યકારી સમિતિની ખડગેનો ભાજપ પર પ્રહાર

## છેલ્લા ૧૨ વર્ષમાં મોદી સરકારે કાવતરાખોરીપૂર્વક મજબૂત લોકશાહીનો પાયો નબળો પાડ્યો

નવીદિલ્હી,

કોંગ્રેસ કાર્યકારી સમિતિની આજે દિલ્હીમાં બેઠક થઈ. આ બેઠકમાં, કોંગ્રેસે સરકાર સમક્ષ પાંચ માંગણીઓ મૂકી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પર આ અંગે પોસ્ટ કરીને કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે. ખડગેએ લખ્યું છે કે, બ્રિટિશ રાજ દરમિયાનની જેમ, કોંગ્રેસ પાર્ટી ફરી એકવાર ભારતના લોકશાહી અને બંધારણનું રક્ષણ કરવાની જવાબદારી નિભાવે છે. જેમ બ્રિટિશરો પાસેથી મતદાનનો અધિકાર છીનવી લેવામાં આવ્યો હતો, તેમ આજે પણ આપણે તે અધિકારનું રક્ષણ કરવા માટે લડવું પડશે.

કોંગ્રેસ અધ્યક્ષે પોસ્ટમાં લખ્યું છે કે, "આપણા પૂર્વજોએ જે મજબૂત લોકશાહીનો પાયો નાખ્યો હતો તેને છેલ્લા ૧૨ વર્ષમાં મોદી સરકારે કાવતરાખોરીપૂર્વક નબળો પાડ્યો છે." ખડગેએ કહ્યું કે ષડયંત્રના ભાગ રૂપે મતદાર યાદીમાંથી લોકોના નામ દૂર કરવામાં આવી રહ્યા છે, અને મુખ્ય ચૂંટણી કમિશનર સરકારની કઠપૂતળી બની ગયા છે.

ખડગેએ કહ્યું, "બાબા સાહેબે કહ્યું હતું કે કોઈપણ અધિકારીની ઈચ્છાથી મતદારોના નામ કાઢી નાખવામાં આવશે નહીં. આજે, અધિકારીઓ ભાજપ અને મોદી સરકારના ઈશારે મનસ્વી રીતે નામ કાઢી રહ્યા છે." ડૉ. આંબેડકરે મતદાનના અધિકારને લોકશાહીનું સૌથી મૂળભૂત તત્વ ગણાવ્યું હતું, પરંતુ આજે તેનાથી વિપરીત થઈ રહ્યું છે. જે વ્યક્તિને લોકોએ મતોના ચોકીદાર તરીકે નિયુક્ત કર્યા છે તે જ મતોનો લૂંટારો બની ગયો છે. મુખ્ય ચૂંટણી કમિશનર પર નિશાન સાધતા ખડગેએ કહ્યું, "દેશ એવા મુખ્ય ચૂંટણી કમિશનર પર કેવી રીતે વિશ્વાસ કરી શકે



જેના પર તેમના પોતાના સાથીદારો અવિશ્વાસ કરે છે?" ખડગેએ આરોપ લગાવ્યો કે ફોર્મ ૬ માટેના નિયમો શાંતિથી બદલવામાં આવ્યા હતા, જે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. તેમણે નોકરીઓ આપી ન હતી, અને હવે તેઓ મતદાનનો અધિકાર પણ છીનવી લેવા માંગે છે.

# અરુણાચલમાં આસામ રાઈફલ્સની ટુકડી પર ઉગ્રવાદીઓના હુમલામાં એક જવાન શહીદ

નવીદિલ્હી,

અરુણાચલ પ્રદેશના ચાંગલાંગ જિલ્લામાં ભારત-મ્યાનમાર સરહદ પર પેટ્રોલિંગ કરતી ટીમ પર શંકાસ્પદ ઉગ્રવાદીઓએ હુમલો કર્યો હતો, જેમાં આસામ રાઈફલ્સના એક જવાનનું મોત થયું હતું અને અન્ય ચાર જવાન ઘાયલ થયા હતા.

આ ઘટના સવારે લગભગ ૬.૩૦ વાગ્યે નામપોંગ સર્કલ હેઠળના નામપોંગ નાલા નજીક બની હતી, જ્યારે ૨૧ આસામ રાઈફલ્સના જવાનો એવા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા જ્યાં સરહદી વાડ (ફેન્સિંગ) બનાવવાનું કામ ચાલી રહ્યું છે.

ઉગ્રવાદીઓએ પેટ્રોલિંગ ટીમ પર ગોળીબાર કર્યો

પ્રાથમિક અહેવાલો અનુસાર, શંકાસ્પદ ઉગ્રવાદીઓએ પેટ્રોલિંગ ટીમ પર ગોળીબાર કર્યો હતો, જેમાં હવાલદાર જાનખોકાઈ કુકી (૪૨)નું મૃત્યુ થયું હતું અને અન્ય ચાર જવાન ઘાયલ થયા હતા. ઘાયલ જવાનોને તબીબી સારવાર માટે ખસેડવામાં આવી રહ્યા હતા, જ્યારે તેમની સ્થિતિ અંગેની વિગતોની રાહ જોવાઈ રહી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટના બાદ સુરક્ષા દળોએ આ વિસ્તારમાં ઓપરેશન તેજ કરી દીધા છે. પ્રાથમિક અહેવાલોમાં NSCN (K-YA) સાથે સંકળાયેલા ઉગ્રવાદીઓની સંડોવણી હોવાનું સૂચવવામાં આવ્યું હતું, જોકે હુમલાખોરોની ઓળખ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આસામ રાઈફલ્સ તરફથી સત્તાવાર નિવેદનની રાહ જોવાઈ રહી છે.

# અમેરિકન તપાસ એજન્સીએ ગોલ્ડી બ્રારને ૧૦ મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓની યાદીમાં સામેલ કર્યો

## ગોલ્ડી બ્રાર પર લોરેન્સ બિશ્નોઈ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ ગ્રુપ સાથે સંકળાયેલા હોવાનો આરોપ

વોશિંગ્ટન,

યુએસ તપાસ એજન્સી,એફબીઆઇ (ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન) એ કુખ્યાત ગેંગસ્ટર સતિંદરજીત સિંહ (ગોલ્ડી બ્રાર) ને તેના ૧૦ મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓની યાદીમાં ઉમેર્યો છે. ગોલ્ડી બ્રાર પર લોરેન્સ બિશ્નોઈ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ ગ્રુપ સાથે સંકળાયેલા હોવાનો આરોપ છે. ગોલ્ડી બ્રાર તરીકે જાણીતા સતીન્દરજીત સિંહની ધરપકડ માટે માહિતી આપનાર માટે ૧ મિલિયન (આશરે રૂ. ૮.૩ કરોડ) સુધીનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે.

લોરેન્સ બિશ્નોઈ હાલમાં ભારતમાં જેલમાં છે અને જેલની



અંદરથી એક મોટું ગુનાહિત નેટવર્ક ચલાવી રહ્યો હોવાનું કહેવાય છે. તેના જૂથમાં સેંકડો શૂટર્સ હોવાનું કહેવાય છે. ભારતમાં તાજેતરમાં થયેલી અનેક હત્યાઓમાં લોરેન્સ બિશ્નોઈનું નામ ફસાયું છે, જેમાં મુંબઈમાં પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલા અને એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાનો સમાવેશ થાય છે.

એફબીઆઇ અનુસાર, આ ગેંગ દક્ષિણ કેલિફોર્નિયા, તેમજ યુનાઇટેડ સ્ટેટ્સ અને કેનેડામાં વિવિધ હિંસક પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ છે. ગોલ્ડી બ્રારને સશસ્ત્ર, ખતરનાક અને ફરાર માનવો જોઈએ.

એફબીઆઈએ જણાવ્યું છે કે ગોલ્ડી પર રાજકીય અને ધાર્મિક વ્યક્તિઓની હત્યા, ગોળીબાર, હત્યા, અપહરણ, ખંડણી, હુમલો અને ડ્રગ્સ અને હથિયારોની હેરાફેરીનો આરોપ છે. તે યુનાઈટેડ સ્ટેટ્સમાં રહે છે અને ઉત્તર અમેરિકામાં આ જૂથનો કથિત નેતા છે.

# શાળાઓમાં રેગિંગ અટકાવવા માટે કેન્દ્રીય કાયદાની માંગ કરતી પીઆઈએલ પર સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે મંગળવારે શાળાઓ અને પૂર્વ-યુનિવર્સિટી સંસ્થાઓમાં ગુંડાગીરી અને રેગિંગ રોકવા માટે કેન્દ્રીય કાયદા અને સમાન માર્ગદર્શિકાની માંગ કરતી જાહેર હિતની અરજી (પીઆઈએલ) પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી બેન્ચે નોંધ્યું હતું કે સુપ્રીમ કોર્ટે પીઆઈએલમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર પોતાનો ચુકાદો આપી દીધો છે. અરજીમાં કેન્દ્ર, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન અને કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન્સને પક્ષકાર બનાવ્યા હતા.

અરજીમાં જણાવાયું છે કે, "શાળાઓ/પ્રી-યુનિવર્સિટી શૈક્ષણિક સંસ્થાઓમાં ગુંડાગીરી/રેગિંગની સમસ્યાને ઉકેલવા માટે યોગ્ય કેન્દ્રીય કાયદો ઘડવા અને અમલમાં મૂકવા માટે પ્રતિવાદી નંબર ૧ અને ૨ (કેન્દ્રીય મંત્રાલયો) ને નિર્દેશ આપતો રિટ, આદેશ અથવા નિર્દેશ (આદેશના રૂપમાં) જારી કરવામાં આવે."અરજીમાં પ્રસ્તાવિત કેન્દ્રીય કાયદા માટે વધારાની માર્ગદર્શિકા ઘડવાના નિર્દેશોની પણ માંગ કરવામાં આવી હતી. આ માર્ગદર્શિકા શાળાઓ અને પૂર્વ-યુનિવર્સિટી સંસ્થાઓ દ્વારા ફરજિયાતપણે લાગુ કરવાની હતી જેથી ખાતરી કરી શકાય કે ગુંડાગીરી અને રેગિંગ સંબંધિત ફરિયાદોને અસરકારક રીતે સંબોધવામાં આવે અને તેનું નિરાકરણ કરવામાં આવે.

# વિશ્વમાં વધતી સ્પર્ધા સ્થિરતા અને સહિયારા હિતો દ્વારા એક નવું વૈશ્વિક સંતુલન બનાવશે, એસ. જયશંકર

## જયશંકરે વિદેશ નીતિમાં બહુધ્રુવીયતા માટેના પોતાના દ્રષ્ટિકોણને શેર કર્યો

નવીદિલ્હી,

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે ઝડપથી બદલાતી અને સ્પર્ધાત્મક દુનિયામાં સ્થિર અને વિશ્વસનીય દેશ તરીકે ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થામાં, દેશોએ તેમના રાષ્ટ્રીય હિતોની સાથે સ્થિરતા, સહયોગ અને સહિયારી સંમતિને પણ પ્રાથમિકતા આપવી જોઈએ. ન્યૂયોર્કમાં એશિયા સોસાયટીના એક કાર્યક્રમને સંબોધતા, જયશંકરે વિદેશ નીતિમાં બહુધ્રુવીયતા માટેના પોતાના દ્રષ્ટિકોણને શેર કર્યો. તેમણે કહ્યું કે ભારતે પોતાને એક એવા દેશ તરીકે સ્થાપિત કરવું જોઈએ જેના પર અન્ય દેશો વિશ્વાસ કરી શકે અને તે ઝડપથી બદલાતા વૈશ્વિક વાતાવરણમાં સ્થિરતા લાવનાર બળ બની શકે.

જયશંકરે કહ્યું કે દેશની સ્થિર અને વિશ્વસનીય છબી તેને આંતરરાષ્ટ્રીય ભાગીદારો માટે આકર્ષક બનાવે છે. પડોશી દેશો સાથે સારા સંબંધો અને સહિયારી હિતોને પ્રોત્સાહન આપવું પણ વૈશ્વિક સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે જેટલી વધુ વિવિધતા અને સહિયારી સર્વસંમતિ પર ભાર મૂકવામાં આવશે, સંતુલન માળખું તેટલું સારું રહેશે. દેશોએ તેમના રાષ્ટ્રીય હિતોને લાંબા ગાળાના દ્રષ્ટિકોણ, સ્થિરતા અને ભવિષ્યની પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા સાથે જોડવા જોઈએ.

ભારતીય વિદેશ મંત્રીએ કહ્યું કે કોઈ પણ વિશ્વમાં અરાજકતા અને સંઘર્ષની પરિસ્થિતિ ઈચ્છતું નથી, કારણ કે આ વૈશ્વિક અર્થતંત્ર અને વેપાર માટે ગંભીર જોખમો ઉભા કરે છે. તેમણે કહ્યું કે મુખ્ય વેપારી રાષ્ટ્રોની અર્થવ્યવસ્થા અસ્થિરતાથી પ્રભાવિત થાય છે. આવી સ્થિતિમાં, દેશો તેમના વેપાર અને આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે સ્થિરતા જાળવવાના માર્ગો શોધશે. જયશંકરના મતે, વિશ્વ એક જ વ્યવસ્થાને બદલે સહકાર અને સ્પર્ધાના મિશ્ર માર્ગ તરફ આગળ વધી શકે છે. જયશંકરે કહ્યું કે વિશ્વ પહેલા કરતાં વધુ સ્પર્ધાત્મક બન્યું છે, અને વર્તમાન પરિસ્થિતિઓમાં એક નવો ક્રમ ઉભરી આવશે.

# સિંધુ જળ સંધિ સ્થગિત થવાની અસર : પાકિસ્તાનમાં રવિ પાકનો વિસ્તાર ૨૫ ટકા ઘટવાનો અંદાજ

## પહેલગામ આતંકવાદી હુમલાને કારણે ભારતે એપ્રિલ ૨૦૨૪ માં સિંધુ જળ સંધિ સ્થગિત કરી દીધી હતી

ઈસ્લામાબાદ,

સિંધુ જળ સંધિ સ્થગિત થવાની અસર હવે પાકિસ્તાન પર સ્પષ્ટ થઈ રહી છે. પાણીની અછતને કારણે, પાકિસ્તાનમાં રવિ પાકનો વિસ્તાર ૨૫ ટકા ઘટવાનો અંદાજ છે. આની સૌથી મોટી અસર ઘઉંના ઉત્પાદન પર થવાની ધારણા છે. જો આવું થાય, તો પહેલાથી જ લોટના સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનને વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. એવી પણ આશંકા છે કે ફુગાવાને કારણે સામાન્ય પાકિસ્તાનીઓ માટે બે ટંકનું ભોજન પણ મુશ્કેલ બની શકે છે. પહેલગામ આતંકવાદી હુમલાને કારણે ભારતે એપ્રિલ ૨૦૨૪ માં સિંધુ જળ સંધિ સ્થગિત કરી દીધી હતી. ભારતે જણાવ્યું હતું કે લોહી અને પાણી એકસાથે વહી શકતા નથી.

ડોનના એક અહેવાલ મુજબ, રવિ પાક માટે અંદાજિત પાણીની ઉપલબ્ધતા ફક્ત ૨૧-૨૨ મિલિયન એકર-ફીટ છે, જે આ સિઝન માટે અંદાજિત જરૂરિયાત કરતા નોંધપાત્ર રીતે ઓછી છે. આ મૂલ્યાંકન એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે પાકિસ્તાનના જળાશયોમાં પાણીનું સ્તર ૯.૫ મિલિયન એકર-ફીટથી નીચે આવી ગયું છે. રવિ સિઝન ૧ ઓક્ટોબરથી શરૂ થાય છે, જેમાં ઘઉં સૌથી મહત્વપૂર્ણ પાક છે. ૧૯૯૧ ના પાણી ફાળવણી કરાર મુજબ, રવિ પાકને આશરે ૩૭-૩૮ મિલિયન એકર-ફીટ પાણીની જરૂર પડે છે. જો કે, ખરીફ સિઝનથી મર્યાદિત પાણી સંગ્રહને કારણે અને આગામી છ મહિનામાં નદીના પ્રવાહને ધ્યાનમાં લેતા, ઉપલબ્ધ પાણી પુરવઠો ફક્ત ૨૧-૨૨ મિલિયન ફૂટ રહેવાની ધારણા છે.

પાકિસ્તાન પહેલાથી જ અગાઉની સિઝનની તુલનામાં ઘઉંના ઉત્પાદનમાં અછતનો સામનો કરી રહ્યું છે. દેશમાં ઘઉંનું ઉત્પાદન અંદાજે ૨૯.૭ મિલિયન ટન હતું, પરંતુ ફક્ત ૨૭.૫ મિલિયન ટનનું ઉત્પાદન થયું. દરમિયાન, પાકિસ્તાનનો ઘઉંનો વપરાશ આશરે ૩૨ મિલિયન ટન છે. આ અછતને પહોંચી વળવા માટે, પાકિસ્તાનને ૧ મિલિયન ટન ઘઉંની આયાત કરવી પડી, પરંતુ આ સમુદ્રમાં માત્ર એક ટીપાં સાબિત થયું, અને દેશ લોટની અછતનો સામનો કરી રહ્યો છે. પંજાબે પહેલાથી જ અન્ય રાજ્યોમાં ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો છે, જેના કારણે અન્ય પ્રાંતોમાં ઘઉંનું સંકટ સર્જાયું છે.

સિંધુ જળ સંધિ સ્થગિત થયા પછી પાકિસ્તાન પાણીની કટોકટીનો સામનો કરી રહ્યું છે. આ વર્ષે ચોમાસામાં પણ ઓછો વરસાદ પડ્યો છે, જેના પરિણામે પાકિસ્તાનના બંધ સંપૂર્ણપણે ભરાયા નથી. જૂના હોવાથી, તેઓ કાંપથી ભરાઈ ગયા છે, જેના કારણે તેમની પાણી સંગ્રહ ક્ષમતામાં ઘટાડો થયો છે. પાકિસ્તાનના મુખ્ય બંધોમાંના એક, મંગળા ડેમની પાણી સંગ્રહ ક્ષમતા આશરે ૫.૧૨ મિલિયન ફૂટ પ્રતિ સમુદ્ર ફૂટ હતી, જ્યારે તેની મહત્તમ ક્ષમતા ૭.૨૭૭ મિલિયન ફૂટ પ્રતિ સમુદ્ર ફૂટ છે. આંતરરાષ્ટ્રીય જળ સંસાધન એજન્સીએ તારબેલા ખાતે સક્રિય સંગ્રહ ક્ષમતામાં સતત ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરી છે. માહિતી અનુસાર, તાલબેલા ડેમની સક્રિય સંગ્રહ ક્ષમતા મે ૨૦૨૨ માં ૫.૮૨૭ મિલિયન ફૂટ પ્રતિ સમુદ્ર ફૂટથી ઘટીને માર્ચ ૨૦૨૬ માં ૫.૫૮૦ મિલિયન ફૂટ પ્રતિ સમુદ્ર ફૂટ થઈ ગઈ છે.

# જમ્મુ-કાશ્મીર વિધાનસભાએ ધારાસભ્યોના પગાર અને ભથ્થાં વધારવાનું બિલ પાછું ખેંચ્યું

શ્રીનગર,

જમ્મુ-કાશ્મીર વિધાનસભાએ મંગળવારે ભાજપના ધારાસભ્યોના વિરોધ બાદ વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાંમાં વધારો કરતું બિલ પાછું ખેંચી લીધું હતું. મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ બિલ સામેના વાંધાઓનો જવાબ આપતા કહ્યું કે, વધારાની ભલામણ કરનાર ગૃહ સમિતિમાં કોઈ પણ સભ્યનો અસંમતિનો સૂર નહોતો. તેમણે કહ્યું કે ભાજપના સભ્યો પગાર અને ભથ્થાં તો ઈચ્છતા હતા, પરંતુ તેઓ દૈનિક વેતનભોગી મજૂરોની સમસ્યાઓનો હવાલો આપીને આ મુદ્દાનું રાજકીયકરણ કરવાનો પ્રયાસ પણ કરી રહ્યા હતા.

"હું ક્યારેય આની તરફેણમાં નહોતો. જો એક પણ સભ્ય તેનો વિરોધ કરે, તો તે ક્યારેય પસાર



ભાજપના ધારાસભ્યોના વિરોધ બાદ વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાંમાં વધારો કરતું બિલ પાછું ખેંચી લીધું

થશે નહીં. હું આ બિલ પાછું ખેંચું છું," તેમ મુખ્યમંત્રીએ કહ્યું. બાદમાં વિધાનસભાએ કાયદો પાછું ખેંચવાની તરફેણમાં જંગી બહુમતીથી મતદાન કર્યું.

મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં પાંચ બિલ રજૂ કર્યા

સોમવારે, મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ વિધાનસભામાં પાંચ બિલ રજૂ કર્યા, જેમાં મંત્રીઓ અને ધારાસભ્યોના પગાર અને ભથ્થાં તેમજ ભૂતપૂર્વ ધારાસભ્યોની પેન્શનમાં સૂચિત ફેરફારોનો સમાવેશ થાય છે. મુખ્ય દરખાસ્તોમાંની એકમાં ધારાસભ્યોના હાલના કુલ માસિક પગારને રૂ. ૧.૮ લાખથી વધારીને રૂ. ૩ લાખ કરવાનો પ્રસ્તાવ છે. જોકે, સૂચિત ફેરફારોને અંતિમ સ્વરૂપ મળે તે પહેલાં તેને કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

નોંધનીય છે કે મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા, જેઓ કાયદા, ન્યાય અને સંસદીય બાબતોનો વિભાગ પણ સંભાળે છે, તેમણે 'જમ્મુ અને કાશ્મીર મિનિસ્ટર્સ એન્ડ મિનિસ્ટર્સ ઓફ સ્ટેટ સેલરીઝ એક્ટ, ૧૯૫૬' (મંત્રીઓ અને રાજ્યકક્ષાના મંત્રીઓના પગાર અંગેનો કાયદો) માં સુધારા માટેનું બિલ રજૂ કર્યું હતું.

# જામનગર જિલ્લામાં ટ્રાન્સમિશન લાઈનના વળતર મુદ્દે ખેડૂતોમાં ઉગ્ર રોષ

## જમીનના રેકોર્ડમાં સુધારા બાદ જ કાર્યવાહી કરવા અને બજારભાવ અંગેની નોટીસ રદ કરવાની માંગ સાથે કલેકટરને આવેદન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લામાં ટ્રાન્સમિશન લાઈન તથા ટાવર ઉભા કરવાની કામગીરીમાં અસરગ્રસ્ત ખેડૂતોને જમીનના વળતર મામલે જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા કલેક્ટરને ખેડૂતો દ્વારા તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં ટ્રાન્સમિશન લાઈનની કામગીરી શરૂ કરતા પહેલાં અસરગ્રસ્ત જમીનોના રેકોર્ડમાં થયેલા ફેરફારો અને ખેડૂતોના નામોમાં રહેલી ભૂલો સુધારવાની માંગ કરવામાં આવી છે.

ખેડૂતોએ રજૂઆતમાં જણાવ્યું છે કે, ટ્રાન્સમિશન લાઈન સ્થાપિત કરનાર કંપની દ્વારા બજારભાવ નક્કી કરવા અંગે અગાઉ કોઈ પૂર્વનોટીસ કે લેખિત જાણ કરવામાં આવી નથી. ઉપરાંત, કલેક્ટર કચેરી તરફથી આપવામાં આવેલી નોટીસમાં પણ કાયદાકીય રીતે જરૂરી ૧૪ દિવસનો સમય આપવામાં આવ્યો ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે, ટ્રાન્સમિશન કંપનીને વીજળી અધિનિયમ હેઠળ મંજૂરી મેળવી કલમ ૧૬૪ મુજબ ટેલિગ્રાફ અધિનિયમ, ૧૮૮૫ની સત્તાઓ પ્રાપ્ત થયેલી છે. ટેલિગ્રાફ અધિનિયમની કલમ ૧૦(ડી) મુજબ લાઈન સ્થાપનાથી હિતધારક ખેડૂતોને થતા નુકસાનનું સંપૂર્ણ વળતર ચૂકવવાની જોગવાઈ હોવાનો ખેડૂતોનો દાવો છે. ખેડૂતોએ ઉર્જા વિભાગના તા. ૪-૭ના ઠરાવ તથા તા. ૩૧-૭ની માર્ગદર્શિકાનો પણ વિરોધ નોંધાવ્યો છે. રજૂઆત મુજબ, આ માર્ગદર્શિકા ખેડૂતોને સંપૂર્ણ વળતર આપતી ન હોવાથી તેને અગાઉ વિવિધ ગામોની ગ્રામ પંચાયતોના ઠરાવો મારફતે પણ પડકારવામાં આવી છે.

કેન્દ્રીય કાયદા એવા વીજળી અધિનિયમ અને ટેલિગ્રાફ અધિનિયમની જોગવાઈઓનું અક્ષરશઃ પાલન થવું જોઈએ અને રાજ્ય સરકારની કોઈ માર્ગદર્શિકા કે ઠરાવથી કેન્દ્રીય કાયદા હેઠળ મળતા હક્કો મર્યાદિત કરી શકાય નહી, તેવી રજૂઆત ખેડૂતો દ્વારા કરવામાં આવી છે.

આ ઉપરાંત, ટ્રાન્સમિશન લાઈનની કામગીરીના સંદર્ભમાં જમીન ધરાવતા ખેડૂતો સામે કંપની દ્વારા ફરિયાદો કરવામાં આવતી હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. ખેડૂતો સામે અયોગ્ય ફરિયાદો દાખલ કરી તેમને આરોપીની સ્થિતિમાં મૂકવાની કાર્યવાહી અટકાવવા પણ કલેક્ટરને રજૂઆત કરાઈ છે.

ખેડૂતોએ અંતમાં કલેક્ટર કચેરી દ્વારા બજારભાવના વળતર અંગે આપવામાં આવેલી નોટીસ તાત્કાલિક રદ કરી, જમીનના રેકોર્ડમાં જરૂરી સુધારા કર્યા બાદ જ આગળની કાર્યવાહી હાથ ધરવા માંગ કરી છે.

## જામનગર-દ્વારકા જિલ્લામાં એક જ દિવસમાં વીજ તંત્રએ રૂ. ૯.૩૪ કરોડ વસુલ્યા

**મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવમાં ૨૦૩૫ વીજ જોડાણ કપાયા, કનેક્શન કપાવાના ડરે ૫૪૯૦ ગ્રાહકોએ બાકી બિલ ભરી દીધા**

જામનગર : જામનગર અને દેવભૂમિ દ્વારકા સહિત હાલારભરમાં બાકી વીજ બીલ પેટે જૂની ઉઘરાણી કઢાવવા વીજ તંત્ર દ્વારા મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ યોજાઈ હતી. પીજીવીસીએલ સ્ટાફના ૭૦૦ જેટલા લોકો મેદાનમાં ઉતર્યા હતા અને લાંબા સમયથી બિલના બાકીદારોના એક જ દિવસમાં ૨૦૩૫ વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા.

જામનગર પીજીવીસીએલ સર્કલ હેઠળ આવતા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૨૯.૦૯ના રોજ મેગા ડીસ-કનેકશન ડ્રાઈવ યોજાઈ હતી. ૩૮ પેટાવિભાગીય કચેરીઓમાં ડીસ-કનેકશન કામગીરી માટે સવારથી જ તંત્રની ૩૪૫ ટીમ કામગીરીમાં જોતરાઈ હતી. ૧૩ કરોડની જંગી રકમની વસુલાતના લક્ષ્યાંક સામે ટીમ મેદાનમાં ઉતરતા એક જ દિવસમાં ૫૪૯૦ ગ્રાહકોએ કનેક્શન કટ થઈ જવાના ડરથી બિલની ભરપાઈ કરી દેતા તંત્રને ૯.૩૪ કરોડની આવક થઈ હતી. આ ઉપરાંત બાકી રહેતા ૨૦૩૫ ગ્રાહકોના વીજ જોડાણ સ્થળ પર જઈને કાપવામાં આવ્યા હતા. તંત્રની આ કામગીરીને લઈને બાકીદારોને ફફડાટ ફેલાયો હતો.

## કુન્નડ અને પડાણામાં ખાણ ખનીજ વિભાગનો સપાટો

### રેતીનું અનઅધિકૃત વહન કરતા ૬ ડમ્પર સહિત રૂ. ૧.૯૦ કરોડનો મુદ્દામાલ કબજે



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના ભૂસ્તરશાસ્ત્રીની સૂચનાથી ખાણ-ખનીજ વિભાગની ટીમ દ્વારા ગઈકાલે તા. ૨૯ના રોજ જિલ્લામાં ખનિજ વહન અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં જોડિયા બાદનપર રોડ પર કુન્નડ ગામ પાસે બિનઅધિકૃત રીતે સાદી રેતીનું વહન કરતા ચાર ડમ્પર તેમજ પડાણા સર્કલ વિસ્તારમાં બ્લેકટ્રેપ ખનિજનું વધુ જથ્થામાં વહન કરતા બે ડમ્પર મળી કુલ છ ડમ્પર અટકાવી જપ્ત કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, જોડિયા બાદનપર રોડ પર કુન્નડ ગામ નજીક આકસ્મિક તપાસ દરમિયાન સાદી રેતીનું બિનઅધિકૃત રીતે વહન કરતા કુલ ચાર ડમ્પર મળી આવ્યા હતા. ખાણ-ખનીજ વિભાગની ટીમે ચારેય ડમ્પર જપ્ત કરી આશરે રૂ. ૧.૩૦ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ ઉપરાંત પડાણા સર્કલ વિસ્તારમાં તપાસ દરમિયાન બ્લેકટ્રેપ ખનિજનું વધુ જથ્થામાં વહન કરતા બે ડમ્પર અટકાવવામાં આવ્યા હતા. બંને ડમ્પર સહિત આશરે રૂ. ૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી માટે પડાણા પોલીસ મથક ખાતે કબજો સોંપવામાં આવ્યો હતો.

આમ, ખાણ-ખનીજ વિભાગ જામનગર દ્વારા એક જ દિવસમાં કુલ છ ડમ્પર જપ્ત કરી આશરે રૂ. ૧.૯૦ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી ખાણ-ખનીજ વિભાગની તપાસ ટીમના નિખિલભાઈ, નૈતિકભાઈ અને આનંદભાઈ દ્વારા કરવામાં આવી હતી.

## ચરકલા-મીઠાપુર હાઈવે પર બોલેરો હડફેટે બાઈક ચાલક પ્રૌઢનું મોત

દ્વારકા : દ્વારકા પંથકના ચરકલા મીઠાપુર હાઈવે પરથી મોટરસાયકલ ચલાવી પસાર થતા એક આધેડનું બોલેરો વાહનની હડફેટે મૃત્યુ નિપજ્યું હતુ. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકના પુત્રની ફરિયાદ પરથી બોલેરોના ચાલક સામે અપરાધ નોંધી આગળની તપાસ હાથ ધરી છે આ બનાવથી મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

મળતી માહિતી મુજબ દ્વારકા તાલુકાના ચૂંટણી ગામમાં રહેતા આલભાઈ ચાવડા નામના પ્રૌઢ ગઈકાલે પોતાનું જી. જે. ૧૦. ડી. સી. ૭૬૭૪ નંબરનું એક્ટીવા મોટરસાયકલ ચલાવી ચરકલા-મીઠાપુર હાઈવે પર આવેલ નંદી મીલ પાસેથી પસાર થતા હોય દરમિયાન ત્યાંથી પૂરઝડપે નીકળેલા યુ. પી. ૮૫. બી. ઈ. ૧૯૦૯ નંબરના બોલેરો વાહનના ચાલકે હડફેટે લઈ તેઓને શરીરે માથાના અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા તેઓનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.

જ્યારે આ બનાવની જાણ થતા દ્વારકા પોલીસ દફતરના પી. એસ. આઈ. પી. કે. ડાંગર સહિતનો પોલીસ કાફલો સ્થળપર દોડી ગયો હતો અને મૃતકના પુત્ર નારણભાઈ આલભાઈ ચાવડાની ફરિયાદ પરથી બોલેરો વાહનના ચાલક દ્વારકા ખાતે રહેતા પુંજાભા ટપુભા કેર સામે ગુન્હો નોંધી તેને ઝડપી લેવા દોડધામ શરૂ કરી છે.

## જામનગરના સત્યમ કોલોની નજીક લટાર મારતું રોઝડુ



જામનગર : જામનગર શહેરમાં આજે વહેલી સવારે સત્યમ કોલોની, સુંદરમ પાર્ક નજીક આવેલા ખુલ્લા પ્લોટમાં એક રોઝડું લટાર મારતું નજરે પડતાં લોકોમાં કુતુહલ સર્જાયું હતું. રોઝડું ખુલ્લા રોડ પર આંટાફેરા મારતું જોવા મળતાં આસપાસના લોકોમા આશ્ચર્ય સર્જાયું હતું. જેમાં કેટલાક લોકોએ મોબાઈલમાં રોઝડાના દ્શ્યો પણ કેદ કર્યા હતા. રોઝડું થોડા સમય સુધી ખુલ્લા પ્લોટમાં જોવા મળ્યા બાદ ત્યાંથી ચાલ્યું ગયું હતું.

## મોડપર ગામે જુગાર રમતા સાત શખ્સો રૂપિયા પાંચ લાખની મતા સાથે ઝડપાયા



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : લાલપુર તાલુકાના મોડપર ગામની સીમ વિસ્તારમાં ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા સાત જણાને પકડી પાડી સ્થળપરથી રોકડ રકમ, કાર, બાઈક, મોબાઈલ ફોન સહિત રૂ. ૫ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે એલસીબી પોલીસે મળેલી બાતમીના આધારે મોડપર ગામની વીરડા વાડી વિસ્તારમાં દરોડો પાડ્યો હતો દરમિયાન અત્રે ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા રમેશ રામદેભાઈ ગાગીયા, રામ મુળુભાઈ ચાવડા, રાહુલ જીવાભાઈ ગાગીયા, યોગેશ મેરગભાઈ ધ્રાંગુ, લાખાભાઈ હમીરભાઈ આહીર, ભાયાભાઈ ભીખાભાઈ કરમુર અને દાનાભાઈ લખુભાઈ વારોતરીયા નામના સાત શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૬૦ હજારની રોકડ મુદ્રા તથા રૂ. ૪.૧૦ લાખની કિંમતના કાર અને મોટરસાયકલ તેમજ રૂ. ૩૫ હજારની કિંમતના ૭ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૫.૫ લાખની મતા ઝબ્બે કરી હતી.

## ઓખા પંથકમાં આધેડના આપઘાતના બનાવમાં પાંચ સામે ગુન્હો નોંધાયો

### બોટ માલિક, ટંડેલ, મેતાજી સહિતના અસહ્ય ત્રાસ આપતા હોવાની પુત્ર દ્વારા રાવ

દ્વારકા : ઓખામાં આર. કે. બંદર ખાતે આજથી ૨૦ દિવસ પહેલા બોટમાં કામ કરતા એક આધેડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેવાના પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે જેમાં તેઓને બોટના માલિક, ટંડેલ, મેતાજી સહિતના શખ્શોએ અસહ્ય ત્રાસ ગુજારતા અંતિમ પગલું ભરી લીધાની મૃતકના પુત્ર દ્વારા ફરિયાદમાં જણાવવામાં આવતા પોલીસે આગળની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી અનુસાર ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નાદણ ગામમાં રહેતા સોમાભાઈ વીરાભાઈ ચૌહાણ નામના આધેડ ઓખામાં સ્થિત આર. કે. બંદર ખાતે નુરાની નામની બોટમાં કામ કરતા હતા દરમિયાન તેઓએ ગત તા. ૯ ના રોજ બોટમાં જ ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી ત્યારબાદ જે તે સમયે પોલીસે એ. ડી. દાખલ કરી વધુ તપાસ આરંભી હતી બાદ આ બનાવમાં મૃતકના પુત્ર જયેશભાઈ સોમાભાઈ ચૌહાણ દ્વારા દિનેશ ભાલીયા, બોટના ટંડેલ ધીરૂભાઈ, ધીરૂભાઈનો ભત્રીજો, બોટના માલિક ફૈઝાન નુરુભાઈ અને મેતાજી જમાલભાઈ સહિતના શખ્સો સામે ઓખા મરીન પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે જેમાં આ શખ્સો સોમાભાઈને અસહ્ય ત્રાસ આપતા હોય જે સહન નહીં થતાં આખરે તેઓએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું ફરિયાદમાં જણાવવામાં આવતા પી.એસ.આઇ. કે.એમ. જાડેજા સહિતનો પોલીસ સ્ટાફ જીણવટભરી તપાસ ચલાવી રહ્યો છે.

## જામનગરમાં સામાન્ય બાબતમાં તલવાર, પાઈપથી હુમલા કાર્યની બંને પક્ષે ફરિયાદ

જામનગર : જામનગર શહેરના ગુલાબનગર વિસ્તારમાં લક્કી હોટલ પાસે ચા પીવાના મામલે થયેલી બોલાચાલી બાદ બે પક્ષ વચ્ચે થયેલા ઝઘડામાં સિટી- બી પોલીસમાં સામસામે ફરિયાદ નોંધાઈ છે. બંને પક્ષે એકબીજા સામે મારામારી, ગાળો અને જાનથી મારી નાખવાની ધમકીના આક્ષેપો કરવામાં આવ્યા છે.

જામનગર નજીક મોરકંડા રોડ રબાની પાર્ક વિસ્તારમાં રહેતા હાજીભાઈ અયુબભાઈ ખફી પોતાના મિત્રો શકીલ અને કાસમ સાથે સ્કોર્પિયો કારમાં ગુલાબનગરની લક્કી હોટલ પાસે ચા પીવા ગયા હતા. ચા અને સિગારેટ માંગવાના મુદ્દે શાહરૂખ સાથે બોલાચાલી થતાં તેઓ ત્યાંથી નીકળી ગયા હતા. બાદમાં ઈન્ડિયન પેટ્રોલ પંપ પાસે ઊભા હતા ત્યારે આરોપીઓ કારમાં આવી પહોંચ્યા હતા. જેમાં

એક આરોપી તલવાર લઈને આવ્યો હતો અને હુમલો કરતાં ફરિયાદીએ હાથથી બચાવ કરતા ડાબી હથેળીમાં ઈજા થઈ હતી. અન્ય આરોપીએ લોખંડના પાઈપ વડે ફરિયાદીની સ્કોર્પિયો કારના કાચ અને બોનેટના કાચમાં ઘા મારી નુકસાન કર્યું હતું. ફરિયાદીના મિત્રો સાથે પણ ઢીકાપાટુની મારામારી કરાઈ હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ હજીભાઈને આરઝુ હોટલ પાસે લઈ જવાયો હતો, જ્યાં હનીફ નામના વ્યક્તિએ પણ લાકડાના ધોકાથી ખભા તથા પગમાં ઘા મારવામાં આવતા ડાબા હાથની હથેળીમાં ચાર ટાંકા આવ્યા હોવાનું જણાવાયું છે. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

જ્યારે સામે પક્ષે શાહરૂખ અબ્દુલભાઈ હમીરાણીએ હાજીભાઈ અયુબભાઈ ખફી સામે વળતી ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા મુજબ હાજીભાઈ સ્કોર્પિયો કાર લઈને ચાની દુકાને આવ્યા હતા અને બે દિવસ અગાઉ થાર કાર લઈને જતા સમયે કતરાઈને જોવાના મુદ્દે બોલાચાલી કરી હતી. બાદમાં ગાળો આપી ચાના થડા પર પડેલા ખાલી કાચના ગ્લાસના ઘા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. આ બનાવમાં બંને પક્ષે સામસામે ફરિયાદ નોંધાવતા સિટી-બી પોલીસે બંને ફરિયાદના આધારે અલગ-અલગ ગુના નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડમાં ફરી દૂધમાં ભેળસેળનો ચોંકાવનારો ખેલનો પર્દાફાશ

**૧૨૦૦ લીટર શંકાસ્પદ દુધ, ૭૫ કિલો વનસ્પતી ઘી અને ૭૫ કિલો દુધ પાવડર ગટરમાં વ્હાવી દેવાયો : નમૂના લેબોરેટરીમાં મોકલાયા**



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાંથી વધૂ એક વખત સફેદ દૂધમાં ભેળસેળનો કાળો કારોબાર ઉઘાડો પડતાં ચકચાર મચી ગઈ છે. એસઓજી પોલીસે કાલાવડમાંથી શંકાસ્પદ ભેળસેળયુકત દુધ બનાવતી ડેરીના સ્થળે દરોડો પાડી ૧૨૦૦ લિટર શંકાસ્પદ ભેળસેળયુકત દુધ, વનસ્પતી ઘી અને દુધ બનાવવાનો પાવડર સહિતનો જથ્થો જપ્ત કરી ગટરમાં વહાવી દીધો હતો.

જામનગર જિલ્લામાં ખાદ્યચીજ-વસ્તુઓમાં ભેળસેળના ધંધા આચરતા શખ્સો સામે કડક કાર્યવાહીની ઉચ્ચકક્ષાએથી સૂચના બાદ એસઓજી પોલીસે કાલાવડમાં બાતમીના આધારે દરોડો પડ્યો હતો જ્યાં કાલાવડ શિતળા માતાજીના મંદિર પાસે કપુરીયાના કાંઠે રહેતા દુધના ધંધાર્થી કાનજી ઉર્ફ કાનો દેપાળભાઈ માલાણી (રહે.જાલાસણ ગામ, તા.કાલાવડ) ના ઘરે તપાસ હાથ ધરતા આરોપીના રહેણાંક મકાને ભેળસેળયુક્ત દુધ બનાવવાનું ચાલુ હોવાનો પર્દાફાશ થયો હતો.

જ્યાં સ્થળ પરથી પોલીસે ૧૨૦૦ લીટર શંકાસ્પદ દુધ ઉપરાંત ૭૫ કિલો વનસ્પતી ઘી અને ૭૫ કિલો દુધ બનાવવાનો પાવડર જપ્ત કર્યો હતો. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ચકચાર મચી ગઈ છે. નમૂના લઈને લેબોરેટરી ખાતે મોકલાયા બાદ તેના રિપોર્ટ આવ્યે આરોપી સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પોલીસ દ્વારા ફુડ સેફટી વિભાગના અધિકારીઓને જાણ કરતા ફુડ સેફટી ઓફીસર (એફ.એસ.ઓ.) સહિતની ટીમ દોડી આવી હતી. જ્યાંથી શંકાસ્પદ દુધના સેમ્પલો લઇ શંકાસ્પદ ભેળસેળયુકત બનાવટી દુધના પૃથક્કરણ અર્થે લેબોરેટરી મોકલી દેવામાં આવ્યા છે અને દૂધ તથા વેજીટેબલ ઘી તથા દુધ બનાવવાનો પાવડરનો ફુડ સેફટી ઓફીસર દ્વારા નાશ કરાવવામાં આવ્યો હતો.

કાલાવડ પંથકમાં વર્ષોથી દૂધનો જથ્થો અને ફેટ વધારવા માટે અમુક શખ્સો આ પ્રકારની પ્રવૃત્તિ કરી રહ્યા છે. ચોખ્ખા દૂધના જથ્થામાં વનસ્પતિ ઘી અને મિલ્ક પાવડર તથા પાણી ભેળવીને જથ્થો વધારી જનઆરોગ્ય સાથે ખુલ્લે આમ ચેડા કરી રહ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.